રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈ તાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## પૂ. મોરારિબાપુની ટ્રોમસો-નોર્વેમાં યોજાયેલ રામકથામાં લોકભારતી...



૯૩૯મી રામકથા

તા. ૦૬-૦૭-૨૦૨૪થી તા. ૧૪-૦૭-૨૦૨૪

વર્ષ: ૭૮ અંક : ૦૧ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪

# ગુરુપૂર્ણિમાની થયેલી ભાવસભર ઉજવણી




લોકભારતી ગ્રામવિદ્યાપીઠ : મુખ્ય વકતાશ્રી ભદ્રાયુભાઈ વછરાજાની




ગ્રામદક્ષિણામૂર્તિ- આંબલા : મુખ્ય વકતાશ્રી વિશ્વાનંદ માતાજી




ગ્રામદક્ષિણામૂર્તિ- મણાર : મુખ્ય વક્તાશ્રી મનહરભાઈ ઠાકર




પંડિત સુખલાલજી લોકવિદ્યાલય- માઈધાર : મુખ્ય વકતાશ્રી બળવંતભાઈ તેજાણી

સોનલ પરીખ

# કોડિયું

વર્ષ : ૭૮ ઓગસ્ટ: ૨૦૨૪ અંક : ૦૧

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **સંસ્થા કોના હાથમાં?**<br>નાનાભાઈ ભટ્ટ | ...૦૬ |
| ૦૨ | **શરીરશ્રમ જરૂરી છે**<br>વિનોબા ભાવે | ...૦૭ |
| ૦૩ | **બાળકોની કેળવણી...**<br>મનુભાઈ પંચોળી | ...૦૮ |
| ૦૪ | **વૃક્ષો ઈશ્વરનાં એલચી...**<br>ગુણવંત શાહ | ...૦૯ |
| ૦૫ | **પંખીલોક**<br>મણિલાલ હ. પટેલ | ...૧૦ |
| ૦૬ | **લોકભારતીના કર્મઠ કાર્યકર : કર્મયોગી શ્રી જિતેન્દ્રસિંહજી ગોહિલ**<br>અરુણ દવે | ...૧૨ |
| ૦૭ | **કારગિલ યુદ્ધનો અભિમન્યુ**<br>પારસકુમાર | ...૧૪ |
| ૦૮ | **કથા આશા અને વિકાસની : બપોરનો સમય હતો.**<br>બિંદુ- પાર્થેશ | ...૧૬ |
| ૦૯ | **જટાયુ**<br>વિશાલ જોશી | ...૧૯ |
| ૧૦ | **ગુરુજીનો મહિમા**<br>ભદ્રાયુ વછરાજાની | ...૨૧ |
| ૧૧ | **શ્રદ્ધાંજલિઃ લોકભારતી વિસ્તરણકાર્યના પ્રાણ શ્રી મનુભાઈ ઝાલાવાડિયા**<br>પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર | ...૨૫ |
| ૧૨ | **ભારતભૂમિની ઊર્જાવાન નારી : મલ્લમ્મા**<br>ટીના દોશી | ...૨૬ |
| ૧૩ | **ગાંધી ધબકાર : યુવાન ગાંધીની ઠંડી અને મક્કમ તાકાત**<br>સોનલ પરીખ | ...૨૯ |
| ૧૪ | **મારી માને કેવું લાગે?**<br>વિશાલ ભાદાણી | ...૩૧ |
| ૧૫ | **લોકભારતી અને તેની પરોઢ**<br>ડૉ. દિનુ ચુડાસમા | ...૩૨ |
| ૧૬ | **જગતનો તાત : ખેડૂત**<br>ડૉ. સંજય આર. તલસાણીયા | ...૩૪ |
| ૧૭ | **સામૂહિક ચેતના**<br>ભાણદેવજી | ...૩૬ |
| ૧૮ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૩૭ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

આપણે જાણીએ છીએ તેમ વિશ્વમાં કુલ સાત ખંડ આવેલા છે. આ સાત ખંડોમાં કુલ ૧૯૫ દેશો આવેલા છે. યુરોપ ખંડનું નામ સેમેટિક ભાષાના શબ્દ Erbi એટલે કે 'સૂર્યાસ્તનો પ્રદેશ' પરથી પડાયું છે. યુરોપખંડમાં અસંખ્ય દ્વીપકલ્પો, અખાતો,ખાડીઓ,ઉપસાગરો અને પર્વતમાળાઓ આવેલી છે. એકાદ કરોડ ચો.કિમી.નો વિસ્તાર ધરાવતા યુરોપખંડમાં ૪૫ દેશોમાં પંચોતેર કરોડ જેટલી વસ્તી વિશ્વની પ્રથમકક્ષાની જીવનની પ્રસન્નતા માણતી જીવી રહી છે. આધુનિક વિશ્વને ઘડનારી ટેકનોલોજી, વિચારો, સંશોધનો, કલા, રમત-ગમત, રસાયણો, આરોગ્ય સેવા, શિક્ષણ, સ્વચ્છતા સુઘડતા, પરિવહન, અત્તરો, ફળ-ફૂલો, બ્યૂટિફીકેશન, સ્થાપત્યો, ફેશન અને મ્યૂઝિયમોથી સભર યુરોપને પાશ્ચાત્ય સંસ્કૃતિનું ઉદ્‌ગમસ્થાન અને કળા-સંસ્કૃતિનું પિયર ગણવામાં આવે છે. સંસ્કૃતિ, શિક્ષણ,ભૌગોલિક સ્થિતિ અને રાત-દિવસની રોમાંચક ઘટમાળાના કારણે પર્યટકો માટે યુરોપ કાયમ આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. યુરોપના દેશોએ અમલમાં મૂકેલ અધિકૃત ચલણ 'યુરો' છે. એક યુરો બરાબર ૮૯.૪૦ રૂપિયા થાય છે.

ઉત્તર યુરોપના સ્કેન્ડિનેવિયન દ્વીપકલ્પમાં આવેલો ઉત્તર ધ્રુવિય પ્રદેશના પ્રવેશદ્વાર સમો આ ટચુકડો દેશ નોર્વે સ્વર્ગના ટુકડાથી ઓળખાય છે. પચાસ હજારથી પણ વધારે ટાપુઓ ધરાવતો નોર્વે અસંખ્ય સાંકડી ખીણો વચ્ચેના દરિયાઈ પાણીથી બનતા દ્રશ્યમાન અખાતોથી અને લીલીછમ પહાડીઓથી છવાયેલો છે. અદ્રશ્ય આર્કિટિકલ નોર્વેના એવા બે ભાગ પાડે છે કે જેના કારણે અલૌકિક ભૌગોલિક ઘટનાઓ સર્જાતી રહે છે. 'મધ્યરાત્રીના સૂર્યપ્રદેશ'થી જાણીતા નોર્વેમાં ઉનાળામાં બે માસ સતત સૂર્યપ્રકાશ રહે છે. જયારે શિયાળામાં બે માસ સૂર્ય ડોકાતો જ નથી, ઘનઘોર રાત્રી. ચારેક લાખ ચો.કિમી.ના વિસ્તારમાં ૫૫ લાખની વસ્તી ધરાવતા નોર્વેમાં દસેક હજાર ભારતીય લોકો વસે છે. એકંદરે નોર્વેનો પ્રવાસ અતિ ખર્ચાળ હોવાથી પર્યટકોની સંખ્યા પ્રમાણમાં ઓછી રહે છે. સમયની દષ્ટિએ નોર્વે ભારતથી સાડા ત્રણ કલાક આગળ છે અને જુલાઈ માસમાં સરેરાશ તાપમાન ૧૩થી ૧૮ સેન્ટિગ્રેટ જેવું રહે છે.

ભાવનગરથી અંદાજિત ૭ હજાર કિ.મી.ના અંતરે આવેલ નોર્વે મોર્ડનઆર્ટથી લઈને પ્રાકૃતિક સૌંદર્યનો અખૂટ ખજાનો ધરાવે છે. અહીંના પ્રકૃતિરાગી માનવોથી સર્જિત અને કુદરતની રમણીયતાથી સભર અલૌકિક-રોમાંચક સ્થળો છે. નોર્વેમાં એવી અકલ્પનીય ઘટનાઓ બને છે કે જો જોનારની દષ્ટિ, સમજ અને વિવેક ભરોસાથી ભરપૂર હોય તો તે જગતદર્શન અને જીવનદર્શન બંનેની એક સાથે અનુભૂતિ પામી શકે, સર્જનહારની ભવ્યતા અને દિવ્યતાને આત્મસાત્ કરી, આ ફેરાની આધ્યાત્મિક સફર કર્યાનો ચિરંજીવ અનુભવ મેળવી શકે છે.

તા. ૪થી ૧૭ જુલાઈ દરમિયાન આવા નોર્વે દેશના વિશ્વવિખ્યાત શહેર ટ્રોમસોને મનભરીને માણી આવ્યા. પૂ.મોરારિબાપુની વાત્સલ્યભરી કૃપાથી અમે ૯૩૯મી રામકથાની પ્રસાદીરૂપ ભરોસાને પીઈ આવ્યા.

બાપુએ લોકભારતીને વારંવાર વ્યાસપીઠ ઉપર યાદ કરી તેથી લોકભારતી વિશ્વફલક પર પોંખાઈ ગઈ. અનેક નવા સંબંધો બંધાયા અને અનેક શુભેચ્છકો વધ્યા. નોર્વે દેશ અને પૂ.બાપુનું સાનિધ્ય અમારા માટે જીવનભરનું સંભારણું બની રહ્યું.

વળી પૂ. બાપુએ લોકભારતીને લોકતીર્થ તરીકે ઓળખાવીને પોતીકિ સંસ્થા તરીકે ગણાવી છે ત્યારે હવે પૂ.બાપુના બધા ફલાવર્સ પણ લોકભારતીને પોતાની ગણશે. આવા પોતીકા સ્વજનો, બાપુના ફલાવર્સ લોકભારતીની સૌરભને વૈશ્વિક ફલક પર પ્રસારશે. એ ઘટના લોકભરતીત્વને ઉજાગર કરનારું પ્રેરક પરિમાણ બની રહેશે.

— [signature]

## ૦૧ સંસ્થા કોના હાથમાં?

**નાનાભાઈ ભટ્ટ**

---

આપણી સંસ્થાઓનો સૌથી મોટો પ્રશ્ન તો 'સંસ્થા કોના હાથમાં?' એ છે આવી સંસ્થાઓ સરકારના અંકુશ તળે તો નથી એટલે આવા અંકુશનું એકધણીપણું તેમાં નથી આવતું. ત્યારે સંસ્થા કોની? શિક્ષકોની કે માબાપોની, કમિટીની કે પ્રજાની, કોની? તેનો જવાબ આપવો સહેલો નથી. આવી સંસ્થાઓમાં ઘણીવાર તો કોર્ટમાં રજીસ્ટર કરેલાં બંધારણ વગેરે હોય છે એટલે સંસ્થાઓ બંધારણ પ્રમાણે ચાલ્યે જાય છે અને સંસ્થા કાગળ પર તો વ્યવસ્થાપક મંડળની હોય છે; પરંતુ કેટલીકવાર તો આવું મંડળ નિર્જીવ વસ્તુ હોય છે અને માત્ર આજના બંધારણના પવનથી જ તેનું મંડળ નભ્યે જાય છે. કેટલાંક સ્થળોએ સંસ્થાઓમાં આજીવન સભ્યો હોય છે અને તેઓએ સંસ્થાને ચરણે પોતાની સેવા અર્પી હોય છે એટલે સંસ્થાનો ઘણો ખરો વહીવટ અનાયાસે તેઓના હાથમાં આવી જાય છે. જ્યાં આવી વ્યવસ્થા નથી હોતી ત્યાં કામ કરનારાઓ વચ્ચે અને વ્યવસ્થાપકો વચ્ચે નિરંતર ખખડાટ થયા જ કરે છે અને સંયુક્ત કુટુંબના કલહની માફક એકાદ જણ મરે ત્યારે તેનો થોડો વખત પણ અંત આવે છે.

સિદ્ધાંતથી તો જેઓને સંસ્થામાં પૂરતું મમત્વ હોય, જેઓના સુખ દુઃખ સંસ્થાના સુખ દુઃખ સાથે એક થઈ ગયાં હોય, સંસ્થાના છાંયા તડકા જેમના છાંયા તડકા થયા હોય કે થવાના હોય તેવા ભાઈઓના હાથમાં જ સંસ્થાની આખરી સત્તા હોવી જોઈએ. નાનામાં નાની સેવા કરીને મોટામાં મોટી સત્તા ભોગવવા ઇચ્છતા માણસને સંસ્થામાં સ્થાન ન મળવું જોઈએ. કોઈ જગ્યાએ આવું મમત્વ એક માણસમાં હોય છે તો કોઈ જગ્યાએ એક મંડળમાં પણ હોય છે, પરંતુ જેઓનું જીવન સંસ્થા સાથે એક થઈ ગયું હોય અથવા તો આચાર્ય કૃપાલાનીના શબ્દોમાં બોલું તો બીજા બધા વ્યવહાર પૂરતા ફાંસીના લાકડે જેઓ લટકી ચૂક્યા હોય અને માત્ર સંસ્થા પૂરતા જ જીવતા હોય તેઓના હાથમાં સંસ્થાનું સૂકાન હોવું જોઈએ. અલબત્ત આ માણસો પોતાની સત્તાને પચાવી શકે એવા પેટવાળા નહીં હોય તો સંસ્થા આપો જ બંધ થશે, પરંતુ સત્તા ન સત્તાના આખા પ્રશ્ન પાછળ સંસ્થાના મુખીનો પ્રશ્ન ઊભો છે. જે મનુષ્યના દિલમાં સંસ્થાની અસ્મિતા વધારે પ્રમાણમાં જાગૃત હોય છે, એ મુખી થવાને લાયક છે એ તો વિના કહ્યે પણ સમજાય તેવું છે. પરંતુ આવી સંસ્થાનો મૂખી એ હિંદુ સંસારના સંયુક્ત કુટુંબના મુખી જેવો જોઈએ. મા અને બાપ એ કુટુંબના થડ ગણાય. તેમના ગયા પછી સંયુક્ત કુટુંબનો ભાર મોટાભાઈ પર આવે છે. ત્યારે માબાપની તટસ્થતાની પ્રતિષ્ઠા મોટાભાઈને એમને એમ નથી મળતી, એ મેળવવા માટે તો તેણે તપ કરવું પડે છે. ઘરમાં તો સો રાગ હોયઃ ભાઈઓ પોતપોતાનું ખેંચે, દેરાણી અને જેઠાણીનાં હાંડલાં તો રોજ ખખડે, એવા વખતે જો મોટાભાઈ પક્ષપાતથી અલિપ્ત રહી શકે અને તદ્દન તટસ્થતાપૂર્વક વિચાર કરી શકે તો જ આવું કુટુંબ ચલાવી શકે. હજીયે બીજા ભાઈઓ પોતાનું ડિંડિમ વગાડયે રાખે પરંતુ આ કુટુંબનો મુખી તો પોતાના તંબુરાના બધા તાર જોડીને જ મુખી થાય એટલે તેનો આખા કુટુંબથી જુદો સૂર ન જ હોય. કેળવણીની સંસ્થાના કાર્યવાહકોના દિલમાં જે માણસનો મુખી તરીકે વાસ નથી તે માણસે મુખી થવું નહીં; અને થતો હોય તો પણ જયારે પોતાને ખબર પડે ત્યારે આ સ્થાન ખાલી કરી જવું. આપણી સંસ્થાઓમાં આવા મુખીઓ આપણને ઓછા મળે છે. એટલે કેટલીક વાર સંસ્થાઓ તોફાને ચડે છે અને શુંનું શું થઈ રહે છે.

પુસ્તક : 'નઈ તાલીમ : અભિનવ જીવનદર્શન'- નાનાભાઈ ભટ્ટ-પૃષ્ઠ : ૩૬૩-૬૪

પ્રાપ્તિસ્થાનઃ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ - સણોસરા

## ૦૨ શરીરશ્રમ જરૂરી છે

**વિનોબા ભાવે**

---

મેં વીસ વર્ષો સુધી શરીરશ્રમ કર્યો છે. એટલે હું હવે ચોક્કસપણે કહી શકું છું કે શરીરશ્રમથી ઇન્દ્રિય-સંયમમાં મદદ મળે છે. જેમને બ્રહ્મચર્ય પાળવું છે. તેમણે કોદાળી લઈને ખેતરમાં એક-બે કલાક ખોદવું જોઈએ. આખા દિવસમાં એટલો થાક લગાડવો કે રાતે ઊંઘ અનિવાર્ય થઈ પડે અને થાય કે ક્યારે પથારીમાં જઈને પડું ! જો દિવસ આળસમાં વીતે તો તેને સારી ઊંઘ આવે જ નહીં.

બ્રહ્મચર્ય માટે ઉત્તમ નિદ્રા એ ભારે મોટું સાધન છે અને ઉત્તમ નિદ્રા માટે સર્વોત્તમ સાધન છે- દિવસભર કામ! પરંતુ માત્ર શરીરને જ કષ્ટ આપનારું કામ ન ચાલે, શારીરિક-માનસિક બંને શ્રમ જોઈએ. વધારે પડતા શારીરિક શ્રમથી પણ ઊંઘ નથી આવતી, શ્રમ ઓછો હોય તો પણ ન આવે. આવું જ માનસિક પરિશ્રમ માટે છે. એટલે બંને શ્રમ સંતુલિત હોવા જોઈએ. રાતે ઉત્તમ ઊંઘ આવે તે માટે આ જ ઉપાય છે. બાકી તો ઈશ્વરની કૃપા અને સત્સંગતિ દ્વારા જ થશે.

જે માણસ પરસેવાનો રોટલો ખાય તે ધર્મપુરુષ બની જાય છે. એના જીવનમાં પાપ સહેલાઈથી દાખલ ન થઈ શકે. દિવસભર કામ કર્યું તો રાતે ગાઢ ઊંઘ આવી જાય છે. ન દિવસે પાપ કરવાનો સમય મળે, ન રાતે કશું એવું સૂઝે, કારણ કે થાકેલા પાકેલા શરીરને તો આરામ જ જોઈએ. જે જીવનમાં પાપ અંગે વિચારવાનો કશો અવકાશ જ ન હોય, એ ધાર્મિક જીવન હોય છે.

જયારે માણસ આખો દિવસ સુંદર કામ કરીને છેવટે થાકી ગયો હોય, જે-તે કામમાં એ ડૂબી ગયો હોય, એના ચિત્ત પર બીજો કોઈ ભાર ન હોય તો રાતે પથારીમાં પડતાં જ એનું ચિત્ત આપોઆપ એકાગ્ર થઈ જાય છે, એને આમ તેમ ભટકવાની ઇચ્છા જ નથી થતી. આમ એની થોડી જ વારમાં આંખો મળી જાય છે. પરંતુ આજે તો આખા સમાજમાં શરીરશ્રમમાંથી બચવાની પ્રવૃત્તિ ચાલે છે. શારીરિક શ્રમની વાત આવે તો આપણે કહીએ છીએ- 'એમ વળી નાહક સમય શા માટે વેડફવો? આપણે શા માટે કામ કરીએ? શરીરને નકામું કષ્ટ શા માટે આપવું? આપણે માનસિક શ્રમ કરીએ તે પૂરતો છે.' અરે ભલા માણસ ! માનસિક કામ કરે છે તો ખાવાનું અને ઊંઘવાનું પણ માનસિક જ કરી લે ને ! મનોમય ઊંઘ અને મનોમય ભોજનની યોજના બનાવી લો ને !

નિદ્રા સાચે જ, પવિત્ર વસ્તુ છે. સેવા કરીને થાકતા સાધુ સંતોની નિદ્રા એક યોગ જ છે. નિદ્રા ઊંડી સઘન હોવી જોઈએ. નિદ્રાનું મહત્ત્વ એની લંબાઈ, પહોળાઈ પર નથી. પથારી કેટલી લાંબી-પહોળી હતી અને માણસ એના પર કેટલો વખત આડો પડયો રહ્યો - એના પર નિદ્રાનો આધાર નથી. કૂવો જેટલો ઊંડો હશે, એટલું એનું પાણી ચોખ્ખું અને મીઠું હશે. એ જ રીતે ઊંઘ ભલે થોડી હોય, પણ જો એ ઊંડી ગાઢ હશે તો એનાથી મોટું કામ પાર પડશે. લાંબી ઊંઘ છેવટે હિતકારી જ હોય તેવું ન કહી શકાય. માદો માણસ ચોવીસે કલાક પથારી પર પડયો રહે છે. પથારી સાથે લાંબો સહવાસ, પણ ઊંઘ સાથે ઘડીનો પણ નહીં. એટલે સાચી નિદ્રા તો એ જ, જે ઊંડી અને નિઃસ્વપ્ન હોય.

# ૦૩ બાળકોની કેળવણી...

**મનુભાઈ પંચોળી**

ભણાવવા કરતાં 'કેળવવાં' શબ્દ વધારે સારો છે. આપણા કોશમાંથી 'ભણાવવું' શબ્દ આપણે કાઢી નાખવો જોઈએ. આપણે બાળકોને કેળવવાં છે. ભણાવી શકાય તો તે 'વિષય' કવિતા,ગણિત,ઈતિહાસ ભણાવી શકાય. પણ આપણે તો બાળકોને કેળવવાં છે. આજકાલ તો માબાપ છોકરાંને ભણાવીને ધન્યતા અનુભવતા થઈ ગયા છે. કોઈને ત્યાં જઈએ તો કહેશે,'અમારો બાબો બહુ હોશિયાર હો કે! આવ તો બાબા, અહિ આવ, એ કોન્વેટમાં જાય છે હં કે ! અરે બાબા, પેલી તારી પોએમ સંભળાવ ને !'

હું ઘણુંય કીધા કરું કે ભાઈ, સંભળાવવાની કાંઈ જરૂર નથી. એને રમવા જવા દો. પણ પેલા માબાપને તો એવું શૂરાતન ચઢયું હોય કે પ્રદર્શન વગર જાણે તેમને ચેન જ નહીં. બાળકો તો જાણે સંગ્રહસ્થાનની કોઈ પ્રદર્શનીય ચીજ! છેવટે બાળકને ગાયે જ છૂટકો ! Twinkle Twinkle, little stars ! શરૂ થાય. શું છે આ બધું? સાત વર્ષ સુધી ભણવાનું કેવું? ત્યાં સુધી તો કેવળ કેળવણી જ ચાલે. કેળવણી એટલે બાળકમાં રહેલી સારી શકિતને ઉંમરના પ્રમાણમાં પ્રગટ થવા દેવાની અનુકૂળતા આપવી તે. પછી એ ઊગશે તો આપમેળે જ.

ત્યારે હું પ્રાથમિક શાળામાં ભણાવતો પાંચમા-છઠ્ઠા ધોરણમાં પ્રેમાનંદનું 'સુદામાચરિત' શીખવતો, હું તો કવિતા લલકારતો છોકરાંઓને એવા ઊંડા ઈતિહાસમાં લઈ ગયો કે સમયનું ભાન પણ ના રહ્યું અને કયારે નાનાભાઈ આવીને બેસી ગયા તેનું ઓહાણ પણ ના રહ્યું. વર્ગ પૂરો થયો પછી નાનાભાઈ કહે, 'મનુભાઈ, તમે સારું ભણાવ્યું, પણ છોકરાંઓને આટલું બધું ન ભણાવવું જોઈએ. આગળ માટે કાંઈક બાકી રાખવું જોઈએ ને? તમે સારા શિક્ષક નથી, કારણ કે તમે બધું ઠાલવી દો છો !'

આજે પણ મારા કાનમાં નાનાભાઈના શબ્દો ગુંજે છે. સાત વર્ષ પછીનાં ભણતરમાં મૂળભૂત તફાવત છે. નાના બાળકો ઈન્દ્રિયો દ્વારા શીખે છે, ભાષાજ્ઞાન દ્વારા નહિ. બાળકને Symbol સંજ્ઞા ન ચાલે, તેને તો પ્રત્યક્ષ મૂળ ચીજ જોઈએ. આ જગત જેના થકી બન્યું છે તે રસ, રૂપ, ગંધ, રંગ, વર્ણ વગેરેને એ પોતાની સગી ઇન્દ્રિયોથી સમજવા માગે છે, અનુભવવા માગે છે, સૃષ્ટિનાં પશુ, પંખી, જીવજંતુ, સાથે એ આત્મસાત્ થવા ઝંખે છે. આ જગતમાં વિવિધ સૂક્ષ્મ શ્રેણીઓ પડેલી છે. કોલાહલથી માંડીને ખાન અબ્દુલ કરીમખાંના સંગીત સુધીની શ્રેણીબદ્ધતા અવકાશમાં વેરાયેલી છે. આવું જ રૂપ, રંગ, વર્ણનું. આ બધું બાળકને આત્મસાત્ કરવા દો. માને 'મધર' કે 'મમ્મી' કહેવાય, એ વાત એ મોડી શીખશે તો કશું ગુમાવવાનો નથી, પણ જો જગત સાથેનું અનુસંધાન બાળપણમાં નહિ કેળવાયું તો પથ્થર જેવો થઈને ઊભો રહેશે, એટલે બાળકને બાળપણમાં અનુભવવા દો. બાળક અનુભવથી જ શીખવા માગે છે. કોઈપણ ચીજ તે મોંમાં નાખે છે તો તે જાણવા માગે છે કે આ શું છે? સાવ શીશુ અવસ્થામાં બાળક ધાવતાં માની છાતી પર કે બીજે હાથ ફેરવતું રહે છે. એ ઓળખવા માગે છે. એની પાસે સ્પર્શની ભાષા છે. એ દ્વારા તે જાણે છે કે આ મારી મા છે, મને પોષનારી, સ્પર્શ દ્વારા એના જીવનમાં એક સમજણ ઊભી થાય છે. આ વાત જે મા નથી સમજતી, તે પોતાના બાળકને કદી સમજી જ નહિ શકે. એટલે બાળકમાં આપણે બાળકને ઇન્દ્રિયગત અનુભવ આપવાનો છે. એનું પહેલું કેન્દ્ર છે માબાપ. ત્યાર પછી ભાઈભાંડુ, આંગણું, વનસ્પતિ, શેરી એમ ક્રમ આગળ વધે છે.

પુસ્તકઃ 'વિશ્વશાંતિની ગુરુકિલ્લી'- 'દર્શક' પૃષ્ઠઃ ૬-૭

પ્રાપ્તિસ્થાનઃ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ - સણોસરા અને નવજીવન - અમદાવાદ

## ૦૪ વૃક્ષો ઈશ્વરનાં એલચી...

**ગુણવંત શાહ**

---

પ્રકૃતિમાતાના અત્યંત સુંદર સર્જન તરીકે હું વૃક્ષને નિહાળું છું. વૃક્ષની પૂજા કે વૃક્ષનો આદર કરવાની પરંપરા લગભગ બધાં ધર્મોમાં છે. પ્રકૃતિને આદરપૂર્વક નીરખવી એ પણ પ્રાર્થના જ છે. દિવસના ઘણા કલાકો વૃક્ષોને સથવારે વીતે છે. વૃક્ષો ઈશ્વરનાં એલચી જેવાં દીસે છે. જે ભલામણ આપણે સીધી ઈશ્વરને નથી પહોંચાડી શકતાં તે ભલામણ વૃક્ષોને કરી શકાય. તેઓ કયારેક આપણી ભલામણ ઈશ્વરને પહોંચાડશે એવી દિવ્ય લાગવગમાં આપણને શ્રદ્ધા હોવી જોઈએ. વૃક્ષત્વ અને મનુષ્યત્વ સાથોસાથ ખીલે તેમાં જ ધરતીની શોભા છે. ચંદ્રયાત્રાના બળતણનો ખર્ચ માંડ આઠ ડોલર હશે! આ વાંચીને કોઈકે મને પૂછયુંઃ 'ભાડું સસ્તું હોય તો તમે ચંદ્ર પર જશો ખરા? '

મેં કહ્યુંઃ 'કદી નહીં. કારણ? કારણ એ જ કે ચંદ્ર પર વૃક્ષો નથી.'

પ્રાણવાન વૃક્ષ માણસોમાં-સૃષ્ટિમાં પ્રાણ ઉમેરે છે. વૃક્ષને વિસ્મયપૂર્વક જોવાની ટેવ પડશે ત્યારે દુનિયામાં કયાંય ગરીબી નહીં હોય. વૃક્ષોનું માણસ વગર કશુંય ન અટકે, પરંતુ વૃક્ષો વગર તો માણસનું જીવન જ અટકી પડે. વૃક્ષો પાસે ગમે તેવા ઉગ્રતમ ઉષ્ણતામાન સામે,પાણીની અછત સામે અને વળી રેડિયો-એકિટવિટી સામે ટકી રહેવાની અદ્ભુત શકિત હોય છે. વૃક્ષો માનવમિત્ર બનીને સદીઓથી આપણને જાળવતા આવ્યાં છે. જો આપણે કોઈ વૃક્ષને ધ્યાનસ્થ ચિત્તે જોવાનું રાખીએ તો વૃક્ષની માતૃભાષા સમજાય તેમ બને વૃક્ષની માતૃભાષા મૌન છે.

વૃક્ષનું ઊગવું એ એના અસ્તિત્વના પ્રફુલ્લનની પ્રક્રિયા છે અને એની અંદર પડેલી ચેતનાનો વિસ્તાર છે. પ્રત્યેક વૃક્ષ લીલું તીર્થ છે અને પ્રત્યેક પાંદડું પ્રાણવાયુનું સર્જન કરે છે. જો ઓકિસજન સપ્લાય કરનારા વૃક્ષને કિલોદીઠ પૈસા ચૂકવવા પડતા હોત, તો પ્રત્યેક માણસ દેવાળિયો હોત. વૃક્ષમંદિરની છાયામાં ઊભેલો માણસ પ્રેમ કરી શકે, કાવતરું ન રચી શકે. વૃક્ષમંદિરની છાયામાં ધ્યાન થઈ શકે, ખૂન ન થઈ શકે. વૃક્ષમંદિરોની ભવ્યતા અને દિવ્યતા શાંતિદાતા છે. મારે ઘરે હવે દીકરાનો જન્મ થાય એ શકય નથી, બાકી હું જરૂર એનું નામ 'વૃક્ષ' રાખું !

સંસ્કારનગરી તેને કહેવાય જયાં સુંદર વૃક્ષોની સાથોસાથ સુંદર માનવીઓ પણ ઊગતા રહે. એક લીલું વૃક્ષ કપાતું હોય તે જોઈને માણસનો મૂડ બગડી જાય એવી સંવેદનશીલતા વ્યાપક બનશે તે દિવસે આ જગત પર યુદ્ધ નહીં હોય. વૃક્ષને સ્વસ્થ ચિત્તે નીરખતાં રહેવું એ પણ એક પ્રકારનો ભકિતયોગ જ ગણાય. સમગ્ર વિશ્વને મંદિરભાવે નિહાળવું એ પણ પ્રાર્થના જ ગણાય. પ્રકૃતિનો સથવારો પરમેશ્વરના સથવારાની ગરજ સારી શકે છે. પ્રત્યેક વૃક્ષને મંદિરનો દરજજો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી માણસે સિમેન્ટનાં મંદિરોથી ચલાવી લેવું પડવાનું.

વૃક્ષ વગર બોલ્યે આપણને મહાત્મા ગાંધીની માફક કહી દે : 'મારું જીવન એ જ મારો સંદેશ' જો આપણને જોતાં આવડી જાય તો પ્રત્યેક વૃક્ષ એક યુનિવર્સિટી બની જાય. જો આપણે જીવનને વહાલ કરીશું તો કદાચ જીવન પણ આપણને વહાલ કરશે.

વૃક્ષનો સંદેશ મૌન દ્વારા પામવો પડે. એ છે : આસનસે મત ડોલ. ઉત્ક્રાંતિના ક્રમમાં વૃક્ષો મનુષ્યથી કરોડો વર્ષ સિનિયર ગણાય. પ્રત્યેક વૃક્ષને સ્વજન તરીકે નિહાળવાનું શરૂ થાય તો યુદ્ધો અને હુલ્લડો અશકય બની જાય. લોકો કાગળ પર છપાયેલી ગીતા વાંચે છે પરંતુ પ્રકૃતિમાં છવાયેલી ગીતા વાંચવાનું ચૂકી જાય છે. પ્રત્યેક વૃક્ષ ગીતાના અઢારે અધ્યાયનો સાર પીઈને આપણી સમક્ષ ઊભું હોય છે.

'ટહુકો'
વડોદરું

મણિલાલ હ. પટેલ

છે, પંખીઓ હજી ગામ છોડીને- સીમખેતરો છોડીને ગયાં નથી, જોકે એમનાં આશ્રયસ્થાનો ઓછાં થઈ જવાથી એમનાં ટોળાં નાનાં થયાં છે ને ઊડાઊડ કે અવરજવર પાંખી પડી છે ખરી. આ કબૂતરો જ જુઓને! નહીં તો ગામડાંમાં તો કબૂતરોનો પાર નહીં; એય હવે માંડ આઠદસના જૂથમાં જોવા મળે છે. ચબૂતરો તૂટવા સાથે એમનાં સહવાસ સ્થળો બદલાયાં છે, પેલાં દેશી નળિયાવાળાં બબ્બે પડાળિયાં મોટાં ઘર હવે ક્યાં રહ્યાં છે? શિયાળામાં આ ઘર-પડાળે ને વચલા મોભારે કબૂતરોનાં જૂથ મીઠો તડકો માણતાં- રસાણે ચઢેલાં -દેખાતાં. એમના એ સહચાર સાંજસવારોમાં તોફાનમસ્તીવાળા રહેતા હતા. ઘરના કરામાં અને એનાં પડાળ - ભીંતોના વચગાળામાં રહેતાં કબૂતરો હવે જૂનાં ઘર તૂટતાં બેઘર બન્યાં છે જાણે! 'ધાબાવાળાં' પાકાં મકાનોમાં જાણે કબૂતરોને બેસવાની સગવડ નથી ત્યાં વસવાની તો વાત જ ક્યાં! ફળિયે જુવાર-બાજરીની ચણ નાખનારા દાદા, વૃદ્ધ વડીલો ગયા એટલે ફળિયાં પંખીઓથી હવે છલકાતાં નથી. અરે, એવાં ફળિયાં જ ક્યાં છે - જેની પડસાળોમાં પાણીની ઠીબો અને ચણનાં પાત્રો લટકતાં હોય! પડસાળો ગઈ ને ઠીબોય ગઈ. અરે, કૂવાય જૂના થયા ને પડ્યા કે પૂરાયા - કબૂતરો ક્યાં જઈને વસે? ત્યારે તો કૂવાની ભીતરી બખોલોની ઠંડકમાં એ નમણાં - નાજુક પારેવાં ઘૂઘૂ કરીને પ્રેમમંત્ર ઘૂંટ્યા કરતાં હતાં. હવે તો પાણી માટે 'બોર', 'હેન્ડપંપ' કે 'સબમર્સીબલ પંપ' આવી ગયા છે. ચકલીને ન્હાવાય પાણી ખોળવું પડે છે ને સંકોચશીલ હોલો-હોલી તો સૂનમૂન બેસી રહે છે. જયાંત્યાં પાણી અને મનગમતી ચણ હતી તે હવે નથી રહ્યાં. 'મારા વાડામાં બોલે બુલબુલ' ગાનારા કવિ પણ હવે ક્યાં રહ્યા છે !

ગામ તૂટ્યું ને વૃક્ષો કપાયાં. સીમમાં વૃક્ષોને નહેરનાં પાણી લાગ્યાં તે એય સૂકાયાં. ઝાડમાં 'લાકડું' જોનારા લોકો વધ્યા. ગામ ઉઘાડું પડી ગયું. લેલાંના ટોળાં તો ઘર- વાડાથી લઈને સીમ વગડો માથે લઈને હજીય કલકલાટ કરી મૂકતાં ઊઠે છે, પણ ચકલી-હોલા ઘટી ગયાં છે. અરે, ચિકચિકાટ કરી મૂકતી પીળી ચાંચવાળી કથ્થાઈ- કાળી કાબરોય ઓછી દેખાય છે, ચોટલા કાબર પણ ઘટી છે. હા, કાગડા છે. પણ ચરાના વડ ઉપર એમની સભાઓ હવે ભરાતી નથી. એક સામટા ભેગા થયેલા કાગડા કદીક જ જોવા મળે છે. એવી સંખ્યામાં એ ક્રાક્રા કરતા ટોળે વળતા. જ્યારે કોઈ 'કાગડાનું શબ'- જોતા. અમે કહેતા 'કાગડા લોકાચારે' મળ્યા છે. હવે એકસામટા કાગડાઓને લોકાચારે જતા જોવાનું સરળ સહજ કે આંખવગું નથી રહ્યું. ફળિયાની કોર ઉપર ઊભેલી બકમલીમડી ઉપર સાંજે ચકલીઓ ચીંચીંચીંના કોહરામ સાથે ભેગી થતી; નદીકાંઠાનાં ખેતરોમાં ફરીને સૂડાઓ પાદરને લીમડે મુકામ કરતા. મહાદેવ પાસેની આંબલી ઉપર કાબરો રાત ગાળવા મળતી. જાણે પંખીઓએ ઝાડવાં વહેંચી લીધાં હતાં ! એ વૃક્ષો કપાઈ જતાં પંખીઓ નોંધારાં થઈને ઊડી ગયાં છે. ગામ પંખીઓના કલરવોથી સ્વાભાવિક લાગતું હતું. હવે વધુ સમય સૂનમૂન લાગે છે. સીમમાંથી સાંજે વાડાની કણજીઓ ઉપર ઊડી આવતા ને રાત ગાળતા મોર હવે ક્યાં જતા હશે? કણજીઓ તો લાકડાં થઈ ગઈ છે. ગામ ટહૂકાઓ વિના પણ મજામાં રહેતું હશે? કેમ કરીને? રામ

જાણે !

હા, ખેતરોમાં હજી ટીંટોડીઓ 'વક્તીતી વક્તીતી' રટતી જીવતરની આશા બંધાવે છે. પણ તળાવનાં પાણી સાથે કમળ તો ગયાં; સાથે પેલી જળકૂકડીઓય ખપી ખૂટી! ઘર પાસેની ટેકરીઓનાં તેતર છેક વાડા સુધી આવી જતાં. ને જરાક અવાજ થતાં ફરુક કરતાં ઊડીને અમને છળાવી દેતાં. બંદૂકમાં તુવરના દાણા ભરીને બાપુ તેતરનો શિકાર કરતા - એમ દાદા વાતો કરતા. હવે તો છેક ખેતરોમાં જાઉં છું ને ટેકરીઓ પાસેનાં વાડ-પાન ફંફોસું છું ત્યારે ભાળવા મળે છે એકાદબે ગભરુ તેતરો ! ત્યારે તો સવારે સીમની 'વાટે લોટો ઢોળવા' નીકળતા અને વનલાવરીના અવાજો મનને ભરી દેતા. મરઘીથી જરાક નાની એવી વનલાવરી- એના પીછાં પરનાં ટપકાંની ભાત - જોવાની તાલાવેલી રહેતી. વનલાવરી નવી પેઢીને તો કાગળમાં ચિત્ર દોરીને બતાવવી પડશે એમ લાગે - સારસ હવે વિરલ થતાં જાય છે. ત્યારે તો અમારાં ખેતરોમાં અમે કામ કરતાં હોઈએ અને થોડેક દૂર આ સારસબેલડીઓ ચરતી હોય -ગમ્મત કરતી હોય. કેટકેટલાં યુગલો હતાં - ઊડે કે આકાશ ભરાઈ જતું ! એમની લાંબી ડોક આગળ અને એવા જ પાછળ ખેંચાતા લાંબા પગ, બે મોટી પાંખો અમને તો એ ઊડતાં વિમાનો લાગતાં. એમના મધુર રણકાદાર અવાજો તો રાત્રિના પ્રહરેપ્રહરે મહીસાગરના કાંઠાથી સંભળાયા કરતા. હવે તો ચારે દિશાની સીમ ફરતાંય એકાદબે સારસબેલડી માંડ જોવા મળે છે. ક્યાં ગયાં એ મહાકાવ્ય યુગનાં ઋષિમુનિઓને પણ પ્રિય એવાં નિર્દોષ પ્રેમાળ પંખીઓ !

ખેતરોના ક્યારાઓમાં પાણી ફરે છે ત્યારે થોડાં ઢેક અને બગલા આવી બેસે છે. લણણી થયેલાં ખેતરોમાં દીવાળીઘોડાઓ પૂંછડી હલાવતા ઊડે છે. કાળિયોકોશી પણ ફળિયેથી ખેતર સુધી આંટાફેરો મારતો ઊડે છે. જાણે કશાકનું 'સુપરવિઝન' કરતો રહે છે એ. હજી પૂંછડીની સળી હલાવતા પતરંગા હવામાં સેલ્લારા લે છે. ને ઊડતાંવેંત પીંછાંના અંદરના રંગોથી આભને - સીમને છાંટી દેતાં ચાસ વીજળીની તારલાઈનો ઉપર મૂંગાં મૂંગાં બેસી રહે છે. ક્યાંક કલકલિયો તારસ્વરે બોલે છે. શિશિર ઊતરતાં કંસારા બોલે છે પણ દેખાતા નથી. ત્યારે તો ધૂળિયા નેળિયામાં હુદહુદ ચણતાં રહેતાં... હવે તો એનાં દર્શન પણ દુર્લભ થયાં છે. હા, સવારમાં દરજીડા અને બુલબુલ સંભળાય છે; પણ દૈયડના ઝીણા ટહૂકા ભાગ્યે જ સંભળાય છે. ક્યાંકથી ઝીણુંતીણું ટહૂકતાં શક્કરખોર ફૂલો શોધતાં આવે છે. ક્યારેક ઝાડડાળે ચંચળ નાચણ જોવા મળી જાય છે. દૂધિયા લટોરા અને રંગબેરંગી શોબિંગો તો આખીસીમ ફરતાંય નથી જોવા મળતાં. થોડા કરકડિયા કુંભાર વાડ-ઝાડમાં લપાતા ફરે છે - કાચિંડાના શિકારનો એમને શોખ છે. કહે છે કે વિલાયતી ખાતરો અને વિલાયતી દવાઓ ખેતરોમાં વાપરવા માંડ્યાં ને જીવજંતુ ઘટવા માંડ્યાં ત્યારથી પંખીઓનું પર્યાવરણ પણ જોખમાયું છે. સાચી વાત છે, જમીનને વણખેડયે પોચી રાખતાં પેલાં જમીનખેડુ અળસિયાંય નથી બચ્યાં ! ઝેરી દવાનો પટ તો અનાજનેય લાગ્યો છે ને હવાનેય ! સીમે રહ્યાંસહ્યાં પંખીઓ ઉદાસ આંખે જોતાં જોતાં આપણને ખમૈયા 'કરવાનું' કહે છે ! પણ યંત્રો આગળ હવે કલરવો જાણે સંભળાતા નથી.

ગીધ-સમડી-ઘૂવડ-ચીબરી પણ કોતરોની કણજીઓ પાંખી પડતાં મૂંઝાવાં લાગ્યાં છે. હોલો-ચકલી-કાગડો માળા માટે જગા શોધવા બાવરાં લાગે છે. થોડાં ઝાડ છે ને એમાં કાળે ઉનાળે મીઠું બોલતી કોયલ હજી સંભળાય છે - એના અવાજમાં વેદના પણ છે ને થોડી ચીમકી પણ ! ક્યારેક જ જોવા મળતું લક્કડખોદ હજી મારી લીલીછમ છાતીમાં ચાંચ મારતું કળાય છે... હું મને પૂછું છું—'ક્યાં છે મારો પંખીલોક?'

## ૦૬ લોકભારતીના કર્મઠ કાર્યકર : કર્મયોગી શ્રી જિતેન્દ્રસિંહજી ગોહિલ

**અરુણ દવે**

લોકભારતીનું ઊર્જાવાન ભાવાવરણ કર્મજ્ઞ કાર્યકરોના તપથી સંગોપિત થયેલું છે. મા લોકભારતીની ધરતીને વંદન કરવા સાધુજન વિનોબાભાવે, સ્વામી આનંદ, વિમલા ઠકાર, રવિશંકર મહારાજ, કાકાસાહેબ કાલેલકર, ઉમાશંકર જોશી, કવિ કાન્ત, મોરારજી દેસાઈ, ઢેબરભાઈ, વજુભાઈ, રતુભાઈ અદાણી વગેરે આવતા રહેતા. સ્વયં નાનાભાઈ એક યોગીનું જીવન જીવતાં પોતાના આદ્ય ગુરુ દક્ષિણામૂર્તિદેવના અનુષ્ઠાનથી લોકભારતીની ભૂમિને પાવન કરતા રહ્યા. ઓલિયાજનોની પવિત્ર પદરજ અહીંની માટીને ચેતનવંતી કરતી...એ સાથે સૂફીજનઃ 'દર્શક'દાદા, મૂળશંકરભાઈ, બૂચદાદા, , ઈસ્માઈલદાદા, ઝવેરદાદા અને એવા બીજા એકાદ ડઝન વિવિધ ક્ષેત્રના તજજ્ઞ દાદાઓના કર્મતપે આ ભૂમિએ જે ઊર્ધ્વમૂલયાત્રા આરંભી હતી એ ચેતના આજે પણ લોકભારતીને આંતરિક બળ પૂરું પાડી રહી છે.

આ આંતર ઓજસને લોકભારતીના કેટલાંક કર્મઠ કાર્યકરોએ પોતાની ઈમાનપૂર્વકની ફરજથી અધિક ઉજળું કર્યું છે. એવા જ એક કર્મયોગી, મારા વડીલ શ્રી જિતેન્દ્રસિંહજી ગોહિલ. તેમના આત્માને વંદન કરી મારો ભાવ સમર્પીત કરું છું.

લોકભારતીના ભાવાવરણને નખશીખ આત્મસાત્ કરનાર માણસ એટલે લોકભારતીની પ્રથમ બેંચના આપણા વહાલા જિતુબાપુ.

સંસ્થાની સંવેદનાને આત્મામાં સેવી કર્મને અખિલાઈનો સંસ્પર્શ આપનાર એક માણસ. લોકભારતીના પ્રારંભકાળમાં એક વિદ્યાર્થી તરીકે ઘડતર પામી પોતાની ભીતરની શકિતઓને અહર્નિશ વિકસિત કરનાર છાત્ર. વિદ્યાર્થીમાં જીવંત કેળવણી ઉમેરાય તો એનો માનવીય વિકાસ કેવો થાય? જીવનબાગનો એ કેવો માળી બનવો જોઈએ? એનો જવાબ આપણા જીતુબાપુની જીવન ઝરમરમાંથી મળી શકે છે.

'બાપુ'ના આદરસૂચક નામથી લોકદક્ષિણામૂર્તિ પરિવારમાં પરિચિત એવા આપણા બાપુ-શિસ્તબદ્ધ કાર્યકર હતા. શિસ્તપાલન તેઓ પ્રથમ ખુદથી આચરણ કરતા અને પછી પોતાના આચરણથી સંગાથીને ઘડતા.. એમના માટે જીવન એટલે તક. આ તકનો ખરો ઉપયોગ આંતરવિકાસ કરીને સમયને અવસર બનાવવામાં રહેલો હતો. એમના માટે અવસર એટલે સંસ્થાને સમર્પીત બની રહેવું, આપેલ કાર્યને નિષ્ઠાપૂર્વક નિભાવવું. સાથી કાર્યકરો પાસેથી ઉત્તમ કામ લેવું.

લોકભારતીના પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના અધ્યાપક અને આચાર્ય તરીકે તેમનો શ્રેષ્ઠ કાર્યકાળ લોકભારતીના ઈતિહાસમાં સ્મરણિય રહેશે. પંચાયતીરાજ તાલીમ કેન્દ્રને એમણે એ સમયે પોતાની સુઝ, સમજ, શિસ્ત, પરિશ્રમ અને સંબંધોથી ધબકતું કરી દીધું હતું. સમયપાલનના આગ્રહી. પોતાના સંતાનો અને ઓફિસના કાર્યકરો પાસે પણ ઉમદા શિસ્તપાલનનો આગ્રહ રાખતા. સ્વયં સમય કરતા વહેલા ઓફિસે આવી જાય. સમય પૂરો થાય ત્યારે જ ઘરે જાય. વચ્ચે કોઈ ઘરકામ માટે જઈ ન શકે અને પોતે પણ એનો અમલ કરે. ખાદીના સુઘડ વસ્ત્રો જ ધારણ કરે...અને પોતાના સાથી કર્મચારી ધારણ કરે એવો નિયમ પળાવે.

બાપુના કર્મનો પ્રભાવ જ એવો કે કોઈ એને ઉલ્લંઘી શકે નહીં. સંસ્થાની કાર્યકર - આચારસંહિતા તેઓએ આત્મસાત્ કરીને ઉપરી વડીલોની વત્સલતા મેળવી હતી. તેઓએ સંસ્થાને અને સરકારને પોતાના સ્વ, સચોટ અને નિયમિત વહીવટી કાર્યોથી પૂરતો સંતોષ આપી એક કુશળ

વહીવટદાર તરીકે પણ નામના મેળવેલી.

મનુદાદા કાયમ સમજાવતા કે, 'મોર જેમ પીંછાથી રૂપાળો લાગે છે તેમ સંસ્થાઓ તેના નિષ્ઠાવાન કાર્યકરોથી શોભે છે.' જીતુબાપુ એટલે પંચાયતીરાજ તાલીમ કેન્દ્રનું સોનેરી પીછું જ કહો તો ચાલે.

માત્ર તલાટી-મંત્રીઓની જ તાલીમ નહીં, અહીં એ સમયે આંગણવાડી બહેનોની- યુનિસેફ દ્વારા ચાલતા પોષક આહારના તાલીમવર્ગોની તાલીમ. સરપંચોની તાલીમ વગેરે અનેકવિધ ગામડાંઓને સક્ષમ બનાવનાર પદાધિકારીઓની તાલીમો સુપેરે ચાલતી. ઉપરાંત સરકારને જયારે જયારે કોઈ વિશિષ્ટ પ્રકારની તાલીમની જરૂરિયાત ઊભી થતી ત્યારે તેઓ બાપુને અવશ્ય યાદ કરતા.

મૂળે બાપુનો મિજાજ ધરાવતા હોવા છતાં શિસ્તપાલનના આગ્રહી એવા બાપુની ભીતરમાં વહાલનું ઝરણું પણ સતત વહેતું રહેતું. એ સંબંધોના માણસ નાનામોટા સૌ કોઈને ખૂબ ઉપયોગી થતા અને ખરે ટાણે ભાગ્યાના ભેરુ બની રહેતા. તાલીમ લેવા આવેલા તાલીમાર્થીઓ શરૂઆતમાં થોડાક ભયથી અને શિસ્તથી સરખા રહેતા પણ વિદાય કાયક્રમ સુધીમાં તેમની આંખો સ્વાભાવિકપણે ભીની થતી. અને કોઈ વડીલ પાસેથી વિદાય લેતા હોય તેવો અનુભવ કરીને જતાં. તેમના તાલીમાર્થીઓએ બાપુ સાથે કાયમી પરિવારના સભ્યનો સંબંધ જાળવી રાખીને બાપુની આંતરિક વત્સલતાને ઉજાગર કરી છે.

લોકભારતી જેવી ગ્રામાભિમુખ અને સંપૂર્ણ નિવાસી એવી લોકાભિમુખ સંસ્થાઓને જેવા કાર્યકરો જોઈએ તેમાં એક નમૂનો બનીને બાપુએ તેમનો કાર્યકાળ પરસ્પરની પ્રસનનતાથી પૂરો કર્યો હતો. સંસ્થાને આવા નિષ્ઠાવાન કાર્યકરો મળતાં રહે એવી પ્રાર્થના સાથે બાપુવંદના.

આભાર

મા લોકભારતી

સ્ત્રી જીવનને જન્મ આપી શકે છે. પુરુષ અનેક પ્રયાસો છતાં એ કરી શકતો નથી. આ બાબત સદીઓથી પુરુષના મનમાં એક લઘુતાગ્રંથિ જન્માવતી રહે છે. જરા વિચાર તો કરો, જે પોતાનું શરીર ફાડીને એક આખા શરીરને જન્મ આપી શકે એ કઈ રીતે 'અબળા' હોઈ શકે છે?

સ્ત્રીને માટે પાવર કે શકિત એની સત્તામાંથી આવે છે. એની સત્તા એના સ્વાતંત્ર્યમાંથી અને સ્વાતંત્ર્ય એની સલામતીમાંથી આવે છે. સ્ત્રીને માટે સૌથી મોટો સંઘર્ષ એના સ્વીકારનો છે. 'સ્ત્રીનું હોવું એટલે 'મન'થી સ્વતંત્ર હોવું. સ્ત્રીનું હોવું એટલે સ્વયં સાથેના સંબંધમાં ઓતપ્રોત હોવું. સ્ત્રીનું હોવું એટલે કુદરતના શ્રેષ્ઠ સર્જન તરીકે સ્વયંને સતત ચાહતા રહેવું - બીજાને (પુરુષને) ચાહવાની વાત આપણા અસ્તિત્વનો ભાગ હોઈ શકે, અસ્તિત્વનો અર્થ નથી જ.'

સ્ત્રીના આત્મગૌરવને વારંવાર ઘસી-માંજીને ઊજળું કરવાનો આ પ્રયાસ એટલા માટે કરવો પડે છે કારણ કે સ્ત્રીને પોતાને જ પોતાના આત્મગૌરવ વિશે સભાનતા કેળવવાની જરૂર પડે છે. અહંકાર અને આત્મગૌરવની વચ્ચે ભેદરેખા પાતળી છે, પરંતુ આત્મગૌરવની વાત આપણે સહુએ શીખવા જેવી છે.

- કાજલ ઓઝા-વૈદ્ય

## ૦૭ કારગિલ યુદ્ધનો અભિમન્યુ

**પારસકુમાર**

કેપ્ટન સૌરભ કાલિયા એકવીસમી સદીના અભિમન્યુ હતા.કારગિલ યુદ્ધનો અભિમન્યુ એટલે કુરુક્ષેત્રના ચક્રવ્યૂહનો અભિમન્યુ

અભિમન્યુ હોવું એટલે આત્મનિર્ભર હોવું, શહીદ હોવું અને સત્યાગ્રહી હોવું.જે મન્યુમાન છે તે અભિમન્યુ છે.મન્યુનો એક અર્થ સાહસિક પણ થાય છે. કેપ્ટન સૌરભ કાલિયા એકવીસમી સદીના અભિમન્યુ અને કારગિલ યુદ્ધના સત્યાગ્રહી હતા.કારગિલ યુદ્ધનો અભિમન્યુ એટલે કુરુક્ષેત્રના ચક્રવ્યૂહનો અભિમન્યુ.યુગે યુગે નૂતન અભિમન્યુ અવતરે જ છે,નવી સદીમાં નૂતન રીતે જન્મેલાં અભિમન્યુને નીરખવા જાંબાઝ યોદ્ધાની આંખ જોઈએ.કારગિલ યુદ્ધના અભિમન્યુને મળવા કોઈ જન્મવીર જાંબાઝનું કાળજું જોઈએ.

કારગિલ યુદ્ધના કણકણમાં કૃષ્ણના ભણકારા પણ હતા અને શત્રુદમન કરનાર અભિમન્યુના અણસારા પણ હતા. કારગિલ યુદ્ધ વખતે ભારતીય જાંબાઝોના પ્રચંડ આક્રમણથી ડરેલી પાક. સેના ટાઈગર હિલ પર પોતાના ત્રીસ જેટલા શહીદ જવાનોના મૃતદેહ અને જાંબાઝ કેપ્ટન કરનાલ શેરખાનના પાર્થ્રિવ દેહને છોડીને નાસી ગઈ. ઈન્ડિયન આર્મીએ માનવતાને ખાતર પાક. સૈનિકોને બરફમાં દફનાવ્યા પણ કેપ્ટન શેરખાનના પાર્થ્રિવ દેહને હેડક્વાર્ટરમાં લઈ ગઈ. જ્યાં કેપ્ટન શેરખાનના ખિસ્સામાં રહેલી ચિઠ્ઠી પરથી તેનું પૂરું નામ જાણવા મળ્યું. કેપ્ટન કરનાલના મૃતદેહને માનભેર પાક.સેનાને સોંપવામાં આવ્યો ત્યારે શહીદ કરનાલના ખિસ્સામાં એક જુદા જ પ્રકારની ચિઠ્ઠી મૂકવામાં આવી. ચિઠ્ઠીમાં કેપ્ટન કરનાલ શેરખાનના શૌર્યની નોંધ મૂકવામાં આવી. ભારતીય જવાનોએ મોકલાવેલી ચિઠ્ઠીને આધારે પાક.પ્રજાને કેપ્ટન કરનાલ શેરખાનના શૌર્યનો ખરો પરિચય થયો. પાક.પ્રજા કેપ્ટન કરનાલને 'કારગિલનો શેર' કહેવા લાગી અને ભારતીય સૈન્યની શૌર્યનોંધને આધારે તેને પાકિસ્તાનનો સર્વોચ્ચ સૈન્ય પુરસ્કાર 'નિશાન-એ-પાકિસ્તાન' પણ પ્રાપ્ત થયો. પાક.સૈન્યએ ક્યારેય કોઈ વીર ભારતીય શહીદના ગજવામાં શૂરવીરતાની નાનકડી નોંધ મૂકી હશે ખરી? જ્યાં ભીખ માંગવા કટોરો માંડ મળતો હોય ત્યાં ખુમારી કે ખાનદાનીનો ઝરો ક્યાંથી જન્મે?

કારગિલ સરહદ પર પાક.આર્મીએ ધામા નાખ્યાના વાવડ મળ્યા ત્યારે કેપ્ટન સૌરભ કાલિયા બજરંગ પોસ્ટ પર પેટ્રોલિંગમાં હતા. કેપ્ટન કાલિયાની ટુકડીમાં પાંચ જ જવાનો હતા અને સામે પાકિસ્તાનની વિશાળ સેના હતી. એકાએક ગોળીબાર થયો અને કેપ્ટન કાલિયાની ટચુકડી ટુકડી વિશાળ સૈન્યને વીંધવા તૂટી પડી. બંદૂકની ગોળીઓ ખૂટી પણ સંદૂકમાં ભરેલું સાહસ ન ખૂટ્યું. પાક.આર્મીએ કારગિલની ગોપનીયતા જાણવા વીર જવાનોને જીવતા ઘેરી લીધા. વીસ દિવસ લગાતાર પ્રતાડિત કર્યા પછી કારગિલ યુદ્ધમાં કુરુક્ષેત્રના શૂરવીર અભિમન્યુનો જન્મ થાય છે. સંભવામિ ક્ષણે ક્ષણે !

ગોપનીય બાબતો ઓકાવવા કેપ્ટન કાલિયા સાથે અમાનવીય આતંક શરૂ થયો. પાલમપુરના અસીમ સૌંદર્યને નીરખીને જવાન થયેલી આંખોને ક્રૂરતાપૂર્વક ફોડી નાખવામાં આવી, નિર્મળ સ્મિત વેરતા દાંત તોડવામાં આવ્યા, નાજુક નખ ખેંચવામાં આવ્યા, શરીરમાં ખૂણે ખૂણે સિગારેટના ડામ દેવામાં આવ્યા, જનનાંગો વાઢવામાં આવ્યા, કાનમાં સળગતા સળિયા નાખવામાં આવ્યા, હોઠ અને નાક ચીરવામાં આવ્યા, તૂટ્યું ન હોય તેવું શરીરમાં એકપણ હાડકું રાખવામાં ન આવ્યું. શરણાર્થી સૈનિકના આંતરરાષ્ટ્રીય કાનુનનો સરેઆમ ભંગ થયો પણ વીર સૌરભે મા ભારતીનું

શીશ ઝૂકવા ન દીધું. ભારતીય સૈન્યને સૌરભ કાલિયાનો મૃતદેહ સોંપતા પહેલાં છેલ્લે ગોળી પણ મારવામાં આવી. પણ છેલ્લાં શ્વાસ અને છેલ્લી ક્ષણ સુધી કારગિલ જંગમાં જે ન ઝૂકે તેનું નામ જ શૂરવીર અભિમન્યુ. જયારે સૌરભ કાલીયાનો પાર્શ્વ દેહ પરિજનોને સોપવામાં આવ્યો ત્યારે પરિજનો છેલ્લીવાર પણ મૃતદેહને ન નીરખે તેવી વિનંતી કરવામાં આવી. અગાઉ કોઈ શહીદના પરિજનોને આવી સૂચના આપ્યાનું ધ્યાનમાં નથી. આપણે જે રીતે સન્માનભેર સિપાહી કરનાલનો દેહ સોપ્યો તેવી રીતે પાક.સૈન્યએ કારગિલ યુદ્ધના પ્રથમ શહીદનો મૃતદેહ આપણને સોંપ્યો હોત તો ! પાક.આર્મીએ પણ કેપ્ટન કરનાલ ખાનની જેમ કેપ્ટન સૌરભના ગજવામાં શૌર્યનોંધ મૂકતા લખ્યું હોત,'મહાભારતમાં શૂરવીરો સામે જે પરાક્રમ અભિમન્યુનું હતું, તેવું જ પરાક્રમ કારગિલ યુદ્ધમાં કેપ્ટન કાલિયાનું હતું. કેપ્ટન કાલિયાને વીર અભિમન્યુનો અનુજ માનજો.'

રણે ચડે તે વીર અને વીરતાને વરેલાં વીરલાને રણ મધ્યે જ વધાવે તે મહાવીર. આપણે આપણા અભિમન્યુને ઓળખી કાઢવાનો છે. કેપ્ટન કાલિયા અભિમન્યુની માફક શત્રુના ચક્રવ્યૂહમાં ઘૂસ્યાં પણ ચક્રવ્યૂહમાંથી બહાર ન નીકળી શક્યા. વીર અભિમન્યુ ૧૬માં વર્ષે હણાયો અને કેપ્ટન સૌરભ કાલિયા ૨૨ વર્ષે શહીદ થયાં. કેપ્ટન કાલિયાએ અભિમન્યુ વૃત્તિ ન દાખવી હોત તો આજે કારગિલ પાકિસ્તાનમાં હોત. કેપ્ટન કાલિયાના સાયન્ટીસ્ટ પિતા ફોન પર કહે છેઃ 'કુછ આત્માએ કુછ ખાસ મકસદ કે લીયે આતી હૈ, અપના કામ કરતી હૈ ઔર ચલી જાતી હૈ.' તૂટ્યા પછી ટકી રહેવાની વૃત્તિને સમજુ લોકો અભિમન્યુવૃત્તિ કહે છે. જે લડીને તૂટે છે અને તૂટ્યાં પછી ફરી પાછા લડવા મથે છે તેને ઈતિહાસ શહીદવીર કેપ્ટન કાલિયા તરીકે અમર રાખે છે. કેપ્ટન કાલિયાની નીડરતાનું નામ જ હિમાલયની અડગતા છે. મેરુ રે ડગે ને માભોમ કાજે જેનાં મન નો ડગે.

મદઝરતા માતંગ જેવા પરાક્રમી સૌરભ કાલિયાએ જીવ બચાવવા માટે ક્ષણ પૂરતુય સરેન્ડર ના કર્યું તે ના જ કર્યું. કેપ્ટન સૌરભે ડ્યુટી પર જતી વેળાએ માતાના હાથમાં બ્લેક ચેક આપતા કહેલું, 'જરૂર પડે તો પગાર ઉપાડી લેજો.' પણ સર્વિસનો પેલો પગાર બેંકમાં જમા થાય તે પહેલાં તો ક્ષતવિક્ષત મૃતદેહ ઘર આંગણે આવી પહોંચ્યો. શૌર્યમ, દક્ષમ, યુદ્ધેય.ગત શનિવારની સવારે કેપ્ટન કાલિયાની માતાનો ફોન આવે છે, ફરીવાર એ જ કરુણાસભર વાતો થાય છે, હું ૨૯ જૂને કેપ્ટન સૌરભ કાલિયાના જન્મદિન અંતર્ગત લખેલાં લેખનું મથાળું હિન્દીમાં સંભળાવું છુંઃ 'કારગિલ યુદ્ધ કા અભિમન્યુ.' અને સામેથી ભીના સાદે અગાઉ ભાગ્યે જ કોઈકે સાંભળેલી લાગણી સાંભળવા મળે છે, તમે પણ સાંભળોઃ 'જબ વૈભવને ચિતા કો અગ્નિ દી તબ મેં સૌરભ કે તાબૂત પર લપેટા હુઆ તિરંગા ઔર સૌરભ કી ટોપી કો અપની છાતી સે લગા કર નમ આંખ સે યહી બોલ રહી થી કી યે સૌરભ નહીં હૈ, યે તો મેરા અભિમન્યુ હૈ.'

મો. ૯૮૨૫૯૯૬૫૩૯

સ્ત્રી ગમે તેટલું લોજિકલી વિચારી શકતી હોય, એ ફકત ઈમોશનલી જ વર્તે છે. સ્ત્રી હૃદયથી વિચારે છે, લાગણીથી જીવે છે, સંવેદનાઓથી વર્તે છે, પરંતુ કયારેક તો આ જ સ્ત્રી સીધા સવાલો પૂછે છે અને એ વખતે પુરુષો માટે એના જવાબો આપવા અઘરા પડે છે. પુરુષ માને કે નહીં, સ્ત્રી પોતે જ એવું માને છે કે એના સંવેદનોને જીવતા રાખવા માટે એને પુરુષની જરૂર છે. સ્ત્રીનું મન એના શરીર પર અને એની બુદ્ધિ પર કાબૂ કરે છે. એનું માતૃત્વ એના વ્યવસાય પર વજનદાર બની જાય છે. એનો પ્રેમ એના પ્રોફેશનને ફાડી ખાય છે. સ્ત્રીના સંવેદનો એના સંબંધો પર લગામ રાખે છે.

- કાજલ ઓઝા-વૈદ્ય

## ૦૮ કથા આશા અને વિકાસની : બપોરનો સમય હતો.

**બિંદુ- પાર્થેશ**

---

ખેતર પરનાં નવાં પાકાં મકાનની મોટી બારી પાસે બેસી આશા વિદ્યાર્થીઓનાં વાર્ષિક પેપર તપાસી રહી હતી. પણ અજયના લગ્ન - બાળલગ્ન બાબતે મગજમાં ઘમાસાણ ચાલી રહ્યું હતું. ઉનાળો એટલે રાજપુર ગામની લગ્નની ઋતુ. ઉનાળો આવેને આશાની ચિંતા વધે. આ ઉનાળે તેના ક્યાં દીકરા/દીકરીનું ઉજળું ભવિષ્ય બાળલગ્નના ખપ્પરમાં હોમાઈ જશે તે બાબતની તેને સતત ચિંતા રહેતી. દર ઉનાળે એ ઝઝૂમતી. ક્યારેક ઝઘડીને, ક્યારેક સમજાવીને, ક્યારેક ઉપવાસ કરીને લગ્ન અટકાવતી. કારણકે બાળલગ્નના કારણે માત્ર રાહુલની જિંદગી બગડી હતી તેવું ન હતું. ઘણા દંપતી દુઃખી હતાં.

બાળ લગ્નના કારણે છૂટાછેડા, લગ્નેતર સંબંધો, ગૃહ ક્લેશ, ઘરેલું હિંસા, રિસામણે જવું જેવા પ્રશ્નો તો જાણે ઘર ઘરની કહાની હતી. એટલું જ નહીં બાળલગ્નના કારણે છોકરા/ છોકરી નાની ઉંમરે માબાપ બની જતા હતાં. એ કારણે બાળમરણ દર ઊંચો હતો. લગભગ દરેક ઘરે એકાદ બાળમરણ થયેલું હતું. જે બાળકો જીવી જતાં એમાં કુપોષિત, મંદબુદ્ધિ, શીખવાની ખામી વાળાની સંખ્યા ઠીક ઠીક રહેતી.

કિરણના લગ્ન વખતે પહેલીવાર ગામમાં એક સંદેશો ગયો કે બાળલગ્ન કરીશું તો આ દંપતિ વિરોધ કરશે. વિકાસે ગામવાળાને સમજાવ્યા કે તમે દીકરીના લગ્ન ૧૫ વર્ષે કરો. જેથી એ બે ત્રણ વર્ષ સાસરે આવતી જતી રહે. બાળક થાય તો પણ ૧૮ વર્ષ પછી થાય. બહુ નાની વયે ન થાય. એ જ રીતે દીકરાઓના લગ્ન ૧૮ વર્ષ પછી કરો. તેની પત્ની બે ત્રણ વર્ષ આવતી જતી રહે. દીકરો જ્યારે બાપ બને ત્યારે લગભગ ૨૧ વર્ષનો થઈ ગયો હોય. ગામવાળાને આ વિચાર યોગ્ય લાગ્યો. પરિણામે નક્કી થયું કે દીકરાના ૧૮ વર્ષની વયે અને દીકરીના ૧૫ વર્ષની વયે લગ્ન કરવા. કાયદાકીય ઉંમરથી આ ઉંમર નાની હોવાથી બેન અને સાહેબ લગ્નમાં હાજર નહીં રહે. પણ લગ્ન થવા દેશે. જો ૧૮/ ૧૫ની વય પહેલાં કોઈ પોતાના સંતાનના લગ્ન ગોઠવશે તો બેન અને સાહેબ પોલીસને બોલાવશે. એક મજાની પ્રથા આ સાથે શરૂ થઈ.

આશાને ચિત્ર દોરવાની ફાવટ. તેથી જેના ઘરે લગ્ન હોય તે ઘરે ગણેશ દોરવા આશાને બોલાવવામાં આવે. આશા જે ઘરે ગણેશ દોરવા જાય તે ઘરને લગ્ન માટે લીલી ઝંડી મળી તેવું માનવામાં આવતું. ઉનાળામાં જ લગ્નો ગોઠવાતા. બધાં ઘરે લાઈટ પંખાની સુવિધા હોય તેવું ન બને. તેથી આશા પરસેવે નિતરી જતી. ગાર માટીની દીવાલમાં પેન્સિલની અણી તરત ઘસાઈ જતી. કાચી દીવાલ કલર પી જતી. બારી વગરના અંધારા ઘરમાં આશાની આંખો ખેંચાઈ જતી. પણ આશા ૧૮/ ૧૫ની વયનો નિયમ પાળનારના ઘરે ગણેશ દોરવા હોંશે હોંશે જતી. એ કારણે સગા સંબંધીઓ સાથે પરિચય પણ થતો. ઘણી વાર એવું થતું કે ૧૮/૧૫ વાળાની સાથે તેના નાનાં ભાઈ/ બહેનના લગ્ન ગોઠવવા કોશિશ થતી. આશા તેમને અટકાવતી. તેવે વખતે સગા સંબંધીઓ આશા પર નારાજ હોય. પણ જ્યારે આશાને એ જ ઘરે ગણેશ દોરતી જુએ ત્યારે દષ્ટિકોણ બદલાય જતો. ગણેશ દોરવાનું કામ કુલ આઠ થી દસ કલાક ચાલતું. એટલા સમયમાં સગા વહાલા આશાના સ્વભાવને બરાબર ઓળખી જતાં.

આમ જુઓ તો ઘણું સરળ થઈ ગયું હતું. પણ ક્યારેક બહુ દુવિધા ઊભી થતી. કારણકે ૧૮/૧૫ની વયનો નિયમ તો રાજપુર માટે બનેલો. બાકીનાં ગામોમાં તો બાળલગ્ન

ચાલુ જ હતાં. તેથી ગામવાળાને એક ડર રહેતો કે સંતાનોના સગપણ વહેલાં નહીં કરીએ તો પછી છોકરો/ છોકરી નહીં મળે. તેથી બાળપણમાં સગપણ કરવાનું ચાલુ રહ્યું. હવે થાય એવું કે ઘણીવાર વેવાઈ લગ્નની ઉતાવળ કરે એટલે માબાપ બાળલગ્ન કરવા માટે મજબૂર બને. આ ઉનાળે આવા જ એક લાચાર બાપે પોતાની દીકરી સાથે જ દીકરા અજયના લગ્ન પણ લીધા હતા. અજય હજુ તો આઠમાં ધોરણમાં ભણતો હતો. તેથી આશાએ આ લગ્ન અટકાવવા પરિવારને જાણ કરી દીધી હતી. તેથી આશાનું મન પેપર તપાસવા કરતા અજયના લગ્ન બાબતે વધારે વિચારી રહ્યું હતું.

અજયના લાચાર બાપે આશાના ઘરનું બારણું ખખડાવ્યું. આશાએ પેપર તપાસવા પડતા મૂક્યા. બાપ એકલો નહોતો આવ્યો. સાથે ઘણાંને લાવ્યો હતો. તેમાં કેટલાક બાળલગ્નના ભોગ બનેલા જુવાનિયા પણ હતા. બાપ બોલ્યો, ' બેન, અમે લગ્ન નહીં કરીએ તો સામે વાળા સગપણ તોડી નાખશે. પછી અજયને છોકરી નહીં મળે તો?' આશાએ કહ્યું, 'એ ડરે છોકરાને વહેલો ન પરણવાય.' પરણેલા યુવાનો સામે જોઈ બોલી, 'જે વહેલાં પરણ્યા છે તેને પૂછો કે વહેલાં લગ્ન કરાય?' તરત એ છોકરાઓ બોલ્યા, 'ના ના હો, ના પરણાવાય. અમે કેવા હેરાન થઈએ છીએ એ તો અમે જ જાણીએ છીએ.'

હવે વાલીએ ભાથામાંથી આર્થિક સ્થિતિનું તીર કાઢ્યું. બોલ્યા, 'બેન, મારો પગાર ચાર હજાર છે. એમાં અજયનું લગન અલગ કરવું કેમનું પોહાણ થાય?' આશા બોલી, 'મસાલા ખાઓ છો? જરા નીચું જોઈ વાલીએ 'હા' ભણી. 'કેટલા ખાઓ છો? ' આશાના અવાજમાં બદલાવ આવ્યો. વાલી કહે, 'બે ત્રણ જેવા..... ત્યાં તો બીજો બોલ્યો, 'શું બે ત્રણ? પાંચ તો હાચા બેન ! '. 'એક મસાલાનો ભાવ કેટલો?' આશાએ પ્રશ્નનો મારો બોલાવ્યો. કિરણના વાલી ગરીબડું હસી બોલ્યા, 'ગોમમાં પોંચ અન સાદરે સાત રૂપિયા લે સે' આશા જરા ઊંચા અવાજે બોલી, 'મતલબ કે એક દિવસના પચ્ચીસ રૂપિયાના ખાઈ જાઓ છો, ખરું? ' બધાં મરમાળું હસ્યાં. આશાએ હિસાબ માંડ્યો. એક દિવસના પચ્ચીસ એટલે એક મહિનાના ૭૫૦ રૂપિયા. તો બાર મહિનાના..... ૯૦૦૦ થયા. દસ વર્ષના....... ૯૦,૦૦૦ થયા.' સાંભળનારાંનાં મોઢામાંથી સહજ 'ઓહો' નીકળી પડ્યું. આશા બોલી, 'તમારી ગરીબી મને ન સમજાઈ ! દસ વર્ષે મસાલા પાછળ નેવું હજાર ખર્ચી નાખો છો ! ખાલી વ્યસન છોડી દો તો પણ દીકરાનાં લગ્નનો ખર્ચો નીકળી જાય.'

એક જણો બોલ્યો, 'કાકા બોલો, હવે શું કે'વું છે? ' આશા કહે, 'વ્યસન નહીં હોય તો માંદા પણ નહીં પડો. સારવારનો ખર્ચ પણ બચી જશે.' અજયના વાલીએ છેલ્લી દલીલ કરી, 'લગનની ના પાડશું તો સામેવાળા હગપણ તોડી મેલશે.' આશાએ સામે બ્રહ્માસ્ત્ર છોડ્યું. બોલી, 'તમે સૌ જાણો છો ને કે અમે બાળકો શા માટે નથી કર્યાં? ' તરત એક બેન બોલ્યાં, 'હોવ્વે ! અમરાં સોકરાં ને તમારા ગણ્યાસ એટલે.' આશા તરત બોલી 'તો અજય માત્ર તમારો જ દીકરો નથી અમારો પણ છે. મારા દીકરાને ક્યારે પરણાવવો એ મને પૂછ્યાં વગર તમે એકલાં કેવી રીતે નક્કી કરી શકો?' થોડી વાર માટે શાંતિ છવાઈ ગઈ. અંદરો અંદર થોડી ઘુસપસ ચાલી. આશાએ કહ્યું, 'અજય પર ભરોસો રાખો. તે કમાઈને તેના પૈસે પરણી શકશે. તેને છોકરી પણ મળી જશે. મારું નહીં માનો તો લગ્નને માંડવે પોલીસ આવશે. એ નક્કી વાત છે.'

અજયના પપ્પા ઝૂક્યા, બીજાઓએ તેને નિર્ણય લેવામાં ટેકો કર્યો. અજયના લગ્ન બંધ રહ્યાં. અજયની બેનના લગ્નના ગણેશ દોરવા આશા અજયના ઘરે ગઈ. અજયના પપ્પા રૂમાલથી પવન નાખતાં નાખતાં બોલ્યા, 'બેન, અમારે તો અજયને ન'તો પયનાવવો, પણ વેવાઈને ઈની તયણ ઓડીઓ એક હારે પયાનાવી દેવી'તી. બધીનું

આ જ ગોમમાં જ હગુ કર્યું છે.' આગળ જતાં અજયનું સગપણ તૂટી ગયું. મોટા ભાગના બાળલગ્ન અટકાવ્યા. બે ત્રણ બાળલગ્નો આશાને અંધારામાં રાખી થયા, એક લગ્ન દીકરાની સાસુ મરી જાય તેમ છે તેવું ખોટું બહાનું કાઢીને થયા, એક લગ્ન એટલે થયા કે તેના કારણે બીજા ઘણાં લગ્ન અટકતાં હતાં.

ધીમે ધીમે ગામ સમજતું થયું. એ જ વખતે ઠાકોરનો એક યુવા નેતા ઠાકોર જ્ઞાતિનો ઉદ્ધાર કરવા કટિબદ્ધ થયો. પરિણામે દીકરી અઢારની અને દીકરાને ૨૧ ના થાય ત્યાં સુધી વાલી ધીરજ રાખતા થયા. બાળલગ્ન નામના ભયંકર કુરીવાજને અમારા ગામવાળાએ ગામમાંથી તગડી મૂક્યો. અમે આવ્યા પહેલાં જેટલાં બાળલગ્ન થયા હતાં તેમાંથી ઘણાંખરાંને છુટાછેડા લેવાના થયાં. બધાંને પરિવારે ફરી પરણાવ્યા. અમારાં આવ્યા પછી જે પરણ્યા, અમને અંધારામાં રાખી પરણાવ્યા એ બધાંના પુનઃલગ્ન થયાં. એવું કેમ થયું તે ન સમજાયું. બધાના બીજા લગ્ન ખૂબ ધામે ધૂમે થયાં. મતલબ કે એટલો પૈસો તો ફરી ભેગો થયો જ હતો. એક ખર્ચામાં બે ખર્ચા પતાવવાની મજબૂરી અસ્થાને સાબિત થઈ. આશા અને વિકાસને બાળલગ્ન અટકાવવની કોશિશનાં કારણે એક બે પરિવાર સાથેના સંબંધો એટલાં ઉષ્માભર્યા ન રહી શક્યા. બાકી દરેક પરિવાર સાથે સંબંધો મજબૂત થયા.

(આ લખાઈ રહ્યું છે ત્યારે ગામમાં બાળલગ્ન સદંતર બંધ છે. યોગ્ય ઉંમરે સંતાન પેદા થવાથી બાળ મરણ પણ નથી થતાં અને બાળ ઉછેર પણ પ્રમાણમાં સારી રીતે કરે છે.)

મો.૯૪૨૮૦૦૦૫૪૧

ક્રમશઃ

'રામાયણ' એટલે 'રામનું અયન.'અયન એટલે ગતિ. અયન એટલે માર્ગ. 'રામાયણ' એટલે રામના જીવનની ગતિ અને રામનો જીવન માર્ગ. આપણી ધરતીમાં જે કાંઈ શુભ તત્ત્વ પડેલું છે,તે રામાયણ થકી પ્રગટ થયું. રામાયણ કેવળ હિંદુઓની જ ધરોહર નથી, એ તો દેશ અને કાળના સીમાડાથી પર એવું અનન્ય મહાકાવ્ય છે. 'રામાયણ'માં રામના વિચારનું અને આચારનું અયન પ્રગટ થતું રહે છે. આમ 'રામાયણ'ની પાછળ પાછળ ભાવકને ખબર પણ ન પડે તે રીતે વિચારાયણ અને આચરાયણ ચાલ્યાં આવે છે. જ્યાં વિચાર અને આચારનો સુમેળ હોય ત્યાં શાણપણ (વૈદગ્ધ્ય) આપોઆપ ઊગતું હોય છે. હજારો વર્ષો વીત્યાં તોય રામાયણની કથા વાસી નથી બની તેનું રહસ્ય શું? વાત એમ છે કે માનવીની ભીતર સતત ચાલતા સંઘર્ષની જ એ કથા છે. બહાર જોવા મળતા સંઘર્ષો પણ માનવીના અંતઃસંઘર્ષનું જ પરિણામ છે. 'રામાયણ' જેવા મહાકાવ્ય સાથેની મૈત્રી આપણી જાગૃતિ જળવાઈ રહે તે માટે ઉપકારક બને છે. માનવતાનું મહાકાવ્ય 'રામાયણ' આપનાર વાલ્મીકિની ખૂબી તો જુઓ ! એ મહાકવિએ ઉદાત્ત યુગપુરુષ એવા રામની મનુષ્યતાને પણ છેક દોષમુક્ત નથી બતાવી અને સાથોસાથ રાવણ જેવા નીચ રાક્ષસમાં રહેલી મનુષ્યતાને છેક સદ્‌ભાવશૂન્ય નથી બતાવી.'

- ગુણવંત શાહ

## ૦૯ જટાયુ

**વિશાલ જોશી**

---

'બસ નહીં....હવે ઊંચે નહિ....ભાઈ, બહુ ઉડ્યા આપણે....આપણી હોડ અહીં પૂરી કરીએ ... ના...આગળ નહિ હવે.. પાછો વળ .... આટલી ઊંચાઈ આપણા બેય માટે બસ... હાલ પૃથ્વી લોક તરફ...'

મારો ભાઈ સંપાતિ મને રોકવા લાગ્યો... પણ મારી પાંખોમાં તો વધુ અને વધુ જોમ ઉમેરાયું, એના આ શબ્દોથી... અમે ઊંચે ને ઊંચે ઊડવાની હોડ લગાવી હતી. હું આગળ અને અમે બંને લગભગ સૂર્ય દેવતાની નજીક પહોંચવા લાગ્યા હતા... અચાનક મારી પાંખો દાઝવા લાગી... મને તો ઊડવામાં જ મન... સંપાતિએ ઝપાટાભેર આગળ વધીને મને ફંગોળ્યો... હું ગોળ ગોળ ફરતો નીચે તરફ... અને એ.... અરેરે! એની બંને પાંખો બળીને ખાખ. એ સીધો પૃથ્વી તરફ નીચે... હા, મને બચાવવા એણે પોતાની પાંખો ખોઈ નાંખી. અફસોસ, હું એનું માન્યો નહીં.

કાકા ગરુડ અને પિતા અરુણદેવના અમે વંશજો. બાળપણથી ઊંચી ઊંચી ઉડાન ભરવા હોંશીલા. વનના સૌ પંખીઓ અમને ચેતવે પણ અમને તો હજુ કોઈએ સિદ્ધ ન કરી હોય તેવી ઊંચાઈએ પહોંચવાની તાલાવેલી. પણ આ શું થઈ ગયું!!! હવે હું એકલો... સંપાતિ આખી જિંદગી નહીં ઊડી શકે...! ભાઈ, મને માફ કરજે, માફ કરજે.

હું, ગીધરાજ-પક્ષીરાજ જટાયુ. હા, એ જ જટાયુ જેણે રામને પંચવટીમાં મારા મિત્ર દશરથ રાજાના પુત્ર તરીકે ઓળખ્યા. સીતામૈયા અને લક્ષ્મણજી સાથે હું રહ્યો. હું એ જ જટાયુ જેને રાજા દશરથને યુદ્ધમાં મદદ કરીને જીત અપાવી હતી. રાજા દશરથે મને મિત્ર તરીકે સ્વીકાર્યો હતો. પંચવટીમાં મેં શ્રીરામની નિશ્રામાં મારો સમય પાવન કર્યો હતો. અને હા, હું એ જટાયુ જેણે દંડકારણ્યમાં અચાનક આકાશમાં કરુણ ચિત્કાર સાંભળ્યો. વયોવૃદ્ધ ગીધરાજ એવા મેં ક્ષણવારમાં આકાશને વીંધીને ઉડાન ભરી. જોયું... તો આ શું?? સીતામૈયાને લંકેશ આકાશ માર્ગે લઈ જતો હતો. મારી પાંખોમાં ફરી એ બાળપણનું જોમ છલકાયું. મારા તીક્ષ્ણ નહોર અને મારી ચાંચથી મેં પ્રાણઘાતક પ્રહારો શરૂ કર્યા. અચાનક થયેલા આક્રમણથી રાવણ ડઘાઈ ગયો. મેં પડકાર ફેંક્યો.

'દુષ્ટ, આવ, મારી સામે આવ... હું જ્યાં સુધી જીવું છું ત્યાં સુધી સીતામૈયાની રક્ષા કરવા ઝઝુમીશ.' મેં રાવણના કેશ ઝાલીને એને ફંગોળ્યો. આખું આકાશ ગુંજી ઊઠ્યું... મારી અવસ્થાને કારણે હું હાંફી જતો હતો. પણ મારી બે પાંખોથી સીતામૈયાને ઘેરી વળ્યો. દશાનન હવે એના આયુધના સહારે મારી તરફ ધસ્યો. એના ખડગના પ્રહારે મારી બંને પાંખો જીર્ણ-શીર્ણ. છતાંય મારી ચાંચ અને નહોર હજુ એને વળગી રહ્યાં હતાં. પણ, હું મારી પાંખો વગર લાચાર, નિઃસહાય. પાંખો વિનાનો હું અંતે ફંગોળાયો નીચેની તરફ. લંકેશ માતા સીતાને લઈને આકાશમાં અલોપ! હું પડ્યો અહીં, કેવલ રામની પ્રતીક્ષા... એમ મારા શ્વાસ ન છૂટે, પ્રભુ ! ક્યાં છો? તમે પધારો, પધારો... મારા છેલ્લા શ્વાસો આપની રાહ જુએ છે. હું, ગીધરાજ જટાયુ આપના આગમનની રાહ જોઉં છું. કેવળ રામના ચરણનું સ્મરણ અને રામનામ રટણ શ્વાસે શ્વાસે...

વિહ્વળ અને વ્યાકુળ એવા પ્રભુ રામના કરકમળથી અને એમના દર્શનથી જ મારી પીડાઓ જતી રહી...

હે ભવભંજન શ્રી રામજી ! સાંભળો, તમે જ મને મારા મસ્તક પરની જટા જોઈને નામ આપ્યું હતું જટાયુ.

હા, એ જટાયુ આજે અસમર્થ રહ્યો. મને ક્ષમા, પ્રભુ, ક્ષમા..!

હે નાથ, મારી આ દશા અસુરરાજ રાવણે કરી છે. તે જ દુષ્ટ જાનકીજીનું અપહરણ કરીને દક્ષિણ દિશામાં ગયો છે. સીતાજી કલ્પાંત કરી રહ્યાં હતાં. હે પ્રભુ! મેં આપના દર્શન માટે જ પ્રાણ રોકી રાખ્યા... હવે આ પ્રાણને તમે મુક્તિ આપો.

હેં હેં ! શું કહ્યું? મને તમે જીવિત રાખવા ઈચ્છો છો?

ના, નહીં. અંતિમ વેળાએ જેનું નામ મુખમાં આવી જાય તો અધમ પણ મુક્ત થઈ જાય એવા આપ જ્યારે મારા નેત્રો સામે સાક્ષાત ઊભા છો, ત્યારે હે નાથ ! હવે હું મારા જીવનમાં કોઈપણ ઉણપ જોતો નથી. માટે, શા માટે આ દેહને રાખવો? મને તો તમારા ખોળામાં સમાવી લો. માથે હાથ ફેરવીને મુક્તિ આપો નાથ ! મુક્તિ આપો, નાથ !

જેના મનમાં પોતાના ભોગે પણ બીજાનું હિત વસે છે અને સતત પરોપકાર કરવા અન્યાય અને દુરાચાર સામે લડે છે, તેમના માટે જગતમાં કંઈપણ દુર્લભ નથી. અત્યારે આપણે જે સમસ્યાઓથી ઘેરાઈ ગયા છીએ એ બધી જ સમસ્યાનો ઉકેલ માત્ર જટાયુ પાસેથી મળે છે. જરૂર છે પરહિતે ઝઝુમવાની, લડી લેવાની, હાર ન માનવાની અને સત્કર્મ માટે પ્રાણ પણ ત્યજી દેવાની. આવી જટાયુવૃત્તિ આપણા સૌમાં જીવંત રહે!

જય સિયારામ!

**જીવન સાધના છે.**

જીવન જ સાધના છે. સાધના સાર્વજનિક કરવા જેવી ચીજ નથી. સાધના વધે તો પ્રલોભન આવે છે, સુવિધાઓનો ઢગલો થવા લાગે છે. સંસારને બદલે સાધના માટે પ્રયત્ન કરો. સાધનાને જીવનથી જુદી ન સમજો. સાધકે અનુગ્રહનું સ્મરણ કરવું જોઈએ. આંસુ સહજ સાધના છે. કોઈપણ સાધકે જયાંથી શુભ મળે ત્યાંથી લઈ લેવું જોઈએ.સાધના કરવા માટે કોઈ યુનિફોર્મની જરૂર નથી.

આ જગત ગુણદોષોથી ભરેલું છે. કોઈ શું કહે છે, તેમાં પડવા કરતાં સારું હોય તે પકડવું. દુઃખમાં ભાંગી ન પડાય અને સુખમાં છકી ન જવાય, એ સમજણા માણસની નિશાની છે. તમે સાચા હો તો દુઃખી નહીં હસતાં હસતાં જીવો, સત્યનો વિજય હોય છે. આપણે સાચા હોઈએ તો ગભરાવાની જરૂર નથી. જેને જે કહેવું હોય તે વિશ્વાસ ભરોસો શ્રદ્ધા કયારેય છોડવી નહીં. ગુણાતીત સાત્ત્વિક શ્રદ્ધા એ સેતુનો પાયો છે અને વિશ્વાસ એ સેતુનો સ્થંભ છે. અને સાવધાની એ જ કે આપણાથી આ સેતુ તૂટી ન જાય એ ધ્યાન રાખવું.

મમતારહિત થઈ કર્મ કરો, કર્મમાં તમારી મમતા ન રહેવી જોઈએ. નિર્મમ થઈ કરો. મમતાથી રહિત થઈ કરેલું કર્મ યજ્ઞ છે. આસકિત વગરનું કર્મ યજ્ઞ છે. કર્મ જો પક્ષપાતરહિત હોય તો તે યજ્ઞ છે. સ્વાર્થરહિત કર્મ એ યજ્ઞ છે. અભિમાનથી મુકત કર્મ એ યજ્ઞ છે. 'નામ'નો મહિમા છે. 'પ્રભુ નામ' લેશે એ યજ્ઞ કરતો ગણાશે. ધર્મને વિવેકપૂર્વક જાળવવો અને કર્મને કરુણાપૂર્વક કરવું.

મોરારિબાપુ

વિજ્ઞાનીઓને ગૂઢ અધ્યાત્મવાદની જરૂર નથી અને તેવી જ રીતે ગૂઢ રહસ્યવાદીઓ કે અધ્યાત્મવાદીઓને વિજ્ઞાનના કોઈ વિષયની જરૂર નથી, પરંતુ માનવજાતને આ બંનેની એટલે કે વિજ્ઞાન અને અધ્યાત્મની જરૂર છે.

- ડૉ.ફિટજોફ કાપ્રા

**ભદ્રાયુ વછરાજાની**

---

આપણે જ આપણા ગુરુ છીએ. ગીતાજી કહે છે કે : ‘મારું શરીર, મારું કુટુમ્બ અને સમગ્ર અસ્તિત્વ મારા ગુરુઓ છે.’

---

આપણે આપણી જાતને એક સાદો પ્રશ્ન પૂછીએ કે આપણો જન્મ શા માટે થયો છે ? શું ખાલી પીલી જીવવા માટે ઈશ્વરે મોકલ્યા એટલે અહીં આવ્યા અને ઈશ્વર બોલાવશે એટલે પાછા ચાલ્યા જશો એટલું જ શું ? જીવવા માટે, ખાવા માટે, રળવા માટે, કુટુંબ માટે, પરણવા માટે, whatsapp પર ચેટ કરવા માટે ?? કઈ બાબત માટે આપણો જન્મ થયો છે ?? આ પ્રશ્નાર્થ છે જેનો આપણને સીધો જવાબ મળતો નથી. સીધો જવાબ જોઈતો હોય તો એવું કહી શકાય કે, આપણે સૌ જન્મીએ છીએ એટલે જીવીશું એટલે રોજબરોજની પ્રક્રિયામાંથી પસાર થઈશું, ઊંઘી જઈશું, સવારે ઉઠી જઈશું, બ્રશ કરીશું , નાસ્તો કરીશું, ભણવા જઈશું અથવા વાંચવા બેસીશું અથવા કોમ્પ્યુટર સામે બેસીશું અથવા ૨૪ કલાક મોબાઈલ ઉપર બેઠા રહીશું !! અને બપોર પછીનો સમય ફરી એકવાર આખો દિવસ ઢળતો હોય ત્યારની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થઈશું. આટલું બધું કરવા માટે જ શું આપણે જન્મ લીધો છે ? આપણા જન્મનો ઉદ્દેશ ગણો તો ખરેખર આટલો જ છે કે આપણે આનંદ અને મોજ કરવા માટે જ જન્મ લીધો છે. આપણે ભણ્યા, આપણે નોકરીએ લાગ્યા, આપણે પરણ્યા, આપણે સંતાનો થયા, આપણા સંતાનો મોટા થયા, એ સંતાનોને પરણાવ્યા, આ બધી પ્રક્રિયા એ આપણા જીવનનો એક ભાગ છે અને એ એક ભાગ એટલે જીવનને આનંદપૂર્વક વિતાવવા માટેની આ બધી કસરતો, બીજું કશું જ નહીં , આટલું જાણી લઈએ તો ખાતરી થાય કે હકીકતમાં જીવનનો ઉદ્દેશ જીવવું છે.

વિચારવા જેવો મુદ્દો એ છે કે, મિત્રો, આપણે લોકો જન્મ લઈએ છીએ પછી આપણને કોઈકે ઉછેરવું પડે છે. ગાયનું વાછરડું જન્મે તો એ થોડીવારમાં ચાર પગ ઉપર ઊભું થઈ જાય ને ચાલવા લાગે, પોતાની માતાને ચાટવા લાગે, થોડોક સરખો ચારો ખાવા લાગે છે ! પક્ષીનું કોઈ બચ્ચું હોય એ માળામાંથી નીકળે એક ડાળેથી બીજી ડાળે, બીજી ડાળેથી ત્રીજી ડાળે એમ ધીમે ધીમે આગળ વધતું જાય અને પછી એક દિવસ અનેક પક્ષીઓની જેમ આકાશમાં ઉડવા લાગે !! માણસના કિસ્સામાં આવું બનતું નથી. માણસની આજુબાજુ કશુંક જોઈએ છીએ. આપણે જન્મ લઈએ કે તરત જ આપણને ઈશ્વરે ચાલતા નથી કર્યા, કારણ કે આપણને જન્મ આપવો એ આપણા માતા-પિતાના જીવનનું એક બહુ મોટું સપનું હતું. એમાં એમનો ઉત્સાહ હતો. એમની સાંવેગિકતા જોડાયેલી હતી. એમની આશા હતી, અરમાન હતા કે, અમારા ઘરમાં એક બાળક અવતરશે તેની સાથે અમે એના જેવડા થઈ જઈશું. અને ફરીવાર અમને અમારું બાળપણ મળશે અને શક્ય છે કે અમારા બાળક દ્વારા અમારા જેવા જ એક માતા અથવા એક પિતાનું સર્જન થશે અને સૃષ્ટિનો ક્રમ જાળવવામાં અમારું પણ યોગદાન અમે આપી શકીશું... બસ, આ પ્રકૃતિમાંથી સર્જાયને અમારું સર્જન પણ ફરી એક સર્જન પ્રકૃતિને પરત કરશે અને પ્રકૃતિ ચક્ર ચાલતું રહેશે. આ જ તો જીવનનો ઉદ્દેશ્ય છે અને એમાં જ તો આનંદ છે.

આપણે આજે વાત કરવી છે ગુરુપૂર્ણિમાની. આ ગુરુ શબ્દ આપણે નાના હતા ત્યારે પહેલીવાર આપણા કાનમાં પડ્યો, સાત વારના એક અઠવાડિયામાં ગુરુવારથી, ‘આજે

ગુરુવાર છે', એમ જયારે કોઈએ કહ્યું ત્યારે આપણે અઠવાડિયાનો એક દિવસ અને એનું કોઈકે પાડેલું નામ એટલે ગુરુવાર, એવું જાણ્યું પણ જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ આપણને સમજાતું ગયું કે ગુરુવાર સપ્તાહનો એક દિવસ ખરો, પણ એમાં વપરાયેલો શબ્દ 'ગુરુ' ઘણો મોટો અર્થ ધરાવે છે અને એનું ઘણું બધું મહત્ત્વ છે. એ આપણો પથદર્શક બની શકે એટલો શક્તિશાળી શબ્દ છે. આપણે શેરીમાં હતા, રમત રમતા હતા, એકબીજા મિત્રો સાથે ધીંગા મસ્તી કરતા હતા, ત્યાં સુધી આપણને આ 'ગુરુ' એ શબ્દથી કૈંક વધુ છે એવું સમજાયું, પણ જેવા આપણે ભણવા માટે બેઠા અને સ્કૂલમાં ગુરુપૂર્ણિમાના ઉત્સવની વાત આવી અને એમાં સરસ્વતી માતાની છબી મૂકીને એમને આપણા 'ગુરુ' કહેવામાં આવ્યા ત્યારે આ 'ગુરુ' શબ્દ આપણને જરા વિશિષ્ટ લાગ્યો !

આમ જોઈએ તો જીવનના ચાર તબક્કાઓ છે અથવા તો એમ કહીએ કે, આપણે જીવનમાં ચાર વખત જન્મ લઈએ છીએ. મનોવિજ્ઞાનની દ્રષ્ટિએ આ ચાર જન્મના આપણા ચાર ગુરુઓ હોઈ શકે. આમ તો 'ગુરુ' શબ્દનો શાબ્દિક અર્થ બહુ સીધોને સાદો છે, 'ગુ' એટલે અંધારું અને 'રૂ' એટલે દૂર કરે તે.. આપણા જીવનના કોઈપણ તબક્કે જ્યારે આપણે અંધારામાં ફસાઈ જઈએ ત્યારે, આપણને ત્યાંથી આંગળી પકડીને પ્રકાશ તરફ લઈ જાય તે આપણો ગુરુ છે. સીધી સાદી વાત તો આટલી જ, પરંતુ પ્રશ્ન એ થાય કે જે બાળક ધીમે ધીમે વિકાસના અનેક તબક્કાઓમાંથી પસાર થઈ રહ્યું હોય એમાં વળી એને અંધારું ક્યાં આવે?? અને અંધારું આવે તો પ્રકાશ તરફ જવાની વાત આવે તેવી તેની સમજ ક્યાં હોય? આપણા ચાર જન્મમાંથી સૌથી પહેલો જન્મ એ ભરચક અંધારી કોટડીમાંથી આપણે બહાર આવીએ એ પહેલાનો જન્મ છે. આપણે આપણી માતાના ગર્ભાશયની અંદર લગભગ લગભગ નવ મહિના કાળ કોટડી જેટલા અંધારામાં પડ્યા હોઈએ છીએ અને આપણી માના પોષણ દ્વારા આપણે ધીમે ધીમે મોટા થઈએ છીએ. એક નાનકડું ફલિત અંડ હતું અને તે વિકસતું વિકસતું અઢી ત્રણ કિલોનું બાળક થઈ ગયું, જેને અંગ છે, ઉપાંગો છે, જેના શરીરની અંદર તંત્રો છે, કોષો છે, પેશીઓ છે, એવું બાળક જે નવ મહિના માતાના ગર્ભમાં ગાળે છે એ જન્મને આપણે કોષીય જન્મ અથવા તો સેલ્યુલર બર્થ કહીએ છીએ. પરંતુ આ કાળકોટડી કાયમની નથી રહેતી અને આપણને સમય થાય ત્યારે કોઈ બહારની આ દુનિયાના જીવન સાથે પરિચય કરાવે છે. આ પ્રક્રિયાની અંદર આપણે ગર્ભમાં આવ્યા એ માટે આપણા માતા-પિતા આપણા પહેલા ગુરુ છે. એમણે ધાર્યું, એમણે મનમાં એક સુંદર સર્જન માટે વિચાર્યું ત્યારે આપણે ગર્ભમાં જઈને સ્થિત થયા. આમ જીવનના પ્રથમ ગુરુ ગણીએ તો આપણા માતા-પિતા છે. ઉદાહરણ તરીકે આપણો કોષીય જન્મ પૂરો થયો. અંદર થવો જોઈએ તેટલો વિકાસ થયો અને આપણે હવે ભૌતિક જન્મ લેવા જઈ રહ્યા છીએ ત્યારે આપણને આપણી માતા બહુ મોટી પીડા ભોગવીને પણ બહાર લઈ આવે છે અને એ સમયે ત્યાં આપણી સામે બે હાથ પહોળા કરીને સ્વાગત કરવા તત્પર બે સ્ત્રીઓ હાજર હોય છે. હકીકતમાં એ બે સ્ત્રીઓ આપણા ધરતી પરના અવતરણના પહેલા સાક્ષીઓ છે. એમણે આપણને પ્રકાશમાં પહેલો શ્વાસ લેતા કર્યા છે. આપણને ખબર નથી કે એ કોણ હતાં? આપણે એને જીવનમાં ક્યારેય યાદ કરતા નથી, સંભારતા નથી. મારી માતા એકલપંડે મને જન્મ ના આપી શકી હોત !! મારી માતાના અરમાનો ફળીભૂત થયા છે એને પરિણામે મારી માતાની આંખમાં એક તેજ પુંજ જોવા મળે છે. મને જોવા માટે તત્પર એવા મારા પિતાશ્રી બહુ મોટા અરમાનો સાથે મારું સ્વાગત કરે છે અને હવે મારો સાંવેગિક જન્મ શરૂ થાય છે. અનેક પ્રકારના લોકો દ્વારા ટેકો મળે છે અને ઘોડિયામાં સૂતો હોઉં તો મારી ઘોડિયાની ઝોળીને નાની બેન અથવા તો આજુબાજુની કોઈ દીકરી અથવા તો મારા પપ્પા પણ હિંચોળે છે, આ સૌ મારા ગુરુ છે, કારણ તેઓ મને કશુંક શીખવી રહ્યા છે. મને ધીમે ધીમે એવા લોકો મળતા જાય છે કે જે મને ઉછેરવામાં મદદ કરે છે તે લોકો પણ મારા થોડા ઘણા અંશે ગુરુ છે. હું શીખવા લાગું છું, ધીમે ધીમે

દોડવા લાગું છું, ઘરમાંથી નીકળીને શેરીમાં જાઉં છું, શેરીમાં મિત્રોની વચ્ચે ભળી જાઉં છું અને જઈને સૌ સાથે રમું છું, આ દરેક વખતે કોઈ મારી બાજુમાં હોય જ છે. કોઈ મને ધક્કો મારી જાય તો મને એ શીખવા મળે છે કે, આપણને કોઈએ પછાડી દીધા હોય ત્યારે કોઈ બે ત્રણ જણા આપણને ઊભા કરવા પણ હાજર હોય છે આ સાંકેતિક ભાષા જેણે મને સમજાવી અને એક સંવેગ મારા મનમાં ઉમેર્યો, એ મારો ગુરુ છે.

સાંવેગિક જન્મમાં મારા સંવેગો અને મારી લાગણી ધીમે ધીમે ઘડાતી જાય છે આ સમય દરમિયાન કેટકેટલા લોકોને હું મળું છું અને મારી વાત એમને કહું છું, એમની વાત સાંભળું છું આ બધા લોકો મારામાં કશુંક મને ખ્યાલ ન આવે તેમ ઉમેરતા જાય છે. મારી કેટલીક શંકાઓને દૂર કરતા જાય છે. મને જગત અને જીવ હવે સમજાવવા લાગે છે. મારાં આ દરેક પગલાં પર જે જે લોકોએ, ઘટનાએ કે પરિસ્થિતિએ મને સાથ આપ્યો તે દરેકને મારે ગુરુ ગણવા જોઈએ.

મારો એક સીધો અને સાદો મુદ્દો છે કે, આજે હું તમારી સાથે એક વિષય ઉપર વાત કરી શકવાને સમર્થ બન્યો છું, એમાં હું એકલો જવાબદાર નથી. મારા ભૌતિક જન્મથી લઈને આજે આપની સાથે વાત કરી રહ્યો છું તે સામાજિક જન્મ સુધી મને ગણ્યા ગણાય નહીં એટલા મારા કુટુંબીઓએ, મારા શિક્ષકોએ, મારા મિત્રોએ, મારા વિરોધીઓએ, મને ઓળખનાર અને મને ન ઓળખનાર ઘણા બધા લોકોએ ટેકો કર્યો છે ત્યારે હું આજે અહીં ઊભો છું. આ બધા મારા ગુરુઓ છે. અને એ ગુરુઓને પ્રણામ કરવા માટે આજે ગુરુપૂર્ણિમા ઉત્સવ છે. આપને કદાચ એમ થશે કે આટલા બધા ગુરુ હોઈ શકે ?? ના, હકીકતમાં આપણે એને ગુરુ ગણતા નથી, પણ ગણવાં જોઈએ એવું મનમાં બરાબર બેસે એટલા માટે મેં આટલી લાંબી વાત કરી છે. મારે જે જ્યારે કરવું જોઈએ ત્યારે તે કરવા માટે જેણે મને ટચલી આંગળીનો ટેકો દીધો હોય તે મારો ગુરુ છે, આવી મારી માન્યતા છે. એમ કહેવાય છે કે, 'ચપટી ધૂળ જો આપણને મદદમાં આવી હોય તો આપણે તેનો આદર કરવો જોઈએ અને ક્યારેય પણ તેને વિસરવું ન જોઈએ', કારણ કે એ ધૂળ આપણને ફરી ક્યારેય ધૂળમાં મેળવી દે અથવા તો શિખર પર ચડાવી દે એ નક્કી નથી. અસ્તિત્વની આખી યોજના એવી છે કે, આજે જે મળે છે એ કદાચ કાલે નહીં મળે અને શક્યતા એવી છે કે, જે નહીં મળે એવું ધારેલ હોય એ વ્યક્તિ સાથે તમારે આખું જીવન વિતાવવાનો વારો આવે. એકપણ વ્યક્તિને ભૂલી જવી એ ખોટનો ધંધો છે. આપણી સમક્ષ ગુરુ દત્તાત્રેયનું ઉદાહરણ છે, જેણે ચોવીસ ગુરુઓ કરેલા! આપણને આજે આશ્ચર્ય થાય કે ચોવીસ ચોવીસ ગુરુ ?? આપણને ગુરુ દતાત્રયજી એ શીખવ્યું છે કે, શિક્ષાગુરુ અનેક હોઈ શકે.

હું જરા જુદી રીતે આખા વર્ગીકરણને મૂકવા માગું છુંઃ

આપણને આ પૃથ્વી ઉપર જન્મ આપનાર આપણા માતા-પિતાને અને અજ્ઞાત એવી અનેક વ્યક્તિઓને કે જેમણે આપણને ભૌતિક જન્મ સુધી સાથ આપ્યો છે તે સૌને આપણે 'ઉદ્ધવ ગુરુ' કહીએ. આપણા ભૌતિક જન્મ દરમ્યાન જેણે આપણને અનેક રીતે ટચલી આંગળીનો ટેકો કર્યો છે અને આપણને તારૂણ્ય સુધી ચાલતા કર્યા છે તેને આપણે 'ઉછેર ગુરુ' કહીએ. જીવનના પ્રશ્નને સમજી તેમાંથી માર્ગ શોધતા જેમને આપણને કોઈએ શીખવ્યું. આપણી લાગણી, આપણી ઊર્મિઓ, આપણા ગમા અને અણગમા વગેરે ઘડવામાં જેણે આપણને સાચો માર્ગ દેખાડયો છે તેને આપણે 'ઉદય ગુરુ' કહીએ. આપણને ભણાવી ગણાવીને સમાજમાં અથવા તો જીવનમાં કુટુંબના એક અગ્રણી તરીકે જેણે સ્થાન આપ્યું છે એ પ્રત્યેકને આપણે આપણા 'ઉમંગ ગુરુ' ગણી શકીએ. 'ઉદ્ધવ ગુરુ' મને જન્મ આપે છે, 'ઉછેર ગુરુ' મને પગ પર ઊભો થતા શીખવે છે, ઉદય ગુરુ મારા જીવનના ઉદય માટે પરિશ્રમ કરે છે અને ઉમંગ ગુરુ મને સદાકાળ માનવ બની રહેવાનો ઉત્સાહ ભરી આપે છે.

શ્રીમદ્ ભગવત ગીતામાં આપણને એવું કહેવામાં આવ્યું છે કે, આપણે જન્મ લઈએ ત્યારે આપણી સાથે ત્રણ પ્રકારની સંસ્થાઓ જોડાયેલી હોય છે અને આ ત્રણ પ્રકારની

સંસ્થાઓ માટે આપણે જીવીએ તેવી ભગવાન શ્રીકૃષ્ણની અપેક્ષા છે. પહેલી સંસ્થા એ શરીર છે. શરીરમાં વસેલા હાડકાઓ, સ્નાયુઓ, અંગ ઉપાંગો દરેકનું સંવર્ધન કરવું અને સુરક્ષા કરવી એ પહેલી આપણી ફરજ છે. બીજી સંસ્થા તરીકે શ્રીમદ્ ભગવત ગીતા આપણને કુટુંબની વાત કરે છે. અહીં કુટુંબ એટલે માત્ર મારું કુટુંબ નથી, પણ હું જેની જેની સાથે સંપર્કમાં આવું છું, મારા પાડોશી, મારા શેરીના મિત્રો, હું સ્કૂલે જાઉં ત્યારે મારા સ્કૂલના મિત્રો, સ્કૂલના શિક્ષકો... આ બધું કુટુંબ છે. કુટુંબ એટલે વસુધૈવ કુટુમ્બકમ એ સંકલ્પનાનું કુટુંબ છે. હું જેની સાથે શ્વસી રહ્યો છું તે પ્રત્યેક જીવ મારા કુટુંબનો સભ્ય છે આ કુટુંબના સભ્યોને સાચવી રાખવા, સંવર્ધિત કરવા અને તેની સુરક્ષા કરવી એ મારી બીજી ફરજ છે. શ્રીમદ્ ભગવત ગીતા ત્રીજી સંસ્થા તરીકે સમગ્ર અસ્તિત્વને આપણી સાથે જોડી દે છે અને એવું કહે છે કે, જે અસ્તિત્વએ તમને ઘડયા છે, તમને મોટા કર્યા છે, એ પંચમહાભૂતમાંથી તમે ઘડાયા છો, એ તમારી ત્રીજી સંસ્થા છે, એને કોઈપણ સંજોગોમાં નુકસાન ન થાય એ આપણી ફરજ છે. એને સાચવી રાખીને એને સંવર્ધિત કરવાનું અને એમાંથી આપણે જેટલું લીધું છે એના કરતાં અનેક ગણું પાછું આપવાનું કામ એ આપણી ત્રીજી સંસ્થા માટેનો ધર્મ છે.

ક્રમશઃ

(લોકભારતી, સણોસરા ખાતે ગુરુપૂર્ણિમા ઉત્સવ પ્રસંગે આપેલું વક્તવ્ય તા. ૨૧-૦૭-૨૪)

bhadrayu2@gmail.com

**આસકિત વગરનો પ્રેમ,એનું નામ કરુણા.**

કરુણા સહજ હોવી જોઈએ. કરુણા વિના પ્રેમ વિધુર છે. પ્રેમની છાયા કરુણા હોવી જોઈએ. કૃપા અને કરુણા બંને સગોત્ર છે. કૃપા આંખ છે, કરુણા આંસુ છે. કરુણા એ તત્ત્વ છે જે બધાં પર સમાન રૂપે વરસે છે. જે આપણી આંખના આંસુને જોઈ શકે ને લૂછી શકે, ફરી આંસુ આવે નહીં એવી પરમાત્માને પ્રાર્થના કરે એમના પર ભરોસો કરવો જોઈએ. આંખનું આંસુ જાઈ શકે એ સત્ય, લૂછે છે એ પ્રેમ અને ફરી કયારેય આંખમાં આંસુ આવવા ન દે એવી દુવા કરે એ કરુણા છે.

કરુણા યોગીના હૃદયની ઉપજ છે, ભોગીના હૃદયની ઉપજ નથી. ક્રોધ નર્ક છે. કરુણા સ્વર્ગ છે. કરુણા ધન પદાર્થ નથી, કરુણા પ્રવાહી છે અને બુદ્ધપુરુષની પાદુકારૂપ એવી કરુણા આપણા મસ્તક પર હોય છે. આશીર્વાદ કરુણાથી જ અપાય છે, કઠોરતાથી નહીં. પ્રેમનું સ્થાન હૃદય હોય છે, સત્યનું સ્થાન બહુધા જીભ છે, પરંતુ કરુણાનું સ્થાન વ્યકિતની આંખ છે. ક્રોધ નર્કનું દ્વાર છે, કરુણા સ્વર્ગનું દ્વાર છે. કરુણાથી અહિંસાનો જન્મ થાય છે. કરુણા કેવળ સુખ જ આપે. કરુણા માણસને અહિંસક રાખે.

મોરારિબાપુ

---

જે રામ સીતાનો ત્યાગ કરતા પહેલાં રડયા તે માનવ રામ હતા અને જે રામે લક્ષ્મણને સીતાના વનગમન માટે રથ તૈયાર કરવાની કઠોર આજ્ઞા કરી તે રાજા રામ હતા. સીતા પ્રત્યેનો પ્રેમ રામની વ્યકિતગત બાબત હતી. લોકાપવાદ થયો અને સીતાનો ત્યાગ થયો એ રાજા રામ માટે લોક-આરાધનાનો ધર્મ હતો. રાજા રામ રાજધર્મ આગળ પોતાના વ્યકિતગત પ્રેમનું બલિદાન આપતાં નહીં ખચકાય. રાજધર્મ સમષ્ટિની આરાધના માટે હોય, જયારે પ્રેમધર્મ વ્યકિતગત સુખ માટે હોય. રાજધર્મ સામે પ્રેમધર્મ હાર્યો. રાજા રામનો વિજય થયો, પરંતુ પ્રિયજન રામે હારીને આંસુ સાર્યા !

- ગુણવંત શાહ

## ૧૧ શ્રદ્ધાંજલિઃ લોકભારતી વિસ્તરણકાર્યના પ્રાણ શ્રી મનુભાઈ ઝાલાવાડિયા

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**

લોકભારતીના પૂર્વવિસ્તરણ વિભાગના વડા મનુભાઈ ઝાલાવાડિયાનો દેહ ૮૪ વર્ષની વયે તા. ૧૪ જુલાઈ ૨૦૨૪ના રોજ પંચમહાભૂતમાં વિલિન થઈ ગયો. તેઓ પોતાના નિષ્ઠાપૂર્વકના કાર્યોથી લોકભારતીમાં કાર્યરત રહ્યા હતા. શ્રી મનુભાઈ વિશેની કેટલીક વાત સ્મરણમાં તરી આવી છે જે અહીં મૂકી હળવો થાઉં...

જેનો જન્મ થાય તેની વિદાય નિઃશ્ચિત છે 'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ.' મનુભાઈ સદાય સ્મરણીય રહેશે તેમના સાત્ત્વિક કર્મો દ્વારા. લોકભારતીના વિદ્યાર્થી તરીકે અહીં જ રહીને જ તેઓ ઘડાયા,મઠારાયેલા. લોકભારતીના દાદાઓના સંગાથે રહીને જીવનની કેળવણી આત્મસાત્ કરી હતી. અહીંની હવાથી તેમનામાં કર્મઠપણું ઘર કરી ગયું હતું. જીવંત સ્નાતક બનીને સંસ્થામાં વિસ્તરણ અધિકારી તરીકે જોડાયા. તમે કેવી રીતે સકારાત્મક અભિગમથી સંસ્થાના ભાવાવરણમાં ભળી જઈને વિદ્યાર્થી ઉન્નતિના, સામાજિક નિસ્બતના કાર્યો કરો છો. લોકભારતીના નિયમોને પાળતા રહી તેઓએ જવાબદારીઓ વહન કરેલી હતી.

મનુભાઈને જે કાંઈ જવાબદારી સોંપાઈ તે સુપેરે વહન કરવાની તેમની તૈયારી રહેતી, ક્યારેય ના નહીં. વર્ષો સુધી મહેમાનગૃહના કર્તાહર્તા તરીકે મહેમાન ઘરનું સુચારું સંચાલન કરેલું. વિદ્યાર્થીના વાલી, ગ્રામજનોથી માંડીને દેશ-વિદેશના મહેમાનો, અધિકારીઓ, પ્રધાનો, પ્રવાસી ટૂકડીઓ આવે. મહત્ત્વની બેઠકોનું આયોજન અહીં થાય, કાર્યકરોના ઈન્ટરવ્યૂ અહીં મધ્યસ્થખંડમાં યોજાય. કોઈપણ મહેમાન આવે એની દરેકની યોગ્ય વ્યવસ્થા કરવામાં તેઓ નિષ્ણાત. લોકભારતીનો સર્વાંગી પરિચય આપે. કોઈને અધુરપ આવવા ના દે એવા મનુભાઈ ઝાલાવાડિયા હતા.

મનુભાઈ પંચોળી-'દર્શક'એ પાલીતાણા પાસે માઈધાર પંડિત સુખલાલજી લોકવિદ્યાલયની ૧૯૭૫માં સ્થાપના કરેલી. 'દર્શક'ની અવૈધિક શિક્ષણની સંકલ્પના સાકાર કરવા તેઓ ઘણા વર્ષો માઈધાર રહયા. જે તે સમયે બાળકો નાના, પ્રાથમિક શિક્ષણ સંતોષજનક નહીં છતાં તેમનામાં સમર્પણભાવ અકબંધ. અનેક પ્રવૃત્તિઓમાં પ્રાણપૂર્વક કાર્યરત રહેતા. જાણે કે 'દર્શક'ની ગ્રામાભિમુખતાને બરોબર સમજનારા માણસ.

મનુભાઈ ઝાલાવાડિયાનું દિશાદર્શક યોગદાન રહયું છે સિહોર પાસે રામનગર વસાહતના નિર્માણ માટે. આ શહેર પાસેના ચાર ગામોમાંથી ૧૧૦ કુટુંબ અસામાજિક તત્ત્વોના ત્રાસ-ભયને કારણે સિહોર ખુલ્લામાં વસવાટ કરે. ઉપર આભ, નીચે ધરતી. 'દર્શક'ને આ વાતની જાણ થતાં તુરંત ત્યાં પહોંચી ગયા. કામચલાઉ રહેણાંક માટે તંબુની વ્યવસ્થા. ભોજન માટે જરૂરી સાધન-સામગ્રી પહોંચાડવાની. જયાબહેન શાહ પણ તુરંત સક્રિય થયા. તમામ પરિવારોને ૧૦૦ ચોરસ વારના કાયમી પ્લોટ મંજૂર કરવાના, પાકા મકાન બાંધવાના, રસ્તા, પાણી અને વીજળીની વ્યવસ્થા. દરેકને ધંધા-રોજગારમાં સામેલ કરવાના. મનુભાઈ વંચિતોને સ્વમાનભેર જીવન જીવવાના હક્ક પૂરો પાડવા 'દર્શક' અને વડિલોના પુરુષાર્થને મૂર્તિમંત સ્વરૂપ આપવા સતત પાંચ વર્ષ સુધી પ્રસન્નતાપૂર્વક દોડતા રહયા. દલસુખભાઈએ પૂર્વ મહેસુલમંત્રીનો પદભાર ગ્રહણ કર્યા પછી સૌ પ્રથમ આ તમામ પ્લોટના કાયદેસર એલોટમેન્ટની મંજૂરી માટે પ્રથમ પોતાના હસ્તાક્ષર કરેલા. જયાબહેને આ વસાહતનું નામાભિધાન કર્યું રામનગર.

લોકભારતી આવા ઐતિહાસિક વિસ્તરણ કાર્યો કરવા માટે સક્ષમ બની શકી, મનુભાઈ ઝાલાવાડિયા જેવા કાર્યકરોને કારણે. લોકભારતી એના પૂર્વસૂરિ કર્મઠ કાર્યકરોના મજબૂત કાર્યોથી આજે ૭૧ વર્ષની મઝલ કાપીને ટકાઉ બનતી જાય છે. ઘણું જીવો મા લોકભારતી.

સદ્‌ગતના પૂયકાર્યોમાંથી પ્રેરણા મેળવતા રહીએ તે જ મનુભાઈ ઝાલાવાડિયાને યથાર્થ શ્રદ્ધાંજલિ છે.

મો. ૯૪૨૬૪૬૧૦૯૦)

## ૧૨ ભારતભૂમિની ઊર્જાવાન નારી : મલ્લમ્મા

**ટીના દોશી**

સત્તરમી સદીમાં તાલીમ આપીને યુદ્ધ કુશળ સ્ત્રીઓનું સૈન્ય તૈયાર કરનાર ભારતીય ઇતિહાસની જે પહેલી શાસક હોવાનું મનાય છે, પોતાના પ્રદેશની મરાઠાઓથી સુરક્ષા કરવા છત્રપતિ શિવાજી મહારાજને રણભૂમિમાં લલકારીને જેણે હરાવ્યા હતા અને યોદ્ધા રાણી તરીકે મશહૂર થઈ... કહો જોઉં, એ કોણ હશે? મલ્લમ્મા એનું નામ. કર્ણાટકના બેલાગવી જિલ્લાના બૈલહોંગલ ખાતે બેલવાડીની લિંગાયત રાણી. એવું કહેવાય છે કે મહાભારતના યુગમાં વનવાસમાં નીકળેલા પાંડવોએ જે એકચક્રાનગરીમાં મુકામ કરેલો એ જ સત્તરમી સદીનું બેલવાડી. આ બેલવાડીની રાણી એ મલ્લમ્મા. સોડે રાજા મધુલિંગ નાયકની એ પુત્રી હતી. રાજા ઈશપ્રભુની પત્ની હતી. બેલવાડી મલ્લમ્મા સાવિત્રીબાઈ તરીકે પણ જાણીતી હતી. ઘોડેસવારી, તલવારબાજી અને શસ્ત્ર ચલાવવામાં નિપુણ હતી. એણે શિવાજી મહારાજનો મક્કમતાથી મુકાબલો કરેલો. તેણે વીરગાચે કે વેરાગાચેમાં સાડી પહેરીને ઘોડાની પીઠ પર સવાર થઈને દુશ્મન દળોનો સામનો કરેલો. વીરાગાચે એટલે સૈનિકના પોશાકની આગળની ગડીઓને પીઠ પાછળ લઈ જઈને ખેંચીને કસવી કે બાંધવી. સેનાપતિના વેશમાં સજ્જ રાણી મલ્લમ્માએ એવું પરાક્રમ દાખવેલું કે શિવાજી મહારાજ દંગ થઈ ગયેલા.

મરાઠાઓ સાથેના ઘર્ષણના મૂળમાં શિવાજીના સૈનિકો તરફથી બેલવાડીના ખેડૂતોને કરવામાં આવેલી કનડગત હતી. બન્યું એવું કે એક વાર શિવાજી મહારાજે રાજ્યના કામેથી પાછા વળતાં પોતાના સૈનિકો સાથે બેલવડી નજીક રાતવાસો કર્યો. સૈનિકો બેલવાડીમાં દૂધ લેવા ગયા. પણ ગામડાંના ખેડૂતો પાસે સહુને પૂરું પડે એટલું દૂધ નહોતું. કે પછી તેમણે સૈનિકોને એમની માંગણી પ્રમાણેનું દૂધ ઉપલબ્ધ ન કરાવ્યું. એથી સૈનિકોને ગુસ્સો આવ્યો. ગાયોને દોહીને દૂધ લઈ લેવું એવું એમણે નક્કી કર્યું. મોડી રાત્રે સૈનિકો ખેડૂતોની દૂધાળી ગાયો છાવણીમાં લઈ ગયા.

ખેડૂતો સીધા પહોંચ્યાં રાજદરબારે. એમણે રાજા ઈશપ્રભુ અને રાણી મલ્લમ્માને શિવાજીના મરાઠા સૈનિકોની ફરિયાદ કરી. ઈશપ્રભુએ મરાઠાઓ પાસેથી ગાયો પછી આણવા પોતાના સેનાપતિ સિદ્ધનગોદ પાટિલને પાઠવ્યો. પણ શિવસૈનિકોએ સેનાપતિનું અપમાન કર્યું. સિદ્ધનગોદ છત્રપતિ શિવાજી મહારાજ પાસે રાવ લઈને ગયો, પરંતુ એમણે પણ સેનાપતિને ન સાંભળ્યો, ન દાદ દીધી.

સેનાપતિ સિદ્ધનગોદ ધોયેલા મૂળા જેવો પાછો ફર્યો. એણે મહારાણી મલ્લમ્માને શિવાજી અને શિવસૈનિકો દ્વારા કરાયેલા અપમાનની કહાણી સંભળાવી. મલ્લમ્મા કાળઝાળ. આમ તો એણે બેલાવડીની નજીક વિસામો કરી રહેલા શિવાજી મહારાજનું વાજતેગાજતે સ્વાગત કરવાનું વિચારેલું, પણ હવે પરિસ્થિતિ બદલાઈ ચૂકેલી. મલ્લમ્માએ અપમાનનો બદલો લેવાનું નક્કી કર્યું.

મલ્લમ્માએ બે હજારનું સંખ્યાબળ ધરાવતી મહિલા સેના સાથે મરાઠાઓ પર આક્રમણ કર્યું. રાણીએ ખુદ સ્ત્રી સૈન્યનું નેતૃત્વ કર્યું. સેનાપતિ સ્વયં રાણી હતી એટલે સ્ત્રી સેનાનો જુસ્સો આસમાને આંબેલો. રાણી અને એમની સ્ત્રી સૈનિકો નમૂનારૂપ વીરતા અને બહાદુરીથી શિવસૈનિકો પર તૂટી પડી. પરિણામે એકાદ કલાકમાં જ બસ્સો જેટલા સૈનિકો ઘાયલ થયા. દસબાર સૈનિકોનું મૃત્યુ થયું. મલ્લમ્મા અને એની મહિલાસેનાનું જોમ ને સાહસ અકબંધ હતું.

લડાઈના આ વળાંકે મરાઠા સેનાપતિ બેલવાડીના

ખેડૂતોનું પશુધન પાછું આપવા તૈયાર થઈ ગયો. પણ છત્રપતિ શિવાજીને સેનાપતિના સમર્પણની જાણ થઈ એટલે એ બગડ્યા. ક્રોધે ભરાઈને એમણે બેલવાડી પર ચડાઈ કરવાનો આદેશ પોતાના ઘોડેસવારોને આપ્યો. એમણે સ્પષ્ટ શબ્દોમાં હુકમ કર્યો કે, બેલવાડી પગે પડતું આવે અને આત્મસમર્પણ કરે ત્યાં સુધી હુમલો કર્યે રાખવો.

મરાઠા સેનાપતિએ પોતાની વેરવિખેર થયેલી સેનાને વીણીવીણીને એકઠી કરી. બેલવાડીને ઘેરી લીધું. ફરી એક વાર યુદ્ધ શરૂ થયું. લગાતાર પંદર દિવસ સુધી લડાઈ ચાલતી રહી. જોકે કેટલીક જગ્યાએ આ યુદ્ધ સત્તાવીસ દિવસ ચાલ્યાની નોંધ પણ મળે છે. આ યુદ્ધમાં મરાઠાઓએ રાજા ઈશપ્રભુની પીઠમાં ધારદાર છરો ભોંકી દીધો. ઈશપ્રભુ મરણને શરણ થયા. મલ્લમ્માએ આંસુ ન સાર્યા. વૈધવ્ય ઓઢીને એ વીરાંગનાએ વેરની વસૂલાત કરવાના સોગંદ લીધા.

આ અરસામાં એક દિવસ શિવાજી મહારાજે ધનાજીના નેતૃત્વમાં સૈનિકોને બેલવાડી પર હુમલો કરવા મોકલ્યા. પોતે વહેલી સવારે કેટલાક સહયોગીઓ સાથે નજીકના એક મંદિરમાં દેવીમાનાં દર્શને ગયા. રાણી મલ્લમ્માને આ બાબતની જાણ થઈ. એ મંદિરે પહોંચી. શિવાજી અને એમના સહયોગીઓ પર ઓચિંતો હુમલો કર્યો. એવું કહેવાય છે કે જ્યારે મલ્લમ્માએ હુમલો કર્યો, ત્યારે શિવાજીને એનામાં સાક્ષાત 'દેવી જગદંબા'નાં દર્શન થયાં. પછી શિવાજીને ખબર પડી કે એ તો બેલવાડીની મહારાણી મલ્લમ્મા છે. એથી શિવાજીએ કહ્યું: ''મા, મારાથી ભૂલ થઇ ગઈ છે... મને ક્ષમા કરો ! મારે તમારું રાજ્ય જોઈતું નથી !'' શિવાજીના આ નિવેદન પછી એ બન્ને વચ્ચે સુલેહ થઈ ગઈ.

કેટલાક ઈતિહાસકારોનું સંશોધન જોકે જુદો જ પ્રસંગ આલેખે છે. એ મુજબ મલ્લમ્માએ પોતાના રાજ્યના રક્ષણ માટે મરાઠા સેનાપતિ દાદાજી રઘુનાથ નેડકર સાથે યુદ્ધ કરેલું. યુદ્ધ દરમિયાન એક મરાઠા સિપાહીએ મલ્લમ્મા જે ઘોડા પર સવાર થયેલી એના પગ કાપી નાખ્યા. ઘોડો અસહ્ય પીડાથી નીચે ફસડાયો અને કણસવા લાગ્યો. મલ્લમ્મા પણ નીચે જમીન પર ઢળી પડી. પણ એ સ્ફૂર્તિ તથા ચપળતાથી ઊભી થઈ ગઈ અને ફરી યુદ્ધ કરવા લાગી. એટલામાં મરાઠા સૈનિકોએ મલ્લમ્માનો ઘેરાવ કર્યો. એને બંદી બનાવીને શિવાજી મહારાજ સમક્ષ ખડી કરી દીધી. શિવાજીને જયારે મલ્લમમાની વીરતા અને પરાક્રમની જાણ થઈ ત્યારે એમણે પ્રસન્ન થઈને એને એનું રાજ્ય પાછું સોંપી દીધેલું. માતા જીજાબાઈએ શિવાજીને ગળથૂથીમાં સ્ત્રીસન્માનનું શિક્ષણ પાયેલું. એથી મલ્લમ્મા પ્રત્યે સન્માન દાખવવા શિવાજીએ એને એનું રાજ્ય પાછું આપ્યું એવું માનવામાં આવે છે.

ઈતિહાસના બે ઘટનાક્રમમાં સાચો કયો એના અંગે કોઈએ ટિપ્પણી કરી નથી, પણ શિવાજી અને મલ્લમમાની વચ્ચે યુદ્ધ થયેલું એ નિર્વિવાદ હકીકત છે. કેટલાક પુસ્તકોમાં આ ઐતિહાસિક ઘટનાનો ઉલ્લેખ જોવા મળે છે. બેલવાડીની વિરાસતસમાં સ્થળ બ્રાહ્મણમથાના શિવ બસવ શાસ્ત્રી દ્વારા લિખિત 'થરતુરી પંચમરા ઈતિહાસ'માં આ પ્રસંગ આલેખવામાં આવ્યો છે. પ્રસ્તુત પુસ્તક પ્રમાણે બેલવાડીનો ઈતિહાસ ૧૫૧૧માં રાજા ચંદ્રશેખરથી શરૂ થાય છે અને એમાં શિવાજી અને મલ્લમ્મા વચ્ચે થયેલા યુદ્ધનો ઉલ્લેખ કરાયો છે. રણમેદાનમાં ઈશપ્રભુના મૃત્યુ પછી મલ્લમ્માએ શિવાજી સાથે લડાઈ કરીને એમને હરાવેલા એવું સ્પષ્ટ શબ્દોમાં લખાયું છે. યુદ્ધના અંતે થયેલી સંધિના પ્રતીક સ્વરૂપે યાદવદા પથ્થર કે યાદવ શિલાલેખની સ્થાપના કરવામાં આવી એવો ઉલ્લેખ પણ જોવા મળે છે.

શિવાજી અને મલ્લમ્મા વચ્ચેના યુદ્ધનો ઉલ્લેખ કરતુ બીજું પુસ્તક સંસ્કૃત ભાષામાં છે. મલ્લમ્માના શિક્ષક શંકર ભટ્ટારુએ લખેલા આ પુસ્તકનું શીર્ષક 'શિવ વંશ' છે. પુસ્તકમાં એવું નિરૂપણ કરાયું છે કે શિવાજીને બેલવાડીમાં મલ્લમ્માએ હરાવેલા. શિવાજીની પુત્રવધૂ તારાબાઈએ આ

પુસ્તકને પ્રથમ પુરસ્કાર આપેલો. સાથે એમ પણ કહેલું કે પ્રસ્તુત પુસ્તકમાં શિવાજી અને મલ્લમ્માનું સચોટ વર્ણન જોવા મળે છે. એ પછી જાણીતા ઇતિહાસકાર જદુનાથ સરકારે મરાઠી ભાષામાં લખેલા છત્રપતિ શિવાજીના જીવનચરિત્રમાં મલ્લમ્માનો ઉલ્લેખ સાવિત્રીબાઈ તરીકે કર્યો છે. એમણે મલ્લમ્મા અને શિવાજીના યુદ્ધની નોંધ કરી છે.

એક તત્કાલીન બ્રિટિશ દસ્તાવેજમાં એવી નોંધ કરવામાં આવી છે કે 'શિવાજી અત્યારે એક કિલ્લાની નજીક છે, જ્યાં એમણે શત્રુ તરફથી ઘણું ઘણું અપમાન સહન કરવું પડ્યું છે. વળી જે શિવાજીએ અનેક વિજય પ્રાપ્ત કર્યા છે તે એક રાણીને, એક સ્ત્રીને વશ કરવામાં સમર્થ ને સક્ષમ નથી.' અન્ય એક મરાઠી દસ્તાવેજમાં શિવાજીની જીત થઈ હોવાની નોંધ જોવા મળે છે. દસ્તાવેજ મુજબ એક મરાઠા મંત્રીએ મલ્લમ્માને બંદી બનાવી. પણ એની બહાદુરી જોઈને શિવાજી મહારાજે એને કેદમુક્ત કરી દીધી. મરાઠી ભાષામાં થયેલા અન્ય સંશોધનો જેડ શકવારી, ચિત્રગુપ્ત બખર અને ૯૧ કલામી બખરમાં મલ્લમ્મા અને શિવાજી વચ્ચે થયેલા યુદ્ધનું આલેખન જોવા મળે છે.

વીરાંગના મલ્લમ્માનાં શૌર્ય અને પરાક્રમ વિશે જાણીને કેટલાક વિદ્વાનોએ એને 'વીજળીપુત્રી' કહીને બિરદાવેલી. કારણ કે આકાશની વીજળીની જેમ જ મલ્લમ્મા ખુલ્લી તલવાર સાથે શત્રુઓ પર ચમકતી, ગરજતી અને વરસતી હતી!

નિયતિ મહામાનવોને પણ છોડતી નથી. માણસ નિયતિનું રમકડું છે. રામાયણ આપણને શીખવે છે કે નિયતિનો સ્વસ્થ સ્વીકાર કદી પણ મનુષ્યને પરાક્રમહીન નથી બનાવતો. સીતાહરણ થાય એ નિયતિ છે,પરંતુ સીતાને છોડાવવા માટે રામ રાવણને પરાજિત કરે એ પરાક્રમ છે. હજારો વર્ષો બાદ પણ રામકથા આજે પણ પ્રતીતિજનક જણાય છે. યુગ બદલાય છે, પરંતુ માણસ નથી બદલાતો અને માણસના ઈરાદા નથી બદલાતા. પરિણામે રામકથા કદી વાસી કે આઉટ-ઑફ-ડેટ નથી બનતી. રામ જો માનવ ન હોત, તો રાવણને મારવાનું એમને માટે કદી પણ શકય ન બનત. તેઓ રાવણને યુદ્ધમાં હણી શકયા એ ઘટના જ તેમના માનવત્વનો સૌથી મોટો પુરાવો છે.

---

રામ લોકોત્તર પુરુષ હતા તેની પ્રતીતિ એમની સ્વસ્થતાપૂર્ણ ત્યાગવૃત્તિમાં થાય છે. ભારતમાં સુંદર રીતે રાજય કરનારા પ્રજાપાલકો ઘણા થઈ ગયા. કેટલાય રાજાઓ પ્રજાના કલ્યાણ માટે બધું જ કરી છૂટનારા આદર્શ રાજવીઓ હતા,પરંતુ પિતૃવચનના પાલન માટે, સાપ કાંચળી ઉતારે તેમ રાજયના મોહને પડતો મૂકીને કોઈપણ જાતના વિવાદ અને વિષાદ વગર વનની વાટ પકડનારા રાજા રામ એક જ હતા.

રામના જીવનમાં જે જે આદર્શોની માવજત થઈ તે આદર્શોની ઉપાસના આપણા જીવનમાં થોડેક અંશે પણ ન થવાની હો તો રામાયણનો પોપટ-પાઠ નિરર્થક ગણાય. જે માણસ રામાયણનું પઠન કરતો રહે અને કોઈને આપેલા વાયદા ન પાળે તો તે રામને છેતરે છે એમ કહેવાય.આપણા દેશમાં રામને સતત છેતરનારા અંધશ્રદ્ધાળુ અને અજ્ઞાની રામભકતોની સંખ્યા ઓછી નથી. પરિણામે ધર્મોદય દૂર રહી જાય છે અને ધર્મ-ઘેલછાનો ઘોંઘાટ વધતો રહે છે.

- ગુણવંત શાહ

## ૧૩ ગાંધી ધબકાર : યુવાન ગાંધીની ઠંડી અને મક્કમ તાકાત

**સોનલ પરીખ**

ડરબન બંદરે શેઠ અબ્દુલ્લા પોતે મોહનને લેવા આવ્યા હતા. સ્ટીમર ડક્કામાં આવી અને નાતાલના લોકો પોતાના મિત્રોને લેવા સ્ટીમર પર આવ્યા ત્યાં જ મોહનને સમજાઈ ગયું કે અહીં હિંદીઓનું બહુ માન નથી. અબ્દુલ્લા શેઠને ઓળખનારા જે પ્રમાણે વર્તતા હતા તેમાંય એક પ્રકારની તોછડાઈ એને દેખાઈ. એને એ જોઈને નવાઈ લાગી કે અબ્દુલ્લા શેઠને જાણે આ તોછડાઈ સદી ગઈ હતી.

બે દિવસ પછી શેઠ અબ્દુલ્લા મોહનને ડરબનની કોર્ટ જોવા લઈ ગયા. ત્યાં કેટલીક ઓળખાણો કરાવી. કોર્ટમાં તેમના વકીલની પાસે મોહનની બેસવાની ગોઠવણ કરી. મેજિસ્ટ્રેટ મોહન સામે જોયા કરતો હતો. તેણે મોહનને પાઘડી ઉતારવા કહ્યું. મોહને તે ઉતારવાની ના પાડી અને કોર્ટ છોડી, કેમ કે એ જમાનામાં પાઘડી ઉતારવી એટલે માનભંગ સહન કરવો. તેણે તો આખો કિસ્સો અને પોતાના તેમ જ પાઘડીના બચાવનો કાગળ અખબારને મોકલ્યો. અખબારમાં એની પાઘડીની ચર્ચા ઘણી ઉપડી. 'અનવેલકમ વિઝિટર' તરીકે મોહન છાપે ચડ્યો. કોઈએ એનો પક્ષ લીધો તો કોઈએ એની ઉદ્ધતાઈની ટીકા કરી.

મોહનદાસ કરમચંદ ગાંધીની ઉંમર ત્યારે ૨૩-૨૪ વર્ષની. ૧૯મા વર્ષે તેઓ બેરિસ્ટર થવા ઈંગ્લેન્ડ ગયા, આવીને બે વર્ષ કઠિયાવાડમાં અને મુંબઈમાં વકીલાત કરી. વકીલાત તો ચાલી નહીં, પણ અનુભવસમૃદ્ધિ ચોક્કસ વધી. શ્રીમદ રાજચંદ્રનો આંતરિક ભરપૂરતા વધારનાર સંસર્ગ પણ આ જ વર્ષોમાં થયો.

પાઘડીના બનાવ પછી પાંચમે દિવસે એટલે કે ૧૮૯૩ની ૩૧મી મેએ પિટરમેરિત્સબર્ગ ઘટના બની. તેઓ ડરબનથી પ્રિટોરિયા જવા માટે ટ્રેનમાં બેઠા. ફર્સ્ટક્લાસની ટિકિટ હોવા છતાં અશ્વેત હોવાને કારણે થર્ડ ક્લાસમાં જવાનું કહેવામાં આવ્યું. એમ કરવાનો ઇનકાર કર્યો ત્યારે પિટરમેરિત્સબર્ગ સ્ટેશન પર તેમને ફેંકી દેવામાં આવ્યા. એ રાતે અપમાનથી સળગતા અને હાડ ગળી નાખે એવી ઠંડીમાં થરથરતા, જ્યાં આવ્યાને અઠવાડિયું જ થયું છે એવા અજાણ્યા દેશમાં, કોઈ અજાણ્યા સ્ટેશન પર ફેંકી દેવાયેલા એ યુવાનની મનઃસ્થિતિ કેવી હશે? વિચારોનું કેવું ઘમસાણ ચાલ્યું હશે એમના મનમાં?

'સત્યના પ્રયોગો'માં તેઓ લખે છે, 'મેં મારો ધર્મ વિચાર્યોઃ કાં તો મારે મારા હકોને સારું લડવું અથવા પાછા જવું, નહીં તો જે અપમાનો થાય તે સહન કરવાં ને પ્રિટોરિયા પહોંચવું અને કેસ પૂરો કરી દેશ જવું. કેસ પડતો મૂકીને ભાગવું એ તો નામર્દી ગણાય. મારા ઉપર દુઃખ પડ્યું તે તો ઉપરચોટિયું દરદ હતું; ઊંડે રહેલા એક મહારોગનું તે લક્ષણ હતું. આ મહારોગ તે રંગદ્વેષ. એ ઊંડો રોગ નાબૂદ કરવાની શક્તિ હોય તો દુઃખ અને અપમાન સહન કરવાં અને તેનો વિરોધ રંગદ્વેષ દૂર કરવા પૂરતો જ કરવો.' અને એમણે બીજી ટ્રેનમાં ગમે તે રીતે પણ આગળ જવું જ એમ નિશ્ચય કર્યો.

પછી શું બન્યું? બીજા દિવસે સવારે ગાંધીજીએ રેલવેના મેનેજરને અને અબ્દુલ્લા શેઠને લાંબા તારથી વિગત જણાવી. શેઠ રેલવે મેનેજરને મળ્યા. મેનેજરે આગળનો પ્રવાસ નિર્વિઘ્ને થાય એવી સૂચના મોકલી અને ગાંધીજી ચાર્લ્સટાઉન તો પહોંચ્યા. ત્યાંથી જોહાનિસબર્ગ સિગરામ-ઘોડાગાડીમાં જવાનું હતું. ત્યાં એક રાતનું રોકાણ હતું. પછી ફરી ટ્રેન લેવાની હતી. સિગરામના ગોરા માલિકે મોહનને ન બેસાડવા બહાના કાઢવા માંડ્યા. મોહને મક્કમતાથી વાત કરી એટલે બેસવા તો આપ્યું, પણ હાંકનાર પાસે. મોહનને અન્યાય સમજાયો, પણ તેને તકરાર કરવી ન હતી,

તેથી કચવાઈને ત્યાં બેસવાનું સ્વીકાર્યું. થોડી વારે અંદર બેઠેલો એક ગોરો સિગરેટ પીવા બહાર આવ્યો અને એક મેલું ગુણપાટ હાંકનારના પગ પાસે ફેંકી તેણે મોહનને કહ્યું, ‘ઊઠ, ત્યાં બેસ. મારે અહીં બેસવું છે.’ મોહને ના પાડી. પેલાએ એને ધમકાવ્યો, માર માર્યો.

રાત્રે હોટેલવાળાએ ‘અલાઉ’ ન કર્યો. અબ્દુલ્લા શેઠના પરિચિત વેપારીઓને નવાઈ ન લાગી – ‘આપણને હોટેલમાં થોડા ઉતરવા દે?’ સવારે બીજી ટ્રેન લેવાની હતી. વેપારીઓ કહે, ‘અહીં તો આપણને પહેલા કે બીજા વર્ગની ટિકિટ જ આપતા નથી.’ ગાંધીજીએ રેલવેના કાયદા જોયા. સ્ટેશન માસ્તરને મળ્યા. થોડી આનાકાની પછી, વચ્ચે કંઈ બને તો પોતાને સંડોવવો નહીં એ શરતે તેણે ફર્સ્ટક્લાસની ટિકિટ આપી. રસ્તામાં ગોરો ટિકિટચેકર એને ઉતારવા માગતો હતો. સાથી મુસાફર - એ પણ ગોરો જ હતો, તેણે ટિકિટચેકરને રોક્યો, ‘શા માટે એમને પજવો છો?’ રાતે એક અમેરિકન હબસીએ કમરો આપ્યો પણ કહ્યું કે ‘ડાયનિંગ હોલમાં નહીં, રૂમમાં જ ખાવું પડશે’ એને બીક હતી કે ગોરા ગ્રાહકો ભારતીય સાથે ખાવાનું પસંદ નહીં કરે. પછી જોકે બધા સાથે ડાયનિંગ હોલમાં ખાવા દીધું. પ્રિટોરિયા જઈને આ આખા બનાવ અંગે ચર્ચા કરી ત્યારે સાંભળવા મળ્યું, ‘અહીં રહેવું હોય તો અપમાન સહન કરવાં જ પડે’

ગાંધીજી લખે છે, ‘આ આખા અનુભવે મારા જીવનને નવો વળાંક આપ્યો. મારી સક્રિય અહિંસાની શરૂઆત એ દિવસથી થઈ.’ હકીકતે એ બનાવે ગાંધીજીના જીવનને જ નહીં, દક્ષિણ આફ્રિકાના, ભારતના, બ્રિટનના અને અમુક રીતે દુનિયાના ઇતિહાસને નવો વળાંક આપ્યો એમ કહી શકાય. ગાંધીજીને મરાયેલો એ ધક્કો અંગ્રેજોને ઘણો મોંઘો પડી ગયો.

ત્યાર પછી મોહને કેસના કામ સાથે દક્ષિણ આફ્રિકામાં વસતા ભારતીયોની સ્થિતિનો અભ્યાસ કર્યો. પ્રિટોરિયામાં જ એક સભા ભરી આખો ચિતાર ત્યાંનાં ભારતીયો સમક્ષ મૂક્યો. એ દક્ષિણ આફ્રિકામાં એનું પહેલું ભાષણ હતું. એમાં એણે સત્ય પર ખૂબ ભાર મૂક્યો. વેપાર કે વ્યવહારમાં શુદ્ધ સત્ય ન ચાલે એવી માન્યતાનો એ ભાષણમાં સારી પેઠે વિરોધ કર્યો અને વેપારીઓને કહ્યું કે એમની ફરજ બેવડી છે - પરદેશમાં આવવાથી એમની જવાબદારી દેશમાં હોય તે કરતાં વધે છે કેમ કે ખોબા જેટલા ભારતીયોની રહેણીકરણી પરથી કરોડો ભારતવાસીઓનું માપ થાય છે. અંગ્રેજોની સરખામણીમાં ભારતીયોની રહેણીમાં રહેલી ગંદકી તરફ પણ ધ્યાન ખેંચ્યું, ધર્મ અને ભાષાના ભેદો ભૂલી જવા પર ભાર મૂક્યો અને છેવટે એક મંડળ સ્થાપી ભારતીયોને પડતી હાડમારીનો ઈલાજ અમલદારોને મળી અરજીઓ કરીને કરવો જોઈએ એમ સૂચવ્યું. તેમાં પોતે બનશે તેટલો વખત વગર વેતને આપશે એમ પણ જણાવ્યું. એમણે જોયું કે સભામાં આવેલા મોટાભાગનાને અંગ્રેજી ઘણું ઓછું આવડતું હતું. પરદેશમાં અંગ્રેજી જ્ઞાન હોય તો સારું, તેથી ગાંધીજીએ જેમને વખત હોય તેમને અંગ્રેજી શીખવવાની તૈયારી બતાવી અને મોટી ઉંમરે પણ અભ્યાસ થઈ શકે એવી પ્રેરણા આપી. સમયાંતરે વધુ સભાઓ ભરી, પ્રિટોરિયામાં રહેતા બ્રિટિશ એજન્ટને મળ્યા, રેલવે સત્તાવાળાઓ સાથે પત્રવ્યવહાર ચલાવ્યો અને સારાં કપડાં પહેર્યાં હોય તેવા ભારતીયોને ઉપલા વર્ગની ટિકિટ આપવામાં આવશે એવી લેખિત બાંહેધરી લીધી.

બ્રિટિશ એજન્ટ પાસેથી મોહનને કેટલાક કાગળો મળ્યા, જેના પરથી તેને ઓરેન્જ ફ્રી સ્ટેટમાંથી ભારતીયોનો પગ કેવી નિર્દયતાથી કાઢી નાખવામાં આવ્યો હતો તે જાણવા મળ્યું. પ્રિટોરિયામાં તેણે દક્ષિણ આફ્રિકાના ભારતીયોની આર્થિક, સામાજિક અને રાજકીય પરિસ્થિતિનો ઘણો અભ્યાસ કર્યો – એને તો એક વર્ષના અંતે અથવા કેસ વહેલો પૂરો થાય તો તે પહેલા દેશ જતું રહેવું હતું, છતાં. આ અભ્યાસનો પાછળથી પૂરો ઉપયોગ થવાનો હતો, એ એને ત્યારે ખબર નહોતી.

ગાંધીજીને ઉતારી પાડનારાઓની વાતો વગર સમજ્યે માની લઈને હો-હા કરતા યુવાનોને એમની આ ઠંડી તાકાત અને મક્કમતાની પ્રતીતિ છે?

## ૧૪ મારી માને કેવું લાગે?

**વિશાલ ભાદાણી**

---

કેન્યાનો દોડવીર અબેલ મુતાઈ ફિનિશ લાઇનથી માત્ર થોડાક ફૂટ દૂર હતો, પણ સામે મૂકેલાં સાઈન બોર્ડને લીધે મૂંઝવણમાં મૂકાઈ ગયો અને એને એમ લાગ્યું કે એણે રેસ પૂરી કરી લીધી. એટલે એ અટકી ગયો.

એની બરાબર પાછળ એક સ્પેનિશ દોડવીર, ઇવાન ફર્નાન્ડિઝ, સ્પીડથી આવી રહ્યો હતો. એને ખ્યાલ આવી ગયો કે શું થઈ રહ્યું છે. એટલે એણે મુતાઈને બુમ પાડીને કીધું, 'દોડ' ! પણ મુતાઈને સ્પેનિશ ભાષા આવડતી નહોતી. એટલે એ ત્યાં ઊભો રહ્યો. શું થઈ રહ્યું છે તે સમજીને, ફર્નાન્ડિઝે મુતાઈને જીત તરફ ધક્કો માર્યો..!

એક પત્રકારે ઇવાનને પૂછ્યું, 'તમે આવું કેમ કર્યું ?'

ઇવાને જવાબ આપ્યો, 'મારું સપનું છે કે એક દિવસ આપણે એવી દુનિયા બનાવીએ કે જ્યાં આપણે એકબીજાને જીતવા માટે ધક્કો મારીએ.'

પત્રકારે આગ્રહ કર્યો, 'પણ તમે મુતાઈને કેમ જીતવા દીધો?' ઇવાને જવાબ આપ્યો, 'મેં એને જીતવા દીધો નથી, એ જીતવાનો જ હતો. આ રેસ એની જ હતી.'

પત્રકારે વળી આગ્રહ કર્યો, અને ફરીથી પૂછ્યું, 'પણ તમે જીતી શક્યા હોતને??'

ઈવાને તેની સામે જોઈને જવાબ આપ્યો, 'પણ મારી એ જીતની શી કિંમત? એ મેડલમાં શું ગૌરવ હોત? અને એથીય આગળ મારી માને કેવું લાગે?'

કેટલી સુંદર વાત ! કોઈપણ ખોટું કામ કરતાં પહેલાં આપણને એવું થાય કે આની જાણ મારી માને થશે ત્યારે એને કેવું લાગશે તો ઘણી દુર્ઘટનાઓ ટળી જાય. હે ને??

આ જગત મહત્ત્વકાંક્ષા, સ્પર્ધા, ઈર્ષા, સફળતા અને શોષણના ક્રમે આગળ વધી રહ્યું છે ત્યારે દરેક માણસને આવો વિચાર આવે કે 'મારી માને કેવું લાગશે?' એવી અસ્તિત્વને પ્રાર્થના.

### (૨) અંધારાની મા

નોર્વેમાં સતત ૧૨ દિવસ સુધી સતત અજવાળું જોઈને, અંધારું જોવા માટે આંખો જાણે વિરહિણી બની ગયેલી. વળતાં વિમાનની બારીમાંથી ટગર ટગર જોયા કરું કે અંધારું ક્યારે થશે ! અંધારામાં પ્રકાશનું કિરણ શોધાય પણ ત્યાં સૂર્યની સતત હાજરીમાં અંધારું કેમ જડે? કોડિયું કે તારોલીયા, પ્રકાશ માટે કોઈક તો આવી જાય પણ અંધારાનું એવું નહીં. અંધારું સળંગ અને સતત હોય. એને બોલાવવા મેં આંખો બંધ કરીને પણ 'જોયું' પણ એ તો ખાલી પડદો પડ્યો; ઘોર અંધારા જેવું બીજું કંઈ નહીં !

ત્રણેક વાગે ઊંઘમાંથી સફાળો બેઠો થયો અને અંધારાના આંજણ થયાં. નાનકડી બારીમાંથી માનો ખોળો હોય એવું અંધારું પથરાયેલું જોયું. હાશ, મારાં ઓરતાં પૂરાં થયાં ! કેટલું સરસ ! મેં પોતાને જ કીધું, 'અંધેરા મુબારક હો!'

મને બાળપણમાં જેણે ખૂબ બીવરાવેલો એ આ અંધારું આજે આટલું વહાલું કેમ લાગે છે? એ વખતે અંધારું બિહામણું લાગતું ને આજે એ જ સોહામણું લાગે છે..! આપણે અજવાળું ભલે ઉજવીએ પણ જેમાં અજવાસ ઉછરે છે એ અંધારું સૃષ્ટિના ઉદર જેવું નથી લાગતું?

બાળપણમાં રાત્રે મને કહેવાતું કે ઝડપથી સુઈ જા નહીંતર અંધારાની મા આવશે...! ત્યારે એમ થતું કે જો અંધારું આટલું બિહામણું લાગે છે તો એની મા કેવી હશે! અને હું તરત સુઈ જતો. આજે એમ લાગે છે કે સાચે જ અંધારાની મા હોય છે નહીંતર આ ૧૨ દિવસના ઉપવાસ બાદ પારણાં કરાવવા બીજું કોણ આવે !

## ૧૫ લોકભારતી અને તેની પરોઢ

**ડો. દિનુ ચુડાસમા**

---

સણોસરા ગામના પાદરમાં, કુદરતના અંકમાં લોકભારતી ગ્રામવિદ્યાપીઠનો રમણીય પરિસર ધબકે છે. લોકતીર્થ કહી શકાય એવું આ રળિયામણું પરિસર અમથું અમથું જીવતાં માણસને જીવંત માણસ બનાવવાનું યજ્ઞકાર્ય ગત ૭૧ વર્ષથી કરે છે. ગાંધીવિચાર-દર્શન પ્રેરિત ગ્રામાભિમુખ કેળવણીના ક્ષેત્રે કાર્યરત આ વિદ્યાધામ આધ્યાત્મિક, વિદ્યાપુરુષ નાનાભાઈ ભટ્ટ દ્વારા તા.૨૮/૫/૧૯૫૩-બુદ્ધપૂર્ણિમાને દિવસે-શુભમુહરતમાં ગાંધીજન કાકાસાહેબ કાલેલકરના પવિત્ર હસ્તે એનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલું. વર્ગને સ્વર્ગ તરીકે આત્મસાત્ કરનાર કવિ ઉમાશંકર જોશીએ ફઈબા બની નામ આપ્યુંઃ 'લોકભારતી'. એક ભારતની કવિવર રવીન્દ્રનાથ ટાગોર નિર્મિત વિશ્વભારતી- શાંતિનિકેતન અને ગુજરાતમાં નાનાભાઈ ભટ્ટ સર્જીત લોકભારતી જાણે કે એક જ સ્વર્ગમાંથી પ્રગટીને ધરતી ઉપર અવતરણ કરનાર વિદ્યાની જાહ્નવીઓ છે. આ સરિતાઓ આગળ ધપતી રહી અનેકોની તૃષા તૃપ્ત કરવાનું શુકનવંતુ કાર્ય કરતી આવી અને કરતી રહેશે. સંસ્થાનો વિકાસક્રમ જાણવા અને માણવા જેવો છે. એ માટે તો સંસ્થાની ઊર્જાવાન ભૂમિમાં પદયાત્રા કરવી પડે. સંસ્થાની સુગંધને પામતા,સંસ્થાના ભાવાવરણને આત્મસાત્ કરવું પડે,એની ધૂળમાં અનુષ્ઠાન કરીએ, શ્વાસોશ્વાસમાં શ્વસીએ તો લોકભારતી હૃદયપ્રદેશમાં અંકુરિત થાય.

લોકભારતી લોકતીર્થની ચેતનવંતી ધરામાં વિનોબાભાવે, વિમલા ઠકાર, સ્વામી આનંદ, રવિશંકર મહારાજની આત્માની ઊર્જા પ્રસરેલી છે. નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી 'દર્શક',ઈસ્માઈલભાઈ નાગોરી, ઝવેરભાઈ પટેલ,મનુભાઈ દવે જેવા અખિલાઈસભર લોકોનું સત્ત્વશીલ સમર્પણ અર્પણ થયેલું છે. અનેક કર્મઠ કાર્યકરોની પ્રલંબ નામાવલિ લોકભારતીના સોનેરી પાને અંકિત થયેલી છે. ઈતિહાસનું ઉજળું પાનું આજે પણ ધબકતું આગળના ઈતિહાસને રચવા પ્રતિબદ્ધ છે. ભારતની પ્રથમ ગ્રામવિદ્યાપીઠ બનવાનું માન લોકભારતીની ઓળખ બની, તો વર્ષ-૨૦૨૨માં જેના મજબૂત પાયા નંખાયા તે આત્મનિર્ભર-ટકાઉ : લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ-ઈનોવેશન પણ દેશભરમાં એક જ છે.

લોકભારતીના ભાવાવરણની સૂરમય સવારની વાત મારે આલાપવી છે. મા લોકભારતી આજે તો એના પૂર્વસૂરિ દાદાઓના અને એના કર્મઠ કાર્યકરોના યજ્ઞકર્મને લીધે પ્રકૃતિની સંનિધિએ અડિંગો જમાવી બેઠી છે. એનું જમાપાસુ કહો તો આજના વૈશ્વિક તાપમાનના સમયમાં વર્ષ-૨૦૨૪ની ગરમીએ ભૂતકાળના બધાં રેકોર્ડ તોડી નાખ્યાં હોય. જ્યાં ક્રોકિટના જંગલો વધતાં અને કુદરતી જંગલો ઘટતાં જાય, ધૂળિયાં મારગને સ્થાને ડામરના રસ્તાઓ આવી ગયા ત્યારે લોકભારતીનો વૃક્ષ સુશોભિત પરિસર મનને ઢાઢક આપે છે. આજના લોકોને વૃક્ષમય જીવનધારાની મહત્તા સમજાવી જાય છે. આસપાસ ડુંગરા અને ડુંગરાળ પ્રદેશમાં જે બાયોડ્રાયવર્સિટિ ધબકે છે એ વિશે તો એક અલગ લેખ તૈયાર કરવો પડે.

લોકભારતીની આનબાનશાન એનું દિવ્યતમ્ ભાવાવરણ કહી શકાય. વૃક્ષો,વેલીઓ, ફૂલછોડ અહીં પનપતા રહી વાતાવરણને સૌન્દર્યનો સંસ્પર્શ આપે છે. વૃક્ષો,ફૂલછોડની માવજત કરવી એ અહીંના વિદ્યાર્થીઓ, કાર્યકરો, ટ્રસ્ટીઓ, મેનેજિંગ ટ્રસ્ટીનો ધર્મ જ સમજો. ૪૦૦ વિઘામાં પ્રસરેલી સંસ્થામાં ૨૫૦ વિઘામાં ખેતી થઈ રહી છે. એમાં-ચીકુવાડી,આંબાવાડી, સિતાફળ,જામફળ અને લીંબુની વાડીઓ અને સાત પ્રકારના બોરની વાડીઓ વિકસી છે. અહીંની ચીકુવાડી એ તો લોકભારતીનું હૃદય જ સમજો. સંસ્થાની ૬૦ વર્ષનો અનુભવ ધરાવતી ગૌશાળામાં ૧૧૬ ગીર ઓલાદની ગાયો સમગ્ર પરિસરમાં રહેતા એક હજાર લોકો,૭૦૦ વિદ્યાર્થીઓ અને ૩૦૦ કાર્યકર પરિવારની

દૂધની જરૂરિયાતને પૂરી કરી આપે છે. લોકભારતીમાં આવેલ ઘઉં સંશોધન કેન્દ્રના સોનેરી ઈતિહાસથી સૌ વિદિત છે. ‘લોકવન’ ઘઉંની જાત શોધી આપીને મા ભારતીને ખાદ્ય અનાજમાં સ્વાવલંબી બનાવવામાં સમગ્ર ભારતમાં લોકભારતી એમના નૂતન-બીજ સંસ્કરણ લોકવન ઘઉંથી કીર્તિવંત બની છે. ઝવેરભાઈ પટેલ જેવા કૃષિસાધકના ઝવેરાતથી - લોકવન ઘઉં-બીજ આજે તો સમગ્ર ભારતના ખેતરોમાં વાવેતર કરી લાખો ટન અનાજ કૃષકો મેળવી રહ્યા છે. લોકભારતી કૃષિક્ષેત્રે પણ કેવું પ્રદાન કરી રહી એની ખાત્રી સમગ્ર ભારતના માણસોને લોકવન-ઘઉંએ આપી હતી.

લોકભારતીમાં જે ઊર્જા-ચેતના રહેલી છે એ એના ભાવાવરણમાં આવનાર, રહેનાર સમસંવેદનશીલ માણસ અનુભૂતિ કરી શકે છે. લોકભારતીમાં પરોઢ, વહેલી સવાર હળવે હળવે ઉઘડે,ઉઘાડ પામે ત્યારે પામનારને ભીતરની શાતા અને અમૃતનો અનુભવ થઈ શકે છે. મોરલા અને કોયલના ટહુકાઓ સમગ્ર લોકભારતીમાં સંભળાય ત્યારે મંદિરના ઘંટારવનું સ્મરણ થઈ આવે. પક્ષીઓના કલરવથી કોઈ દેવસ્થાનના દ્વાર ઉઘડી રહ્યા હોય અને સામે જ પરમાત્મા બિરાજમાન હોય એવી દાર્શનિક અવસ્થા આસ્થાવાન માણસમાં ઘર કરી જાય છે. અહીંના ચેતનવંતા પરિસરમાં ભળભાખળું થાય એટલે સંગીતના સૂરો રેલાય. સંસ્થામાં ઉત્સવ વિભાગ દ્વારા ભજનની હેલી મંડાય, જે સમગ્ર વાતાવરણને ભજન સરિતામાં સ્નાન કરાવી આપે ને વળી એમાં પાછા પક્ષીઓના કલરવ ઉમેરાય... એટલે પરોઢમાં જ સંગીતનો રસથાળ મળે...ભીતરની જડતા પીગળે..પરોઢે કુદરતના લયને આત્મસાત્ કરવાનો અવસર સાંપડે.

લોકભારતીમાં ઊતરતી જાજરમાન પરોઢ માણસને શું નજરાણું આપે છે? અધિક કહું આપને... આંખો બંધ કરી, કાન મારગે કુદરતના તાલને ભીતર ઊતારો એટલે અંતરમાં આનંદની ભરતી પ્રસરી જાય. અતૃપ્ત કાન તૃપ્તિ પામે..પરોઢનો નિનાદ મનથી પીઈએ તો આંખમાંથી સેંજળ ટપકે...આ અશ્રુધારા હળવાશ આપે..પીડામાંથી પરમ તરફની ગતિ મળે. જીવનમાં ઉત્સાહ, ઉત્સવ બેવડાય જાય, સકારાત્મક ભાવસંપદા અંતરને અનહદ તરફ વાળે...અનંત શાંતિ, સુખનો અહેસાસ કરાવી આપે છે. રઝળતા માણસને ઝળહળ કરતી પરોઢ એની આંતરસંપદામાં વધારો કરે, ચહેરા ઉપર ઓજસ આવી જાય, ચક્ષુમાં લીલીછમ વસંત લહેરાય જાય, હાથમાં માણસને બેઠા કરવાનું બળ ઉમેરાય, પગમાં નૃત્ય થનગન થનગન થાય. જેમ જેમ પરોઢનું અજવાળું અધિક અભિવ્યકત થતું જાય તેમ તેમ અંતરના હિંચકે ઉમંગનો પાર્દુભાવ થાય. આસપાસના ફૂલોમાંથી સુગંધ ઘ્રાણેન્દ્રિય વાટે લોહીમાં ભળી જાય માણસનું અસ્તિત્વ સુગંધિત બને. વૈચારિક જગતની ભૂમિ ફળદ્રુપ ફસલથી લહેરાય. માણસનું મનોવલણ સકારાત્મકતા તરફ આગળ વધે, એના સ્થાયિભાવમાં કલ્યાણવૃત્તિ અને માણસાઈ ઉમેરણ પામે. ખરો માણસ હોય તો પર્યાવરણ સંરક્ષણ કરવાનું પ્રણ લે. વૃક્ષો વાવી ઉછેરવાનો સંકલ્પ કરે, જળ બચાવવાની અહાલેક જગાડે. પ્રાણીઓ,પક્ષીઓ તરફ અનુરાગ સેવે. જમીનમાં ઝેરી રસાયણો- પદાર્થો નાખે નહીં. અકારણ આડોડાઈ, અદેખાઈ કરતા લોકો તરફ તમને પ્રેમ ઉપજે. સફળતાની દોડમાં દોડતાં લોકોને રસ્તો કરી આપવા તમે કિનારે બેસી જાઓ એમ પણ બની શકે છે. પરિણામે આપણમાં સત્ત્વ, સત્ય અને પ્રેમ ભળે. ચહેરા ઉપર પરોઢના સમયને પીતાં પીતાં બાળકોનું મૃદુ સ્મિત અંકુરિત થઈ જાય. આત્મામાં સહજપણું અને મોજીલી યાત્રા ઘર કરે. ભાગતી જિંદગીને,આપણી દોડતી માનસિકતાને અટકાવ આપે. આ સમયે- આપણે પ્રાર્થનામાં પ્રોવાયે એટલે માણસને માફ કરી દેવાની સુટેવ ઊગીને મહોરે તેથી છે. અજાણ્યાને સ્મિત આપવાનો સેતુ સર્જાય. અંધકારમય જીવનમાં ઉજાસ પ્રગટે. રણમાં બિન મોસમ બારીશ આયે..જીવન મીઠું લાગે.

લોકભારતીમાં વહેલી સવારે લોકશિક્ષણ પરિસરમાં વર્ષોથી પ્રાણવાયુ પીરસતા,શીતળ છાયો આપતા લીમડા નીચે બેસી માણેલી આ પળો મારા જીવનમાં સમજ,શાંતિ,વિવેક,સંવેદના,સદ્ સંસ્કાર ઉમેરી મારી સંવેદનાને કરુણાવાન બનાવતી રહે, જીવન જીવંત હોવા તરફ આગળ ધસે છે.

મો.-૯૬૬૨૭૮૭૫૮૭

## ૧૬ જગતનો તાત : ખેડૂત

ડો. સંજય આર. તલસાણીયા

ગાંધીજી કહેતા કે, 'ખેડૂતનું પરિશ્રમી જીવન એ જ સાચું જીવન છે.' ફિનિક્સ આશ્રમમાં તેઓ ખેડૂત બન્યા હતા. તેઓ પરિશ્રમ અને ઉદ્યમી જીવનના ફળ પણ ચાખી ચૂક્યા હતા અને એટલે જ તેઓએ બુનિયાદી શિક્ષણમાં પરિશ્રમ, જાત-મહેનતની હિમાયત કરી હતી. 'જય જવાન જય કિસાન' સૂત્ર આપનાર લાલ બહાદુર શાસ્ત્રી આજે આપણને સહજ યાદ આવે. દેશની સુરક્ષાની વાત આવે તો સૈનિકોની પ્રતિબદ્ધતા અને રાષ્ટ્રભક્તિથી છાતી ગજગજ ફુલવા લાગે છે. ખેડૂતના અણથક પરિશ્રમી જીવન અને તેની ધીરજને જોઈ તેને વંદન કરવાનું મન થઈ આવે. માટે તો આપણે કિસાનને 'જગતનો તાત' અને 'અન્નદાતા' કહીએ છીએ. વિચારો જોઈએ કે જો એ પરિશ્રમ છોડી દે, તો ડૉક્ટર, વકીલ, શિક્ષકો અને અન્ય વ્યવસાયકારોના પરિવારનું ભરણપોષણ કઈ રીતે થાય? ડૉક્ટર જે સલુકાઈથી દર્દીને ઈન્જેક્શન આપે એટલી જ કુનેહથી ખેડૂત પોતાના પાકની માવજત કરે, ગોડ કે નિંદામણ કરે છે. મારી દ્રષ્ટિએ ખેડૂતનો વ્યવસાય ડૉક્ટર કરતા જરા પણ ઊતરતો નથી ! માટે તો ગાંધીજી કહેતા કે, 'વકીલ અને વાળંદ બંનેનું વેતન સમાન હોવું જોઈએ.' શું એ વિભાવના, એ વેતનના હકદાર આપણા ખેડૂતો નથી ? ખેડૂતને પોતાના પરિશ્રમથી તૈયાર કરેલ પાકના ભાવ નક્કી કરવાનો અધિકાર હોવો જોઈએ. તો અને તો જ તેના પરિવારનું ગુજરાન પણ સરસ ચાલે.

એક લેખમાં વાંચ્યું હતું કે 'લોકોનું આરોગ્ય ડૉક્ટરના હાથમાં નહીં ખેડૂતોના હાથમાં છે.' કેમકે ખેડૂત વધુ ઉત્પાદનના લોભે જમીનમાં પુષ્કળ રાસાયણિક ખાતર નાખે છે, પાકમાં જંતુનાશક દવા છાંટે છે તેથી લોકોને કેન્સર થાય છે' પરંતુ આવી નોબત આવી કેમ? કેમ કે ખેડૂતને તેની મહેનતનું પૂરતું વળતર મળતું નથી. કરુણતા પણ એવી કેવી? મહેનત ખેડૂત કરી રાત-દિવસ, ભૂખ્યા-તરસ્યા, ટાઢ-તડકો વેઠી રાત દિવસ મહેનત કરી પાક તૈયાર કરે પરંતુ પોતે તૈયાર કરેલા પાકના પોતે નાણાં નક્કી ન કરી શકે? એ સરકાર નક્કી કરે ! એ તે કેવો ન્યાય? આજે ખેડૂતોની આત્મહત્યાના કિસ્સાઓ વધી રહ્યા છે. આપણે એ ન્યૂઝ ચા-નાસ્તો કરતાં કરતાં જોઈ લઈએ છીએ. એ આપણી મૂક-બધિરતા અને સંવેદનહીનતા છે.

વિશ્વમાં આર્થિક મંદીનું મોજું કોરોના અને કોરોના પછી ફેલાઈ રહ્યું છે એવા ટાણે આપણો દેશ વિકાસ ભણી અગ્રેસર થઈ રહ્યો છે, સૌનું ગાડુ ગબડી રહ્યું છે એ જાણો છો કોને કારણે? આપણા ખેડૂતભાઈઓને કારણે ! ભારત ખેતીપ્રધાન દેશ છે તેથી વૈશ્વિક મંદીની આપણા દેશની એટલી માઠી અસર થતી નથી એ આપણા ખેડૂત ભાઈઓને આભારી છે.

એક કહેવત છેઃ 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી.' પહેલાના સમયમાં ખેતીને શ્રેષ્ઠ ગણવામાં આવતી. આર્થિક ઉપાર્જનમાં ભલે આપણે આજે ખેડૂતના વ્યવસાયને સામાન્ય સમજતા હોઈએ પરંતુ ખેડૂતનો વ્યવસાય માનસિક, શારીરિક દૃષ્ટિએ હું ચડિયાતો સમજું છું, કેમકે જીવનનિર્વાહ અને જીવન જીવવાનો પદાર્થપાઠ તો ખેડૂત પાસેથી જ શીખવા મળે છે! જ્યારે અષાઢ માસ વરસ્યા વગરનો જાય, ઘરમાં દાણા-પાણી ખૂટી ગયા હોય અને હવે તો, શ્રાવણ માસ પણ કોરોકટ જાય ત્યારે તેના જુવાનજોધ ખેડૂતપુત્રની ધીરજ જવાબ દેવા લાગે, તે પૂછે, 'બાપુ હવે શું થશે? આ વર્ષ આમને આમ કોરું નહીં જાય ને?' ત્યારે અનુભવી અને ખંતીલો બાપ-ખેડૂત કહે : 'કોઈ વાંધો નહિ

દીકરા, દેવાવાળો દીનોનાથ બેઠો છે! ' આવી ધીરજ અને સાંત્વના જ્યારે જુવાન દીકરાને મળે ત્યારે એ મોળો નથી પડતો, એને હૈયામાં હામ આવી જાય છે અને જે કંઈ રૂપિયા છે અને થોડુંક માંગીતુસી એ વર્ષ પૂરું કરે છે. એવામાં પણ દુષ્કાળમાં અધિકમાસ આવે છે ત્યારે તો જાણે ખેડૂતના મોતિયા મરી જાય ! ભલેને તે અંદરથી તૂટી ગયો હોય પરંતુ જુવાન દીકરાને ધીરજ આપે છે. વળી ઘણી વખત કુદરત મહેર કરે અને ખૂબ સારો વરસાદ થાય અને લીલો કંચન બાજરો, જુવાર, મગફળી, કપાસ થાય ત્યારે મંદિરમાં ભક્ત શ્રીહરિના દર્શન કરીને જે રીતે પુલકિત થઈ જાય. આ બાપ-દીકરાને ખેતર-વાડીમાં લટાર મારતા જોવા પણ એક લહાવો છે. એવે વખતે ખેતર-વાડીને છેડે, કોઈ ગાય ઘૂસી ગઈ હોય અને પાકને નુકસાન કર્યું હોય, એ જોઈ દીકરાનું મન ખાટું થઈ જાય, ત્યારે ખેડૂત બોલી ઊઠે, 'ભગવાને એને પણ પેટ આપ્યું છે, એ થોડા રાડા ખાઈ ગઈ એનો વાંધો નહીં આપણે થોડી વધુ મહેનત કરી લઈશું.'

આવી શીખામણ આપતા ખેડૂતને આપણે 'અભણ', 'ગામડિયો' કેમ ગણવો? આપણે 'ભણેલા-ગણેલા' કહેવાતા શિક્ષિતો આપણા સંતાનોને આવી ધીરજ ધરતા, કુદરતના ન્યાયને સ્વીકારતા, માફ કરવાની ભાવના વિકસાવવામાં, સાદગી-સંયમના પાઠ અને પરિશ્રમી જીવન જીવવાની વાત શીખવવામાં ગોથું ખાઈ ગયા હોઈએ એવું સ્પષ્ટ લાગે છે. તેથી તો ક્લાસ વન અધિકારીની આત્મહત્યાના કિસ્સાઓ વાંચી-સાંભળીને દુઃખ થાય છે. જો એ ખેડૂત પરિવારમાં જન્મ્યો હોત તો, જીવનની ચડતી-પડતી, ગુસ્સો, અપમાન આ બધું સહન કરતા શીખી ગયો હોત અને આવો કરુણાંત ન આવ્યો હોત. આપણે બાળકોને ભણાવ્યા તો ખરા પણ ગણાવવાનું ચૂકી ગયા છીએ. આ બધા પાઠ યુનિવર્સિટીમાંથી શીખવા ન મળે, એ તો અનુભવી અને ખંતીલા ખેડૂતના જીવાતા જીવનમાંથી જ શીખવા મળે ! મારું જો ચાલે તો સમગ્ર ગુજરાત માટે એવો અભ્યાસક્રમ ઘડી કાઢું કે જેમાં પ્રત્યેક વિદ્યાર્થીને કૉલેજ સુધીમાં ઓછામાં ઓછા છ માસ તો અજાણ્યા ખેડૂતના ઘરે જઈ રહેવાનું, જમવાનું, મહેનત કરી ખેડૂત બનવાનું ફરજીયાત કરું. કેમકે, તો જ તેને ખ્યાલ આવે કે જિંદગી શું છે? પરિશ્રમ શું છે? જીવનમાં કેટ-કેટલું સહન કરવું પડે? ટાઢ-તડકો વેઠવો પડે અને તેને પરિશ્રમી જીવનનું ભાન થઈ આવે. અને હા, તો જ તેને અન્નના એક-એક કણનો મહિમા સમજાય, પાણીના એક એક બુંદનો, વૃક્ષનો, પશુ-પક્ષી, જીવ-જંતુનું એને ભાન થાય! લોકભારતી સણોસરા અને ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં આવો અભ્યાસક્રમ આજે પણ ચાલી રહ્યો છે. જેમાં ઇન્ટર્નશીપ(ઓફ કેમ્પસ)માં ત્રણ થી છ માસ વિદ્યાર્થીઓને ફરજિયાતપણે અજાણ્યા ગામડામાં, અજાણ્યા ખેડૂત પાસે મોકલવામાં આવે છે. 'ઓફ કેમ્પસ' પૂર્ણ કર્યા પછી તો આવી તાલીમ પામેલ વિદ્યાર્થીઓનું જીવન તદ્દન બદલાઈ જાય છે. આ વિદ્યાર્થીઓ જીવનમાં કોઈ જગ્યાએ પાછા પડતા નથી, મહેનત કે ઉદ્યમ કરવામાં શરમ- સંકોચ અનુભવતા નથી, તે કોઈપણ સરકારી નોકરીના ઓશિયાળા રહેતા નથી.

તાત્પર્ય એ કે આ ખેડૂતને ભલે અભણ સમજતા હોઈએ, પરંતુ તેના જીવનના આદર્શો, મૂલ્યો, જીવનશૈલી શિક્ષિતો કરતાં જરા પણ ઓછી નથી. આવો ! આપણે જેટલું સ્થાન-માન આપણા શિક્ષકો, ગુરુજનોને આપીએ છીએ એટલું જ માન-સ્થાન ખેડૂતોને આપીએ. ઈશ્વર સૌને ખેડૂત જેવી ધીરજ, ઉદારતા, સાહસ, સહનશીલતા, સહજતા બક્ષે !

મો.૭૯૯૦૫૦૯૨૯૩

કોઈએ પયગંબરને પૂછયુંઃ 'ઈસ્લામની શ્રેષ્ઠ બાબત કઈ છે?'

જવાબઃ 'ભૂખ્યાને ભોજન આપવું અને જેમને ઓળખતા ન હોઈએ તેમને સલામ પાઠવવી તે'

-બુખારીની હદીસ

## ૧૭ સામૂહિક ચેતના

**ભાણદેવજી**

---

મનોવિજ્ઞાનની અનેક શાખાઓ છે. એક શાખા છેઃ પ્રાણી-મનોવિજ્ઞાન. પ્રાણી- મનોવિજ્ઞાન પ્રાણીઓના વર્તનનો અભ્યાસ કરે છે. એક વાર પ્રાણીઓના વર્તનનો અભ્યાસ કરનાર આ મનોવૈજ્ઞાનિકોનું એક મહાસંમેલન અમેરિકામાં ગોઠવાયું. આ સંમેલનમાં ચિમ્પાન્ઝી વાંદરાઓની શિક્ષણપ્રક્રિયા વિશે સંશોધન- અભ્યાસ કરવાનું નિર્ધારિત થયું. આ પૃથ્વી પર વાંદરાઓની અનેક જાતિઓ છે. આ જાતિઓમાં ચાર જાતિઓ પ્રમાણમાં વધુ વિકસિત અને વધુ બુદ્ધિમાન ગણાય છેઃ ચિમ્પાન્ઝી, ગોરીલા, ગબ્બન અને ઉરાંટઉટાંગ.

નિર્ધારિત કર્યા પ્રમાણે પ્રાણી મનોવૈજ્ઞાનિકોની એક ટુકડી પર્યાપ્ત સાધનસામગ્રી સાથે પેસિફિક મહાસાગરના એક ખૂબ દૂરના ટાપુમાં પહોંચે છે. તેમણે સૌએ વીસ ચિમ્પાન્ઝી પસંદ કર્યા. તેમણે પોતાના સંશોધન-અભ્યાસના આયોજન પ્રમાણે આ વીસ ચિમ્પાન્ઝીઓને નક્કી કરેલી વિવિધ આવડત પ્રાપ્ત કરવા માટે તાલીમ આપી. આ વીસ ચિમ્પાન્ઝીઓ ત્રણ મહિનામાં નિર્ધારિત આવડત પ્રાપ્ત કરી શક્યા.

આમ આ ટાપુ પરનું સંશોધનકાર્ય પરિપૂર્ણ થયું. મનોવૈજ્ઞાનિકો પેસિફિક મહાસાગરના બીજા ટાપુ પર જાય છે. આ ટાપુ પર પણ માનવવસ્તી હતી નહીં, હા, ઘોર જંગલ હતું અને અન્ય પ્રાણીઓની સાથે ત્યાં ચિમ્પાન્ઝીની પણ મોટી વસ્તી હતી. મનોવૈજ્ઞાનિકોની આ મંડળીએ આ ટાપુ પરના ચિમ્પાન્ઝીઓમાંથી વીસ ચિમ્પાન્ઝીઓ પસંદ કર્યા. આ ટાપુ પરના ચિમ્પાન્ઝીની આ પસંદ કરેલી મંડળીને પણ તે જ બાબતો શીખવવાનો પ્રારંભ કર્યો, શિક્ષણકાર્ય આગળ ચાલ્યું. પરિણામ જાણીને આ વૈજ્ઞાનિકો આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગયા. બન્યું એવું કે પ્રથમ ટાપુ પરના ચિમ્પાન્ઝીઓને જે બાબતો શીખતાં ત્રણ મહિના લાગ્યા હતા, તે બધી જ બાબતો આ દ્વિતીય ટાપુ પરના ચિમ્પાન્ઝીઓ બે મહિનામાં શીખી ગયા. આમ બન્યું કેવી રીતે?

આ દ્વિતીય ટાપુ પરના ચિમ્પાન્ઝીઓનું શિક્ષણકાર્ય, કસોટીકાર્ય અને સર્વ વિગતોની નોંધણીનું કાર્ય- આ સર્વ સારી રીતે પરિપૂર્ણ કરીને મનોવૈજ્ઞાનિકોની મંડળી પેસિફિક મહાસાગરના તૃતીય ટાપુ પર જાય છે. પ્રથમ ટાપુ અને દ્વિતીય ટાપુ વચ્ચેનું અંતર લગભગ એકસો કિ.મી. હતું અને બંને ટાપુઓના ચિમ્પાન્ઝીઓ વચ્ચે કોઈ સંપર્કસૂત્ર પણ હતું નહીં. તે જ રીતે આ તૃતીય ટાપુ પણ પ્રથમ બંને ટાપુથી દૂર હતો અને તેમની વચ્ચે પણ કોઈ સંપર્કસૂત્ર હતું નહીં.આશ્ચર્ય ! પ્રથમ ટાપુ પરના ચિમ્પાન્ઝીઓને જે વિગતો શીખતાં ત્રણ મહિના લાગ્યા હતા અને તે જ વિગતો શીખતાં દ્વિતીય ટાપુ પરના ચિમ્પાન્ઝીઓને બે મહિના લાગ્યા હતા તે જ વિગતો શીખતાં તૃતીય ટાપુ પરના ચિમ્પાન્ઝીઓને માત્ર એક મહિનો લાગ્યો. સંશોધન કરનારા આ મનોવૈજ્ઞાનિકો આશ્ચર્યથી સ્તબ્ધ બની ગયા. આમ બન્યું કેવી રીતે ?આ ત્રણેય ટાપુ પરના ચિમ્પાન્ઝીઓ વચ્ચે કોઈ સંપર્કસૂત્ર નથી. પ્રથમ ટાપુ પરના ચિમ્પાન્ઝીઓ કરતાં દ્વિતીય ટાપુ પરના ચિમ્પાન્ઝીઓની શૈક્ષણિક ક્રિયા ઝડપી બની અને આ દ્વિતીય ટાપુ પરના ચિમ્પાન્ઝીઓ કરતાં તૃતીય ટાપુ પરના ચિમ્પાન્ઝીઓની શૈક્ષણિક ક્રિયા ઝડપી બની. આ ઘટના પાછળનું રહસ્ય શું?આ રહસ્યને સમજવા માટે ફરી એક પ્રાણીમનોવૈજ્ઞાનિકોનું સંમેલન ભરાયું. ખૂબ ચર્ચાવિચારણા આદિ થયાં.

આખરે તેમણે સ્વીકાર્યુંઃજેમ ચિમ્પાન્ઝીને પોતાની વ્યક્તિગત ચેતના છે, તેમ સમગ્ર ચિમ્પાન્ઝી જાતિની પોતાની એક સામૂહિક ચેતના પણ છે. સર્વ ચિમ્પાન્ઝીઓ સામૂહિક ચેતનારૂપી ગ્રિડથી જોડાયેલા છે, તેમ માનવજાતિમાં સામૂહિક ચેતના અને તેમની ગ્રિડ- વ્યવસ્થા છે કે નહીં? કેમ ન હોય?શા માટે ન હોય ? છે જ !

## ૧૮ સંસ્થા સમાચાર (જુલાઈ, ૨૦૨૪)

**સંકલન : પ્રશાંત મહેતા**

**લોકભારતી સમાચાર**

- શ્રી અરુણભાઈ દવે, શ્રી અર્ચનાબહેન દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી વિશાલભાઈ ભાદાણીને પૂ. મોરારિબાપુની નોર્વના ટ્રોમ્સો મુકામે યોજાનાર રામકથામાં આવવા નિમંત્રણ મળેલ. તા.૦૨ના રોજ સૌને આ યાત્રા માટે શુભેચ્છાઓ આપવાનો એક ઉપક્રમ સાયં પ્રાર્થનાના અનુસંધાને કરવામાં આવ્યો. તેઓ સૌ તા.૦૩જીના રોજ આ વિદેશપ્રવાસઅર્થે લોકભારતીથી રવાના થયાં. તેઓ તા.૧૬મીએ ત્યાંથી પરત આવી ગયાં. તા.૧૭મીની સાયં પ્રાર્થનામાં સૌને આવકારવામાં આવ્યાં.
- તા. ૦૫ના રોજ અધ્યાપનમંદિરમાં પ્રથમ વર્ષના ૧૦૨ તાલીમાર્થીઓએ પ્રવેશ મેળવતા દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ પરંપરાગત વિધિ અને લેજીમના તાલે નવા તાલીમાર્થીઓનું સ્વાગત કર્યું.
- લોકભારતી અધ્યાપનમંદિરમાં નવા વર્ષના શૈક્ષણિક સત્રના આરંભે સંસ્થાના વડીલો શ્રીરામચંદ્રભાઇ પંચોળી, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ સંમેલનમાં વિદ્યાર્થીઓને પ્રાસંગિક વાતો કરી.
- તા.૦૯ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ શ્રી મનોજભાઈ અગ્રાવત અને શ્રી ધીરુભાઈ રાઠોડના માર્ગદર્શન નીચે આણંદ કૃષિ યુનિવર્સિટી અને અમૂલ ડેરીની મુલાકાતે બે દિવસિય શૈક્ષણિક પ્રવાસ માટે જઈ આવ્યા.
- નોર્વેની કથા દરમિયાન પૂ.બાપુની ઉપસ્થિતિમાં યોજાતી સાંજની બેઠકોમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી વિશાલભાઈ ભાદાણી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ ક્રમશઃ વક્તવ્યો રજૂ કર્યાં, જે બહુ જ પ્રસંશનીય રહ્યાં.
- તા.૧૧ના રોજ શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા આંબલા સંસ્થા દ્વારા આયોજિત અભિમુખતા શિબિરમાં 'ગ્રામાભિમુખ કેળવણી દ્વારા ગ્રામોદ્ધાર' વિષય પર વ્યાખ્યાન આપી આવ્યા.
- તા. ૧૫ થી ૩૦ સુધી અધ્યાપનમંદિરના દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓની ઈન્ટર્નશીપ યોજાઈ જેમાં માંડવડા-૧, ભારાપરા, સરકડિયા, પીપરડી, ભૂતિયા, મોટીખોખરી(દ્વારકા), ચાપરડા, અમૃતવેલ નેસ, જસાધાર, ચિખલકુબા, બળધોઈ વગેરે શાળાઓમાં તાલીમાર્થીઓએ શૈક્ષણિક કાર્યની સાથે રમતોત્સવ , વૃક્ષારોપણ, બાલમેળા, ખજાના શોધ, ચિત્ર દોરવા , વાચન-લેખન સ્પર્ધા, નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધા, શાળા સફાઈ , અભિનય ગીતો જેવી પ્રવૃત્તિઓ કરાવી અધ્યયન અનુભવો મેળવ્યા.
- તા. ૧૬થી ૧૮ દરમિયાન 'નેક પીઅર ટીમ ગાઈડલાઈન્સ વેબિનાર'નું આયોજન થયું. લોકસેવા મહાવિદ્યાલયના આચાર્ય તથા કાર્યકરો હાજર રહેલ.
- તા.૧૮મીના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને વિપસ્યના ધ્યાન કેન્દ્ર-ટોડીથી શ્રી ચંદ્રિકાબહેન ઘેલાણી અને શ્રી બેલાબહેન આવ્યાં અને વિપસ્યના ધ્યાન વિશે જાણકારી આપી.
- તા.૨૧મીના રોજ લોકભારતીના ગુરુપૂર્ણિમા

ઉત્સવના મુખ્ય મહેમાન તરીકે લોકભારતી યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને જાણીતા શિક્ષણવિદ્ શ્રી ભદ્રાયુભાઈ વછરાજાનીએ, ગુરુપરંપરાને નાવીન્યપૂર્ણ રીતે વ્યક્ત કરીને ગુરુપૂર્ણિમાનું વિદ્વતાપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. દરેક છાત્રાલયનાં પ્રતિનિધિશ્રીઓ તથા કાર્યકર પ્રતિનિધિશ્રીએ દક્ષિણામૂર્તિ દેવ સમક્ષ રિક્તપાણિ ઋણદાન કરી પોતાની ભાવના અર્પણ કરી.

- લોકભારતીમાં કાર્યરત સર્વોદય સહકારી પ્રકાશન સંઘની સામાન્યસભા તા.૨૧ના રોજ શ્રી રામચંદ્રભાઈ પંચોળીના અધ્યક્ષસ્થાને સંપન્ન થઈ, જેમાં બહારથી પણ ઘણા સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા.
- તા.૨૨ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના સેમેસ્ટર-૦૧ના વિદ્યાર્થીઓના સત્રારંભે લોકભારતી પરિવારવતી લોકસેવા પરિવારે સ્વાગત કર્યું.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૨ના રોજ ૪૨ દિવસ માટે  મુખ્ય સેવિકા વર્ગના પ્રારંભે શ્રી હસમુખભાઈ દેવમુરારીએ બાળમાનસ અને બાળકેળવણી અંગે પ્રેરક પ્રવચન આપી વર્ગને ખુલ્લો મુક્યો.
- જાણીતા સફાઈ ચળવળના પ્રણેતા અને ગાંધીનગર-સુઘડ સ્થિત પર્યાવરણ અને સફાઈ સંસ્થાના સ્થાપક શ્રી જયેશભાઈ પટેલ  તેમની સાથે વિનોબા આશ્રમ-શાહજહાંપુર(ઉ.પ્ર.)ના શ્રી રમેશભાઉ તથા હરિજન સેવક સંઘ-દિલ્હીના શ્રી સંજયભાઈને લઈને તા.૨૨ના રોજ પધાર્યા. વિદ્યાર્થીઓ સાથે તેમનો સંવાદ કાર્યક્રમ તા.૨૩મીના રોજ રાખવામાં આવ્યો.
- તા. ૨૪-૨૫ના રોજ અધ્યાપનમંદિરના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓની અભ્યાસક્રમના ભાગરૂપે ઈન્ટર્નશીપ યોજાયેલ. જેમાં એક દિવસ માઈધાર સંસ્થામાં  જઈ ડૉ. ભાવનાબેન પાઠકના માર્ગદર્શન તળે પર્યાવરણ વિષયનું અધ્યાપન અને શૈક્ષણિક પ્રવૃત્તિઓની સમજ મેળવી હતી. જ્યારે બીજા દિવસે દક્ષિણામૂર્તિ બાલમંદિર અને બાલ અધ્યાપનમંદિર , અંધ ઉદ્યોગશાળા અને ઘરશાળા અધ્યાપનમંદિરની મુલાકાત લઈને ત્યાંની પ્રવૃત્તિઓ વિષે જાણકારી મેળવી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૬ના રોજ રાત્રી પ્રવૃત્તિમાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની પ્રાર્થનાબહેને તાલીમાર્થીઓને રસપ્રદ શૈલીમાં બાલવાર્તા, જોડકણા,તથા ગીતો અભિનય સાથે કરાવ્યા અને બાળકોને કેવી રીતે સરળતાથી શીખવી શકાય તેની ઉદાહરણ સાથે સમજણ આપી.
- તા. ૨૬ના રોજ અધ્યાપનમંદિરમાં કારગિલ વિજયની રજતજયંતિ નિમિત્તે શહિદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. તાલીમાર્થીઓ શ્રી હરદેવભાઈ બારૈયા અને શ્રી મનીષભાઈ મકવાણાએ સ્વાધ્યાય રજૂ કર્યો. શ્રી અમિતભાઈ સાસાણીએ  સમગ્ર ઘટનાને ફોટો અને વીડિયો દ્વારા સમજાવીને ભારતીય સૈનિકોએ દાખવેલશોર્યની વાતો કરી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૭ના રોજ જિલ્લા પંચાયત ભાવનગરથી વિભાગીય હિસાબનીશ  શ્રી કૃણાલભાઈ લાઠીગરા તાલીમાર્થીઓ સમક્ષ લોકલ ફંડ નિયમો – ૧૯૭૪ અને લોકલ ફંડ નિયમો – ૨૦૨૪  સંદર્ભે વ્યાખ્યાન આપી ગયા.
- તા.૨૮ના રોજ અધ્યાપનમંદિરમાં રાળગોન પ્રાથમિક શાળાના બાળકો સંસ્થા મુલાકાતે આવી ગયાં.
- તા. ૨૯ અને ૩૦ દરમિયાન 'ઈનોવેશન ટુલ કીટ- રોબોકાર્ટ ટ્રેનિંગ' કાર્યક્રમ સંદર્ભે મુંબઈ વીરમાતા જીજાબાઈ ટેકનોલોજીકલ ઈન્સ્ટિટ્યૂટના

શ્રી સૌરવભાઈ કાંબે દ્વારા ત્રણેય વર્ષના વિદ્યાર્થીઓનો ઈલેકટ્રોનિકસ અને ઈલેટ્રિકલ ગેજેટ્સની પ્રાથમિક માહિતી પ્રત્યક્ષ તાલીમ ટૂલ કીટ નિદર્શન રજૂ થયા. આ કાર્યક્રમનું સંકલન શ્રી કિશોરભાઈ હિરાણીએ કર્યું. સૌ કાર્યકરો ઉપસ્થિત રહ્યા. શ્રી હસમુખભાઈ દેવમુરારિએ સમાપન બેઠકમાં પ્રાસંગિક વકતવ્ય આપ્યું અને શ્રી મનોજભાઈ અગ્રાવત દ્વારા આભારવિધિ કરવામાં આવી.

- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૩૦ના રોજ સિહોર તાલુકા પંચાયતમાંથી મુખ્ય હિસાબનીશ શ્રી મધુબહેન નોંધ અને મુસદ્દા લેખન, તથા નાગરિકો અને સરકારમાં પત્રવ્યવહાર વિષય ઉપર તાલીમાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન આપી ગયા તથા પ્રેક્ટિકલ પણ કરાવ્યું.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૩૧ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી ધરતીબહેન જોગરાણા તાલીમાર્થીઓ સમક્ષ રાત્રી પ્રવૃત્તિમાં પી.પી.ટી. દ્વારા રસપ્રદ રીતે ખગોળ વિજ્ઞાનની સમજ આપી અને તાલીમાર્થીઓને એક નવી રીતે આકાશને નિહાળતા કર્યા.

**આંબલા સમાચાર**

- તા. ૨૬-૦૬-૨૪ના રોજ વ્યવસ્થાપક સમિતિ બેઠક મણાર મુકામે યોજાઈ ગઈ.
- તા.૨૮-૦૬-૨૪ને શુક્રવારના રોજ શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા- આંબલામાં શાળા પ્રવેશોત્સવ જિલ્લાનાકલેક્ટરશ્રી આર.કે. મહેતા સાહેબના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ તકે લાલજીભાઈ નાકરાણી, બહોળી સંખ્યામાં ગ્રામજનો, આગેવાનો, દાતાશ્રીઓ, વાલીઓ અને શિક્ષણ જગત તથા પ્રાંત કચેરીના અધિકારીઓવિશેષ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી વાઘજીભાઈ કરમટિયાએ સંસ્થા પરિચય તથા વર્ષ દરમિયાન થતી પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો. સંસ્થાના ભાવાવરણ અને શાળામાં થતી વિવિધ સહભ્યાસિક પ્રવૃત્તિથી કલેક્ટર સાહેબ ખૂબ અભિભૂત થતાં કહ્યું 'હું નાનાભાઈ ભટ્ટ અને દર્શકની ભૂમિને વંદન કરવા આવ્યો છું. ખરા અર્થમાં શિક્ષણ અહીંયા થાય છે' કલેકટર સાહેબે વિદ્યાર્થીઓને કહ્યું હતું કે, 'તમે સદભાગી છો કે તમને જીવનમૂલ્યોના પાઠ શીખવતી સંસ્થામાં ભણવાની તક મળી. આ સંસ્થામાં ભણીને તમારી સમાજ પ્રત્યેની જવાબદારી વધી જાય છે.' તેમજ વિવિધ સરકારી યોજનાઓની પણ વાત કરી સમગ્ર કાર્યકર સ્ટાફને અભિનંદન આપી બિરદાવ્યા હતા. અંતમાં મોજીલી શાળાના વિદ્યાર્થીઓએ રાસની રમજટ બોલાવી હતી. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ રાજુભાઈ વાળાએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા લોકશાળાના કાર્યકરો તેમજ મોજીલી શાળાએ ભારે જહેમત ઉઠાવી હતી.
- તા.૦૩ના રોજ NCC એનોર્લમેન્ટ માટે ભાવનગર ૩ નેવલ એનસીસીના ઓફિસર આવેલ અને વિદ્યાર્થીઓને એનસીસીમાં જોડાવાનું મહત્ત્વ તેમજ તેના વિષે માહિતી આપેલ. ત્યાર બાદ વિદ્યાર્થીઓનું સિલેકસન કરેલ.
- તા. ૦૩ના રોજ પીડીલાઇટ ઈન્ડસ્ટ્રીઝ- મુંબઈના ૦૪ બહેનો અને ૧૦ ભાઈઓની એમ કુલ ૧૪ વ્યક્તિની ટીમ શ્રી સ્મિતાબહેન દલવીની આગેવાનીમાં સંસ્થા શુભેચ્છા મુલાકાતે આવી ગઈ સંસ્થાનું ભાવવરણ તેમજ કાર્યોથી ખૂબ પ્રભાવિત થયેલ.
- તા. ૦૪ના રોજ વાંગધ્રા મુકામે શ્રી લવજીભાઈ મકવાણાના પ્રમુખ સ્થાને અને શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીની અધ્યક્ષતામાં સૌરાષ્ટ્ર લોકશાળા

સંઘની વાર્ષિક બેઠક યોજાયેલ. ૨૦ જેટલી સંઘ સાથે જોડાયેલ લોકશાળાના સંચાલકો અને આચાર્યશ્રીઓ હાજર રહેલ. બેઠકમાં વર્ષ ૨૦૨૪-૨૫નું આયોજન, રેલી સ્થળ અંગે તેમજ જરૂરી પ્રશ્નો વિષે ચર્ચા કરવામાં આવી.

- સરકારશ્રી તરફથી આપણી શાળામાં ૪ સ્માર્ટ બોર્ડ તેમજ ૪ લેપટોપ મળેલ છે. તેમાં Melzo સોફવર દ્વારા આપણી શાળામાં શૈક્ષણીક ટેકનોલોજીનો શુભારંભ કર્યો છે.
- તા. ૦૯થી તા. ૧૫ દરમિયાન સંસ્થાના હેતુઓ, શૈક્ષણીક કાર્યક્રમો અને સહઅધ્યન પ્રવૃત્તિઓદ્વારા મૂલ્યાભિમુખ શિક્ષણ અપાય છે તેનો ખ્યાલ આપવા માટે અભિમુખતા શિબિરનું આયોજન કરેલ તેમાં દરરોજ એક તજજ્ઞ દ્વારા વક્તવ્ય આપવામાં આવતું. પ્રથમ દિવસે ઉદઘાટન બેઠકમાં શ્રી લાલજીભાઈ નાકરાણીએ "સંસ્થા પરિચય તથા પૂર્વભૂમિકા" અને શ્રી મુકેશભાઈ મહેતાએ "શ્રમ અને સ્વાવલંબન" જ્યારે બીજી બેઠકમાં લોકભારતીના અધ્યાપક શ્રી વિશાલભાઈ જોશીએ "જીવાતા જીવન સાથે અનુબંધની કેળવણી" તા. ૧૧ના રોજ પ્રથમ બેઠકમાં શ્રી નરેન્દ્રભાઈ મકવાણાએ "સંસ્થાનો ઉદેશ અને આધસ્થાપકો" જયારે બીજી બેઠકમાં લોકભારતીના અધ્યાપક શ્રી નિતિનભાઈ ભીંગરાડીયાએ "ગ્રામાભિમુખ કેળવણી દ્વારા ગ્રામોધ્ધાર" તા.૧૨ના રોજ પ્રથમ બેઠકમાં પૂર્વ ઉપનિયામક મેહુલભાઈ ભટ્ટએ "નઈ તાલીમ અને નવી શિક્ષણનીતિ" બીજી બેઠકમાં પૂર્વ શિક્ષક શ્રી અશોકભાઈ ડાભીએ "સંસ્થાની દિનચર્યામાં વૈજ્ઞાનિકતા" તા.૧૩ના પૂર્વ આચાર્ય શ્રી ભાનુભાઇ ભટ્ટએ "છાત્રાલય સમૂહજીવન સહશિક્ષણ" અને તા. ૧૫ના રોજ પ્રખર લેખક શ્રી મનહરભાઈ ઠાકર દ્વારા "વ્યક્તિ નિર્માણ અને ચારિત્ર ઘડતર" આમાં અલગ અલગ વકતાઓએ અલગ અલગ વિષયો પર વિધાર્થીઓને સંસ્થા અને તેના કર્યો પાછળના વૈજ્ઞાનિક કારણો વિષે વકતવ્યો આપેલ છેલ્લા દિવસે ગઢડાની એમ.એમ.શાહ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ ડૉ.કાનાણી સાહેબ તેમજ એ શાળાના શિક્ષક શ્રી વઘાસિયા તેમજ શ્રી ગોહિલ સાહેબ ઉપસ્થિત રહેલ. સમગ્ર શિબિર દરમિયાન સંચાલન વિધાર્થીઓ દ્વારા કરવામાં આવેલ છે.
- તા. ૧૩ના રોજ મોજીલી સ્વનિર્ભર પ્રાથમિક શાળાના બાળકો દ્વારા અનીડા રોડ તથા આંબલાના તિરુપતિ મંદિર રોડની બંને બાજુએ આશરે ૫૦ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવેલ.
- તા. ૨૦ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી નિમિત્તે શ્રી શિવકુંજ આશ્રમ જાળિયાનાં વક્તા કથાકાર શ્રી વિશ્વાનંદ માતાજીએ ઉદ્‌બોધન કર્યું. શ્રી વાઘજીભાઈ કરમટિયાએ ગુરુપૂર્ણિમા પ્રસંગે સંસ્થાનાં સ્થાપક શ્રી નાનાદાદા ભટ્ટ સહિત ગુરુઓનું સ્મરણ કરી વિદ્યાર્થીઓને ગુરુ સંદેશ અને વિવેક ભાન સાથે આગળ વધવાં જણાવ્યું. સંગીત વૃંદ દ્વારા ગુરુગાન પ્રસ્તુત થયેલ.
- તા. ૨૦ના રોજ રાજસ્થાન જયપુરથી દાતા શ્રી સોહનલાલ તથા તેમના ધર્મપત્નીશ્રી સુમિત્રાદેવી સંસ્થા મુલાકાતે આવેલ તેઓએ વિદ્યાર્થીઓને કાપડનું વિતરણ કરેલ.
- તા. ૨૩ના રોજ બહેનોના જાગરણ નિમિત્તે આંબલામાં તિરુપતિ મંદિરએ સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાએલ તેમાં શ્રી અગરસંગભાઈ તેમજ તેમની ટીમે વિદ્યાર્થીઓને ખૂબ મોજ કરાવેલ.
- તા. ૨૪ના રોજ પૂ. સ્વ.નાનાભાઈ ભટ્ટના દીકરા સ્વ.ભરતભાઈ ભટ્ટ (ભ.ના.ભટ્ટ)ની નાની દીકરી સ્વ.નિશિગંધા (નિશુબહેન) સ્વર્ગવાસ

થયેલ તેમને લોકદક્ષિણામૂર્તિ પરિવારએ પ્રાર્થના અનુસંધાને તેમના આત્માને શાંતિ માટે શ્રધ્ધાંજલિ અર્પણ કરેલ.

- તા. ૨૭ના રોજ ખજાનાની શોધમાં વિદ્યાર્થીઓ ડુંગરોને ખુંદતા કુદરતના ખોળે રમતા અને પ્રકૃતિનો આનંદ માણતા વાંકીયા હનુમાજી આશ્રમએ પહોચ્યા હતા અને બપોરનું ભોજન ત્યાં લીધું હતું. ત્યાર બાદ શ્રી ભરતભાઈ દવે એ સંગીત સાથે મજા કરાવી.
- તા. ૨૬ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળાના અંડર-૧૯ કબડ્ડી ટીમ તાલુકા લેવલે ટાણા મુકામે રમવા ગયેલ ત્યાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. આગામી તા. ૦૭-૦૮-૨૪ના રોજ જિલ્લાકક્ષાએ ભાગ લેવા જશે.
- તા. ૨૮ના રોજ માઈધાર મુકામે Melzo સોફ્વર સંદર્ભની તાલીમમાં લોકશાળાનો સ્ટાફ જઈ આવ્યો.
- તા. ૨૮ના રોજ ભાવનગર જિલ્લા શિક્ષણ કચેરી દ્વારા યોજાયેલ શૈક્ષણિક અધિવેશનમાં ભાવનગર અક્ષરવાડી ખાતે ગણિત વિજ્ઞાનના શિક્ષક શ્રી નરેન્દ્રભાઈ મકવાણા જઈ આવેલ.
- તા. ૩૧ના રોજ  શ્રી પાર્થેશભાઈ પંડ્યાએ પ્રાર્થનામાં વિદ્યાર્થીઓ સાથે પ્રાસંગિક વાતો કરી.

**મણાર સમાચાર**

- લોકશાળા મણારના ખેતી વિભાગના ચોકીદાર શ્રી બળદેવસિંહ ગોહિલનું તા. ૨૯/૦૬/૨૦૨૪ ના રોજ અવસાન થતા સમગ્ર સંસ્થા પરિવાર દ્વારા શ્રધાંજલિ પાઠવવામાં આવી.
- તા. ૫ ના રોજ ૩ GUJARAT NAVAL NCC ભાવનગર ખાતેથી સ્ટાફ આવીને પ્રથમ વર્ષના કેડેટ્સનું એનરોલમેન્ટ કરી ગયા.
- તા. ૫ના રોજ વિદ્યાર્થી મંડળની પ્રથમ આમસભા યોજાઈ ગઈ.
- તા. ૧૦ના રોજ હનુમંત હોસ્પિટલ કળસારથી ડૉક્ટરોની એક ટીમ આવીને અહીના બાળકોને પ્રાથમિક સારવાર અને પી.સી.આર ની તાલીમ આપી ગઈ.
- તા. ૧૨ના રોજ ''વર્ષાગીતો''નો કાર્યક્રમ યોજાયો તેમજ પીડીલાઈટ દ્વારા અગાઉ યોજવામાં આવેલ ચિત્રસ્પર્ધાના વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે ઇનામ આપવામાં આવ્યા.
- તા. ૧૬ના રોજ શાળાએથી 'પહોરીઆઈ' સુધીનો 'વન ડે કેમ્પ'-પગપાળા પ્રવાસ યોજાઈ ગયો. NSSના સ્વયં સેવકો દ્વારા સમગ્ર પરિસરની સફાઈ તેમજ પ્લાસ્ટિક વેસ્ટ નિકાલ કરવામાં આવ્યો.
- તા. ૨૧ના રોજ શાળામાં 'ગુરૂપૂર્ણિમા' દિવસ ઉજવાયો. મુખ્ય મહેમાન શ્રી મનહરભાઈ ઠાકરે ગુરુ વિશે પ્રવચન આપ્યું.
- શાળામાં તા.૨૨થી ૨૮સુધી ''શિક્ષા સપ્તાહ''અંતર્ગત દરેક દિવસને વિવિધ રીતે ઉજવવામાં આવ્યો.
- તા. ૨૫ના રોજ જસપરા હાઈસ્કુલ તેમજ લોકશાળા મણારના સ્ટાફગણને સ્માર્ટબોર્ડમાં ટેકનોલોજીનો તેમજ મેલઝો એપનો ઉપયોગ કેવી રીતે કરવો તેની તાલીમ આપવામાં આવી.
- તા. ૨૯ના રોજ સમગ્ર સ્ટાફ-ગણ માઈધાર મુકામે મેલઝોની ઉપયોગિતાની તાલીમ માટે જઈ આવ્યા.

**માઈધાર સમાચાર**

- તા. ૨ના રોજ સાંજે પ્રાર્થનામાં શ્રી ભરતભાઈ દવે દ્વારા ભારતના ગૌરવ સમાન સુનિતા વિલિયમ્સની અવકાશયાત્રા વિશે વિસ્તારથી વાત કરવામાં આવી.

- તા. ૬ના રોજ વર્ષામંગલ કાર્યક્રમ યોજાયો.
- તા.૭ના રોજ મુંબઈથી પીડીલાઈટની ટીમ માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગઈ.
- તા. ૧૨ના રોજ PHC સેન્ટર રાજસ્થળીમાંથી આરોગ્ય કર્મચારી શ્રી અક્કિલભાઈ દ્વારા વિદ્યાર્થીઓને મચ્છરજન્ય રોગોથી સાવધાની અને કેવી આપણે તકેદારીઓ રાખવી જોઈએ તેમની વિગતે વાત કરવામાં આવી હતી.
- તા. ૧૯ના રોજ વિદ્યાર્થીઓને ફાયરસેફટી અંગે માર્ગદર્શન અને નિદર્શનનો કાર્યક્રમ યોજાયો.
- તા. ૨૧ના રોજ ગુરુવંદના કાર્યક્રમ યોજાયો. જેમાં પ્રથમ બેઠકમાં ડૉ. બળવંતભાઈ તેજાણીનું વ્યાખ્યાન અને બીજી બેઠકમાં નિબંધ અભિવ્યક્તિ, ચિત્ર અભિવ્યક્તિ, વકતૃત્વ અને મહેંદી અભિવ્યક્તિ જેવા કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ માટે યોજાયા.
- તા. ૨૪ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાંથી પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ અને અધ્યાપકો માઈધાર કેન્દ્રની પ્રવૃત્તિ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, મોજીલું શિક્ષણ પ્રવૃત્તિ દ્વારા શીખ્યા. શ્રી ભાવનાબેન પાઠકે પર્યાવરણ શિક્ષણ દાર્શનિકપાઠ વિશે વિગતે વાત કરેલ.
- તા.૨૪થી ૨૬ દરમિયાન આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાંથી શ્રી યુવરાજભાઈ અને શ્રી ઘનશ્યામભાઈ ગણિત તાલીમ માટે ધોળકા જઈ આવ્યા.
- તા. ૨૫નાં રોજ શ્રી પી.કે.લહેરીસાહેબ, શ્રી અરુણભાઈ દવે, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા. વિદ્યાર્થીઓ સાથે શ્રી પી.કે.લહેરી સાહેબે વાર્તાલાપ કર્યો.
- તા.૨૬ના રોજ શ્રી અરુણભાઈ દવેએ નોર્વે દેશની પ્રવાસ સંદર્ભે પ્રાસંગિક વાતો કરી.
- તા. ૨૬ના રોજ પીડીલાઇટમાંથી શ્રી ગૌરીબહેન સ્કિલ ડેવલોપમેન્ટ સેન્ટર અંતર્ગત મુલાકાતે આવી ગયાં.
- તા. ૨૮ના રોજ CEEમાંથી શ્રી અયુબભાઈ અને શ્રી હસમુખભાઈ અહિંસા કેળવણી કાર્યક્રમ અંતર્ગત આવી ગયા અને વિદ્યાર્થી સમક્ષ પર્યાવણ જાગૃતિ અંગે વાત કરી.
- તા.૨૯ના રોજ Melzo સોફ્ટવેર અંતર્ગત માઈધાર, આંબલા, માણાર કેન્દ્ર કાર્યકરોની એક તાલીમ યોજાઈ ગઈ.
- તા.૩૧ના રોજ ગણેશ શાળા ટીમાણાથી શ્રી બટુકભાઈ સંસ્થા મુલાકાતે આવી ગયા.

**શ્રધ્ધાંજલિ**

- લોકશાળા મણારના ચોકીદાર શ્રી બળદેવસિંહ ગોહિલનું દુઃખદ અવસાન તા. ૨૯-૦૬-૨૦૨૪ ના રોજ થયેલ છે.
- લોકભારતીના પૂર્વ કાર્યકર સ્વ.ભરતભાઈ ભટ્ટની નાની દીકરી સ્વ.નિશિગંધાનું અમદાવાદ મુકામે તા. ૨૪-૦૭-૨૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- વૈજ્ઞાનિક ડૉ.પંકજ જોશીના માતુશ્રી અરૂણાબહેનનું તા. ૨૪-૭-૨૪ના રોજ દુઃખદ અવસાન થયું છે. અરૂણાબહેન આઝાદી ચળવળના લડવૈયા હતા.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માઈધારની મુલાકાતે પધારેલ
દેશના પ્રથમ પંક્તિના સંવેદનશીલ વહીવટદાર, લેખક, ઉત્તમ વક્તા અને વૈશ્વિક પ્રવાહોના અભ્યાસુ
એવા ગુજરાત રાજ્યના પૂર્વ અગ્રસચિવ શ્રી પી. કે. લહેરીસાહેબ










## આ. શ્રી પી.કે. લહેરીસાહેબની પ્રોત્સાહક પ્રસન્નતા

The experiment at Pandit Shukhlalji Lokvidyalaya is not limited to science and mathematics but also covers various events, festivals and social work. There is great emphasis on cleanliness, self-reliance, manual work and productive activities. Pandit Shukhlalji Lokvidyalya- Maidhar, also promotes harmony, a commitment to care and share, as well as respect for others and their views.

I can say without hesitation that Pandit Shukhlalji Lokvidyalaya- Maidhar, is an experiment that needs to be replicated if we want to make India a true Vishwaguru. I must commend all the donors and supporters of this great educational experiment. The entire team at Maidhar deserves our congratulation and gratitude.

- P. K. Laheri





TO.

From :


**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-